

સત્ય પ્રકાશ

ઈમામશાહી / પીરાણા સતપંથનો ઇતિહાસ
અને તેનો હિંદુ ક.ક.પા. જ્ઞાતિ પર પ્રભાવ
ગુજરાતી ભાષામાં

વર્ષ ૨૦૧૧ આવૃત્તિ ૨



પીરાણા સતપંથના સ્થાપક - ઇમામુદ્દીન અબ્દુર રહીમ સૈય્યદ / ઈમામ શાહ બાવા / ઈમામ શાહ મહારાજ હાજર બેગ સાથે મોહમ્મદ બેગડાના દરબારમાં

ઇસ્લામના શિયા પંથનો એક ફાંટો નીઝારી અને નીઝારી પંથનો એક પેટા ફાંટો ગણાતો પીરાણા સતપંથનો ટૂંકમાં પણ વ્યાપક ઇતિહાસ તથા કચ્છ કડવા પાટીદારોના સામાજિક અને ધાર્મિક ઇતિહાસનું એક પડખું પણ દર્શાવે છે.
આ પુસ્તક સરકારી દસ્તાવેજો અને અન્ય મજબુત પુરાવાઓ પર આધારિત છે.

This page is intentionally left blank

પ્રેરણા શ્રોત...

Source of Inspiration….



This image is very special. Its very inspirational. The image depicts the mighty strength of Lord Vishnu and the blessings of Maa Laxmi.

The expression on the face of Lord Vishnu gives inner strength to me.

આ ચિત્રનું મારા માટે એક ખાસ મહત્વ છે. એ પ્રેરણા દાયક છે. આ ચિત્ર આપણને ભગવાન વિષ્ણુની મહાશક્તિઓનું દર્શન કરાવે છે. તેમજ આપણને માતા લક્ષ્મીના આશીર્વાદની પણ પ્રતીતી કરાવે છે.

ભગવાન વિષ્ણુના ચેહરાના ભાવોથી મને આંતરિક શક્તિ મળે છે.

This page is intentionally left blank

આ ગ્રંથ સમર્પિત છે...

This book is dedicated to...

સંત શ્રી ઓધવરામજી મહારાજ

Sant Shri Odhavramji Maharaj



A true saint, a heavenly soul.
His unselfish work for the cause of Sanatan Dharm, brings blissful tears in the eyes of people.
He was the person who gave the strategy and the idea to break free from the strong shackles of Satpanth religion.
Our Samaj is heavily indebted to this great and true saint.
As if he was born only for the upliftment of our community.

એક સાચા સંત અને દૈવી આત્મા.
તેઓશ્રીના સનાતન ધર્મ માટે નિસ્વાર્થ સેવાભાવની સ્મૃતિ માત્રથી લોકોની આંખો લાગણીથી ભરાઈ આવે છે.
સતપંથ ધર્મની મજબુત પકડ તોડીને જ્ઞાતિને સનાતન ધર્મ તરફ વાળવાની રણનીતિ આપનાર આજ મહાન સંત છે.
આપણો સમાજ આ મહાન સંતનો સદાયમાટે ઋણી રહશે.
જાણે આપણી જ્ઞાતિની સેવા કાજે જ આ મહાન સંતશ્રીએ જન્મ લીધો હતો.

This page is intentionally left blank

સમાજના આદ્ય સુધારક, શ્રી નારાયણજી રામજી લીંબાણી
Aadhya Sudhark of Samaj, Shri Narayanji Ramji Limbani



A great visionary and socio-religious activist.
Thanks to his efforts that we realised about our great Sanatan (Hindu) religion and the history of our Community.
He was the pioneer of the religio-socio-economic revolution in our community.

એક મહાન દૂરદર્શી તેમજ મહાન સમાજ અને ધર્મ સેવક.
જેઓશ્રીના અથાગ પ્રયત્નોના કારણેજ આપણને આપણો મહાન સનાતન ધર્મ અને જ્ઞાતિના ઇતિહાસની પ્રતીતિ થઈ.
જ્ઞાતિમાં ધાર્મિક, સામાજિક અને આર્થીક ક્રાંતિ લાવવાવાળા પ્રથમ અગ્રણી.

This page is intentionally left blank

વીર જ્ઞાતિ સેવક, શ્રી રતનશી ખીમજી ખેતાણી
Veer Gnati Sevak, Shri Ratanshi Khimji Khetani



The most dedicated and a great person, who sacrified his life and wealth, for the noble cause of our Community and Santan Dharm.
By his work, he was responsible for ensuring that the Community sucessfully re-embraces Sanatan Hindu Religion and returns to the roots of its ancestors.
Without him we would not have come back to our original Sanatan religion.

સનાતન ધર્મ અને જ્ઞાતિ માટે પોતાનું જીવન અને મિલકતોનો ભોગ આપવાવાળા એક સાચા અર્થમાં સમર્પિત અને મહાન વ્યક્તિ.
પોતાના કર્મ દ્વારા, જ્ઞાતિ સફળતા પૂર્વક સનાતન હિંદુ ધર્મનો અંગીકાર કરી અને પોતાના પૂર્વજોના મૂળ સમજી શકે તેવું, સુનિશ્ચિત કરનાર મહા માનવ.
જો આપશ્રી ન હોત તો કદાચ આજે આપણે સનાતની બની શક્યા ન હોત.

This page is intentionally left blank

સત્ય પ્રકાશ

ઈમામશાહી / પીરાણા સતપંથનો ઇતિહાસ
અને તેનો હિંદુ ક.ક.પા. જ્ઞાતિ પર પ્રભાવ

તા. ૦૬-સપ્ટેમ્બર-૨૦૧૧
આવૃત્તિ ૨

ISBN 978-93-5067-168-9
9 789350 671689 >

All credits to Real Patidar

Real Patidar Books

a "Real Patidar Movement" initiative

Satya Prakash
(The True Light)
History of Pirana Satpanth or Imamshahis
and its influence on Hindu K.K.P. Community
Release Date: 06-Sep-2011
Edition: 2

Second edition: 06-Sep-2011
(Supersedes first edition dated 20-Apr-2011)
Published by: www.realpatidar.com
mail@realpatidar.com

CAUTION: As part of Taqiyaa and further as expected with intention to bring disrepute to this people's movement, some people have conspired and created online ids with the aim of confusing and fooling people. Some of these ids are realpatidarr@gmail.com, realpatidaar@gmail.com, real-patidar@googlegroups.com. This movement does not have any connection with the email ids mentioned here above.

નિવેદન

દરેક વ્યક્તિ ક્યારેક ને ક્યારેક તો પોતાનો અને પોતાની સમાજનો ઇતિહાસ જાણવા ઉત્સુક થતો હોયજ છે. ભણતર દરમ્યાન તો ફક્ત દેશ અને સામાન્ય ઇતિહાસનું જ્ઞાન મળે છે. આપણી જ્ઞાતિ અને સમાજના ઇતિહાસ વિષે મારૂં જ્ઞાન બહું સીમિત હતું.

આપણી જ્ઞાતિ એટલે, શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ. આપણી જ્ઞાતિએ પોતાના લોકોને સાચો ઇતિહાસ સમજાવવાનું મહત્વ ક્યારેય ધયાનમાં લીધું નથી. નાનપણથી જેમ મોટો થયો, ત્યારથી ઇતિહાસના બારામાં મને એટલુંજ સાંભળવામાં મળ્યું હતું કે આપણી જ્ઞાતિ, જેનો મૂળ ધર્મ સનાતન ધર્મ હતો, તે ઈરાન દેશથી આવેલ, ધર્મે મુસલમાન, ઈમામ શાહ બાવા દ્વારા બતાવેલ, શિયા મુસલમાન ધર્મનો એક ફાંટો ગણાતા નીઝારી ઈસ્માઈલી ધર્મનો પેટા ફાંટો ગણાતો સતપંથ ધર્મ પાળતી હતી. જેને ઈમામશાહી કે પીરાણા સતપંથ તરીકે પણ ઓળખવામાં આવે છે. જ્ઞાતિ જનો, અમુક દાયકા પહેલાં, પાછો સનાતન ધર્મ અંગીકાર કરીને, પાછા હિંદુ બની ગયા છે. સમાજનો/જ્ઞાતિનો સાચો ધાર્મિક ઇતિહાસ જાણવાવાળા લોકોનો વર્ગ સીમિત હતો.

હું હંમેશા એમજ ધારતો હતો કે જ્ઞાતિ અને સમાજ એકજ ગણાય. બીજી બાજુ, આપણી જ્ઞાતિમાં, સનાતન સમાજ અને સતપંથ સમાજ, એમ બે સમાજોના બારામાં પણ વાતો સંભળાતી હતી. પણ કોઈ દિવસ એ વાત પાછળની છણાવટ જાણવાનો મેં પ્રયત્ન ના કર્યો. જ્ઞાતિ અને સમાજ એકજ વસ્તુના બે નામ સમજી એના પર ધ્યાન ના આપ્યું. ત્યારે સતપંથીઓ દ્વારા સનાતન સમાજના લોકોને, એક ઊંડી યોજના પૂર્વક, ષડયંત્ર મારફત, ખોટી રીતે હેરાન કરવાના બનાવો સાંભળવામાં આવતા રહેતા. આ બનાવો એટલા વધતા ગયા કે લગભગ કચ્છના દરેક ગામોમાંથી આવા બનાવો વિષે સાંભળવામાં આવતું. નિર્દોષ લોકોને, તદ્દન અને હડહડળતા જુઠાણા ધરાવતા ખોટા પોલીસ અને કોર્ટ કેસોમાં ફસાવીને, સનાતન ધર્મના કર્યકર્તાઓને ડરાવવાનું ષડયંત્ર રચેલું દેખાવા લાગ્યું. આવા કિસ્સાઓ ધીરેધીરે વધતા ગયા. છેલ્લે અતિ દુઃખ સાથે જાણવા મળ્યું કે આપણી જ્ઞાતિમાં ભાગલા છે અને તેમાં બે સમાજો છે અને બીજો સમાજ હતો સતપંથ સમાજ, જે ઈમામ શાહ બાવા દ્વારા બતાવેલ સતપંથ ધર્મ પાળતો હતો.

આપણી સમાજ, એટલે શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ, ના ૫૦ વર્ષ પૂર્ણ થવાની પૂર્વ સંધ્યા દરમ્યાન, સતપંથીઓ દ્વારા થતી કનડગતના ઘણા કિસ્સાઓ સામે આવવા લાગ્યા. આવી કનડગતના કારણે સામાન્ય લોકોની લાગણીઓ દુભાવા લાગી. લોકોમાં ખુબ મોટો રોષ જાગ્યો. ધાર્મિક

ઇતિહાસ જાણવાની ઉત્કંઠા એટલી વધતી ગઈ કે મને સતપંથ ધર્મ અને તેના મૂળ સિધાંતો અને મૂલ્યો પર સંશોધન કરવા મજબૂર થવું પડ્યું.

જયારે મને ખબર પડી કે પીરાણા સતપંથ, ઇસ્લામનું એક બહું અસરકારક અને ઘાતક હથિયાર, જેણે “તાકિયા” કહેવામાં આવે છે, એ વાપરે છે, ત્યારે મને બહું મોટો આઘાત લાગ્યો કે, તાકિયા એટલે લોકોને ભરમાવવા, ભાગલા કરવા, પોતાની જાતને છુપાવવા, અન્ય ધર્મીઓને છેતરવા અને બેવકૂફ બનાવીને સતપંથ, હિંદુ ધર્મનો ફાંટો છે એમ ખોટી રીતે ઠસાવી, પોતાનો ધર્મ વધારવો. બીજી બાજુ સતપંથ ધર્મમાં દસોન્દ, એટલે વાર્ષિક આવકનો દસમો ભાગ, ને તેમના ધર્મ નેતાઓને આપવાનું કહે છે. તે પૈસાનો હિસાબ માંગવાનો કોઈને અધિકાર નથી. સ્વાભાવિક છે કે જેટલા વધુ અનુયાયીઓ એટલા વધુ પૈસા તેમના નેતાઓને મળે. તેમનો છુપો હેતું ચોખ્ખો દેખાઇ આવે છે, કે પોતાના અનુયાયીઓની ઘટતી સંખ્યા અટકાવવા, જ્ઞાતિના અન્ય લોકોને તાકિયા વડે બેવકૂફ બનાવીને, હિંદુ ધર્મ છે એવું ખોટું સમજાવીને, તેમણે સતપંથના અનુયાયીઓ બનાવવા. આમ કરવાથી સામાજિક અને આર્થિક વ્યવહારમાં વગર તકલીફે પોતાનો ફાયદો સુનિશ્ચિત કરી લેવાતો. જ્ઞાતિનો મોટો વર્ગ ઇતિહાસથી બેખબર હોવાના કારણે, તાકિયાનો ઉપયોગ ખુબ સફળ થયો. જ્ઞાતિનો ધાર્મિક ઇતિહાસ કહે છે કે વર્ષ ૧૯૬૦માં પીરાણા સતપંથ થી અલગ થઈ, એક સનાતની ઓળખ ધરાવતી, નવી વિધિવત સમાજ ઊભી કરવામાં આવી. તે વાત જાણે સર્વે ભૂલી ગયા હતા. આ પ્રસંગે નોંધ લેવા જેવી બીજી વાત એ પણ છે કે વર્ષ ૧૯૩૦ અને ૧૯૪૦ દરમ્યાન સનાતની સમાજના અસ્તિત્વના દસ્તાવેજો જોવા મળે છે, જેણે આગળ વધતા ૧૯૬૦માં કાયદાકીય રૂપ દેવામાં આવ્યું.

આ સમયે, ઘણા સમ વિચાર ધરાવતા લોકો, કે જેઓના મનમાં સનાતન ધર્મ માટે ચિંતા હતી, ભેગા થયા અને સતપંથી દ્વારા થતી કનડગત અને અત્યાચાર સામે આવાજ ઉઠાવવા લાગ્યા. તાકિયાના વપરાશના એક દાખલા રૂપે, આવી કનડગતની મદદથી લોકો સતપંથ ધર્મના ઇસ્લામી મૂળ વિષે સવાલો ના કરે, તેવાં પ્રયાસો કરવામાં આવતા. સતપંથીઓના ઊંડા ષડયંત્ર અને પ્રપંચનો અભ્યાસ કર્યા પછી, વ્યક્તિગત રીતે હું, બહું બેચૈન રહવા લાગ્યો. સમાજની શાંતિ અને એક્વાયકતાને, આવા લોકોનું ગ્રહણ લાગ્યું હતું.

આપણી સમાજ વચ્ચે રહીને સનાતન ધર્મના હિત માટે કામ કરવું એટલે સતપંથીઓના વિરુધનું કામ ગણાતું. એનો મતલબ સતપંથ સમાજના લોકો દ્વારા થતી તકલીફને આમંત્રણ આપવું. આ હકીકતથી મારા વિચારોને સહેજ રોક લાગી અને મને થયું કે કોઈ સારા બહાનાની આડ લઈ, આમાંથી છૂટી જઉં. પછી બહાનું કોઈ પણ કેમ ના હોય, જેમ કે સમયનો અભાવ, બીજો કોઈક વ્યક્તિ કરશે, મારેજ શુ કામ કરવું... વગેરે. પણ સમાજ માટે અને સામાન્ય લોકોના હિત માટે કંઈ કરી છૂટવાની તીવ્ર ઈચ્છા હમેશા

મારા અંદર સળગતી રહી. મારા અંદરના વિચારોએ મને શાંતિથી બેસવા ન દીધો. બીજી બાજુ સનાતન ધર્મના અન્ય કાર્યકર્તાઓને, ખોટી રીતે હેરાન કરવાની વાતો જાણીને મને લાગ્યું, કે મારે પહેલાં પોતાને આવી ખોટી કનડગતથી બચવું પડશે. તેમજ સમાજની સાધારણ વ્યક્તિ હોવાના કારણે અને સમાજના નેતાઓના પીઠબળના અભાવે સનાતન ધર્મના હિત માટે ખુલ્લે આમ કાર્ય કરવું એ એક મૂર્ખતા ભર્યું કાર્ય ગણાશે.

આવા સંજોગોમાં મને એક યુક્તિ સુઝી. જે મારા માટે એકદમ ઉપયુક્ત હતી. મારી સાચી ઓળખ છતી ન કરીને સનાતન ધર્મના હિત માટે કામ કરવાનો એક સાચો માર્ગ મને દેખાયો. ઈન્ટરનેટ જેવી આધુનિક વ્યવસ્થાનો સદઉપયોગ કરવાનો વિચાર આવ્યો. “Real Patidar” (“રીયલ પાટીદાર”)નું ઉપનામ અપનાવીને એક ઓનલાઈન ઓળખ ઉભી કરી. સમાજના લોકોને, સાચા ઇતહાસની જાણકારી આપતા ઈમેલો મોકલીને, જાગૃત કરવાનું કામ શરુ કર્યું. શરૂઆતમાં realpatidar@gmail.com ના ઇમેલ એડ્રેસનો ઉપયોગ લીધો પણ પછી ઇમેલ વધવા લાગ્યા એટલે mail@realpatidar.com ઇમેલ અડ્રેસ વાપરવાનું શરુ કર્યું. મારી માટે ઈન્ટરનેટ વાળો આ ઉપાય એકદમ સચોટ અને ઉપયુક્ત સાબિત થવા લાગ્યો. કારણકે મારી મેળે, ઘર બેઠા, સનાતની સમાજના લોકોને જાગૃત કરવાનું કામ થઈ શકતું હતું.

આ ઉપાય પ્રમાણે, જાણકારી આપતા ઇમેલો મોકલવાનું ચાલુ કર્યું અને આ પ્રક્રિયામાં જ્ઞાતિના ઇતિહાસ અને ધર્મ પર સંશોધનનું પણ કામ શરુ કર્યું. મારા સંશોધનના ફળસ્વરૂપે મળતી માહિતીઓને ઇમેલ દ્વારા સમાજના લોકો સુધી, આધાર અને પુરાવા સહીત, રજુ કરવાનું શરૂ કર્યું. ધીરેધીરે લોકો મારા કાર્યની નોંધ લેવાં લાગ્યા અને પસંદ કરવા લાગ્યા. ઘણા લોકોનો સાથ મળવા લાગ્યો. ત્યાર બાદ એક ઓનલાઈન ગ્રુપ (realpatidar@googlegroups.com) ચાલું કર્યું, જેનાથી તેમાં સામાન્ય લોકો પણ ભાગ લઈ શકે. લોકોએ એટલા મોટા પ્રમાણમાં ભાગ લીધો કે આ કાર્યને એક “જન અંદોલનનું” સ્વરૂપ કહી શકાય. આ અંદોલનને **“રીયલ પાટીદાર અંદોલન”** તરીકે ઓળખવામાં આવે છે. આજે હજારો લોકો ભારે ઉત્સુક્તાથી રીયલ પરીદાર અને ઓનલાઈન ગ્રુપ પરથી આવનાર ઇમેલની રાહ જોતા હોય છે.

લોકો તરફથી મળેલ પ્રતિસાદમાં, મને મુખ્ય બે વસ્તુ જણાઈ આવી. એક એ કે આપણી સમાજના લોકોને એટલી તો ખબર છે કે સતપંથ એક મુસલમાન ધર્મ છે. પણ તેના મૂળમાં શું છે? આપણી જ્ઞાતિને કેવી રીતે છેતરવામાં આવી?... વગેરે વિષે તેઓને વિશેષ ખબર નોહતી. બીજી વાત એ હતી કે સમાજથી બહારના લોકોને સતપંથ વિષે કંઇક સમજાવવાની જો જરૂર પડે તો, એક મજબુત પુરાવા સાથે, પદ્ધતિ સર વાત રજુ કરતાં કોઈ વ્યવસ્થિત પુસ્તકની આવશ્યકતા જણાઈ. તેથી થોડા સમય પહેલાં, તા. ૨૦-એપ્રિલ-૨૦૧૧ના, સ્લાઈડ ફોર્મમાં, મે એક પ્રસ્તુતિ (કોમ્પુટરમાં કે વિડિઓમાં ચાલે એવી) તૈયાર કરી હતી. આ પ્રસ્તુતિને ધારવા કરતા ખુબ સારો પ્રતિસાદ મળ્યો. પ્રતિસાદ એટલો સારો

મળવા લોગ્યો, કે લોકો આ પ્રસ્તુતિને પુસ્તક આકારમાં છપાવવાની માગણી કરવા લાગ્યા. એટલે મે એ પ્રસુતિની સ્લાઈડને લઈને આ પુસ્તક તૈયાર કરવાનું નક્કી કર્યું અને તમારી સમક્ષ મૂકી રહ્યો છું.

કોઈનું નામ લીધા વગર હું, દરેક વ્યક્તિનો આભારી છું, કે જેમણે ઓનલાઈન ગ્રુપમાં ભાગ લીધો, જેમણે પોતાના મંતવ્યો રજુ કર્યા, મને સંશોધન માટે સામગ્રી મોકલાવી અને ધર્મના આ ભગીરથ કાર્યમાં મને સાથ આપ્યો. સમાજના સાધારણ લોકોના હિત માટે કાર્ય કરવાવાળા દરેક લોકોનો આભાર વ્યક્ત કરું છું. આવા દરેક વર્ગના લોકોના સાથ વગર આ અંદોલનને આટલી મોટી સફળતા ન મળી હોત. આના કારણે, આજે આપણે આ અંદોલનને “રીયલ પરીદાર આંદોલન” તરીકે ઓળખીયે છીએ.

મને ખુબજ ખુશી થાય છે, કે મારી મહેનત અને પ્રયાસના કારણે લોકોને અને સમાજના નેતાઓને સાચા માર્ગે પગલાં લેવામાં મદદ મળી છે. તેમજ હિમ્મત અને પ્રેરણાની અનુભૂતિ થઈ છે. તેમજ આજના આધુનિક યુગની આધુનિક તકનીકનો સમાજ માટે સદ્દુપયોગ કરી શક્યો છું. ઘણા લોકો જેઓને કોમ્પુટર કે ઈન્ટરનેટની જાણકારી નોહતી, તેવા લોકો ઈમેલ વાંચતા થઈ ગયા. તેમાંથી અમુક લોકોતો ઈમેલ લખતાં પણ થઈ ગયા. આવા નાના મોટા ઘણા ફાયદાઓ, ધીરેધીરે, સમય જતા, આપણી સમક્ષ આવશે, તેમાં બેમત નથી. મને અંતઃકરણ પૂર્વક ખાતરી છે કે આ ભગીરથ કાર્ય માટે લોકોનો સાથ, સહકાર અને પ્રોત્સાહન મળતાં રહેશે. એમજ મને ખાતરી છે કે આ આંદોલનમાં હજી ઘણા લોકો શામેલ થશે અને એક બીજાના સંપર્કમાં આવાનો ફાયદો જરૂર લેશે.

છેલ્લે આપણે એક વાત ધ્યાનમાં રાખીએ કે... આ સંઘર્ષ પુરો નથી થયો. સંઘર્ષ ચાલું છે અને બહું લાંબા સમય સુધી ચાલશે.

|| જય સનાતન ધર્મ || || જય લક્ષ્મીનારાયણ ભગવાન ||

૦૬-૦૯-૨૦૧૧

રીયલ પાટીદાર

www.realpatidar.com
mail@realpatidar.com

ડાઉનલોડ - અદ્યતન આવૃત્તિ: http://www.realpatidar.com/satyaprakash

Contents / વિષય

Sno. નં	Particulars મુદ્દાઓ	Page No. પેજ નં	Slide No. સ્લાઈડ નં
1	**Stage 1 -Era upto Imam Shah's Death** **ચરણ ૧ -ઈમામ શાહ સુધીનો કાળ**	**20**	**4**
1.1	Roots of Pirana Satpanth સતપંથનો મૂળ	21	6
1.2	Role of Imam Shah ઈમામ શાહની ભૂમિકા	24	12
1.3	Propoganda પ્રચાર પદ્ધતિ (પ્રોપગંડા)	26	16
1.4	Method of Conversion ધર્મ પરિવર્તનની પદ્ધતિ	33	30
1.5	Concept of Imam and Divine Light ઈમામ અને અખંડ જ્યોત, કે ઇસ્લામી નુર, પાછળની ધારણા	36	36
1.6	Sufi Guise સૂફી આવરણ	39	41
1.7	Sufi Spirit સૂફી ભાવ	40	44
1.8	Doctrine ધર્મ સિદ્ધાંત	42	47
1.9	Das Avatar દસ અવતાર	48	59
1.10	Literature સતપંથના સાહિત્ય	58	80
1.10.1	Ginan Literature ગીનાન સાહિત્ય	60	84
1.10.2	Dua / Kalma or Prayer દુઆ અને કલમા	63	90
2.1	**Government's Records and Researchers' Findings** **સરકારી દસ્તાવેજ અને સંશોધનકારોનો નિષ્કર્ષ**	**72**	**108**
2.2	KKP Community and Satpanth ક.ક.પા. જ્ઞાતિ અને સતપંથ	84	131
3.1	**Taqiyya** **તાકિયા**	**88**	**139**

Sno. નં	Particulars મુદ્દાઓ	Page No. પેજ નં	Slide No. સ્લાઈડ નં
3.2	Use of Taqiyaa by Pirana Satpanth પીરાણા સતપંથ દ્વારા તાકિયાનો પ્રયોગ	122	160
4	**Stage 2 -Post Imam Shah Era** **ચરણ ૨ -ઇમામ શાહ પછીનો કાળ**	**131**	**178**
4.1	Split of Imamshahis ઈમામશાહી પક્ષની ફૂટ	132	180
4.2	Role of Kaka કાકાની ભૂમિકા	135	186
4.3	Imam Shah's Lineage ઈમામ શાહની પેઢી	138	191
4.4	Revolution in KKP Community ક.ક.પા. જ્ઞાતિમાં ક્રાંતિ	141	198
4.5	Turmoil in Pirana Satpanth પીરાણા સતપંથમાં અશાંતિ	154	224
4.6	Reformed Taqiyya નવનિર્મિત તાકિયા	158	231
4.7	ABKKP Samaj's Leniency and Betrayal અ.ભા.ક.ક.પા. સમાજની ઉદારતા અને તેની સાથે દગો	163	241
4.8	Mavaal મવાળ	168	251
4.9	Re-Uprising in ABKKP Samaj અ.ભા.ક.ક.પા. સમાજમાં બીજી ક્રાંતિ	171	258
4.10	Apprehensions આશંકાઓ	182	272
--	Summary સારાંશ	184	276
--	Index અનુક્રમણિકા	188	--
--	Satpanth -Mumbai High Court Case સતપંથ વિષય પર - મુંબઈ હાઈ કોર્ટ કેસ	197	--

મૂળ અંગ્રેજી પ્રસ્તુતિનો (Presentation) ગુજરાતી ભાષામાં અનુવાદ

સતપંથ અથવા ભારતીય ઈસ્માઈલીઝમ નો ઇતિહાસ

અને તેનો હિંદુ ક.ક.પા. જ્ઞાતિ પર પ્રભાવ

ઈમામશાહી પંથ
જેને
પીરાણા સતપંથ અથવા કાકા પંથ
પણ કહેવામાં આવે છે.

www.realpatidar.com
mail@realpatidar.com

આવૃતિ: ૨
દિવસ: ૦૬-સપ્ટેમ્બર-૨૦૧૧

સામાન્ય

આ પ્રસ્તુતિ (Presentation) એવા લોકોને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યું છે, કે જેમની પાસે સતપંથ વિષય પર પુરતી માહિતી નથી. અને જેઓ ટૂંકમાં સતપંથ ધર્મનો ઇતિહાસ, સિદ્ધાંત, સાહિત્ય, માન્યતા વગેરેની માહિતી મેળવવાની ઈચ્છા ધરાવતા હોય.

- ફક્ત માહિતી અને અભ્યાસ માટે.
- નિખાલસ ચર્ચા અને વિચાર માટે.
- કોઈ પણ જાતનો ધાર્મિક અને રાજકીય પ્રચાર કે વિવાદને સ્થાન નથી.
- આ પ્રસ્તુતિને મજબુત આધાર વાળા દસ્તાવેજો, માહિતીઓ અને સુવિખ્યાત સંશોધનકારો અને લેખકોના કામ પર આધારિત બનાવવામાં આવેલ છે.
- ફક્ત કોઈકજ જગ્યાએ, ક.ક.પા. જ્ઞાતિમાં મૌખિક પરંપરા દ્વારા સચવાયેલી માહિતીનો પણ ઉપયોગ કરવામાં આવેલ છે.
- પોતાની સમજ અને વિવેક બુદ્ધિ વાપરીને આ વિષય પર પોતાના મંતવ્યો તૈયાર કરવા વિનંતી.
- સાચા સતપંથ ધર્મને અપમાનિત કરવાનો કોઈ હેતુ નથી.
- છતાંય કોઈક જગ્યાએ કંઈ વિરોધાભાષી દેખાય તો તેને કોઈ પણ ધર્મ કે સંપ્રદાય વિરુદ્ધ ન ગણી લેવું.
- આ પ્રસ્તુતિનો હેતુ સરકારી દસ્તાવેજો, સંશોધનકારો અને લેખકોના કામ પર આધાર રાખીને ફક્ત ઐતિહાસિક સચ્ચાઇઓને લોકો સામે મૂકવાનો છે.
- “સતપંથ” અને “સતપંથી” શબ્દોને એક બીજાના બદલે વાપરવામાં આવ્યા છે. જ્યાં “સતપંથ” લખ્યું હોય તેનો અર્થ “સતપંથી” થતો હોય છે.
- તેવીજ રીતે “હિંદુ” અને “સનાતન” શબ્દોને પણ એક બીજાની બદલે વાપરવામાં આવ્યા છે.
- તરીકો “DD-MM-YYYY” ફોર્મેટ માં આપવામાં આવેલ છે.

2

ચરણ

આ પ્રસ્તુતિને નીચે પ્રમાણે વિભાગોમાં વિભાજીત કરવામાં આવેલ છે;

1. ચરણ ૧: ઇમામ શાહ સુધીનો કાળ
2. સરકારી દસ્તાવેજ અને સંશોધનકારોનો નિષ્કર્ષ
3. તાકિયા
4. ચરણ ૨: ઇમામ શાહ પછીનો કાળ

3

1. ચરણ ૧

ઇમામ શાહ સુધીનો કાળ

4

મુદ્દાઓ

ચરણ ૧માં નીચે મુજબના મુદ્દાઓને આવરી લેવામાં આવેલ છે;

1. સતપંથનું મૂળ
2. ઈમામ શાહની ભૂમિકા
3. સતપંથ ધર્મનો પ્રચાર
4. ધર્મ પરિવર્તનની પદ્ધતિ
5. ઇમામ અને અખંડ જ્યોત
6. સૂફી આવરણ
7. સૂફી ભાવ
8. સતપંથ ધર્મનો સિદ્ધાંત
9. દસ અવતાર – હિંદુઓના દસ અવતારથી કેટલો વેગળો છે?
10. સતપંથના સાહિત્યો – ગીનાન અને દુઆ / કલમા

5

1.1 સતપંથનું મૂળ

એક ટૂંકી નોંધ...

6

સતપંથનું મૂળ ...

- ઇસ્લામના સ્થાપક એટલે મોહમ્મદ પેગંબરના મૃત્યુ પછી ઇસ્લામ ધર્મના બે મુખ્ય પંથ/સંપ્રદાય ઉભા થયા... શિયા અને સુન્ની.
- શિયા ધર્મ પાળવાવાળા, શિયાઓ, મોહમ્મદ પેગંબરના જમાઈ એટલે અલીને ભગવાનનો અવતાર માને છે. આ બ્રહ્માંડને બનાવનાર, અખંડ જ્યોતનો, તેમનામાં વાસ છે એવું તેવા લોકો માને છે.
- આ અખંડ જ્યોત અલૌકિક રીતે પિતાથી પુત્રમાં વંશવાર ઉતરતી આવે છે. એટલે અલીના વંશજોમાં (સીધા વંશવેલામાં) એક વ્યક્તિ પાસે આ અખંડ જ્યોત દર વખતે હોય છે.
- જે વ્યક્તિને અખંડ જ્યોતના ધારક તરીકે માનવામાં આવે છે, તેને તેવા સમયના "ઈમામ" અને તેના કારણે અલીનો જીવતા અવતાર તરીકે માનવામાં આવે છે.
- અલીના વંશમાંજ, પેઢી દર પેઢી, આ અખંડ જ્યોત ઊતરતી આવે છે.
- ધીરે ધીરે જેમ સમય પસાર થતો ગયો અને આંતરિક ઝગડાઓ, મતભેદો, ખુન જેવાં કારણોના લીધે શિયા પંથમાં ફાટફૂટ પડી.

7

... સતપંથનું મૂળ

- ઇસ્લામ -> શિયા -> ઈસ્માઈલી -> નિઝાર પંથની સ્થાપના વર્ષ ૧૦૯૪માં અલામત (હાલ ઈરાન)માં એક ઈસ્માઈલી દાઈ (પ્રચારક) હસન-ઈ સબ્બાહ દ્વારા કરવામાં આવેલ છે. હસન-ઈ સબ્બાહ ઈમામ "નિઝાર" માટે દાઈનું કામ કરતા હતા. એટલે તેના કારણે "નિઝાર" કે "નિઝારી" શબ્દનો પ્રયોગ આ પંથના નામમાં કરવામાં આવેલ છે.
- સતપંથ એ નિઝારી પંથનો એક પેટા ફાંટો કે પંથ છે.
- સતપંથની બે મુખ્ય શાખાઓ છે;
  - ખોજા -- જેઓ આગા ખાનને ઈમામ તરીકે માને છે, અને
  - ઈમામશાહી -- કે જેઓ ઈમામ શાહના વંશજોને ઈમામ તરીકે માને છે. આ પંથને "પીરાણા પંથ", "ઈમામશાહી પંથ", "કાકા પંથ", "મતિયા પંથ" અથવા "મુમના પંથ" તરીકે પણ ઓળખવામાં આવે છે.

8

કાર્ય પ્રણાલી

- ધ્યાન પૂર્વક કાળજીથી નિમાયેલા "પીર" અને "દાઈ" મારફત ઈમામ તેનું કામ કરે છે.
- ઈમામ પોતે પીરને નિમે છે. પીરને અમુક ભૌગોલિક જગ્યા આપવામાં આવે છે, જેમાં તેણે ધર્મ પ્રચાર કરવાનો હોય છે અને નવા અનુયાયી શોધીને લાવવાના હોય છે. પીરે, ઈમામને સમય સમય પર પોતાના કાર્યની પ્રગતિની જાણકારી આપવાની હોય છે.
- સરળ ભાષામાં સમજવા માટે, ઈમામની એક રાષ્ટ્રપતિની જેમ કેન્દ્રિય સત્તા હોય છે, ત્યારે પીર તેની નીચે અલગ અલગ પ્રાંતોના કલેકટરની સત્તા ભોગવે છે. અને છેવટે ઈમામને જવાબદાર હોય છે.
- બીજી બાજુ દાઈનું કામ હરી ફરી ધર્મ પ્રચાર કરી પીરની મદદ કરવાનું હોય છે.
- આવી રીતે, ઈમામ પોતાનું ઘર છોડ્યા વિના, પોતાના કામ પર પુરો કંટ્રોલ/પક્કડ રાખી શકે છે. કારણકે તેની પાસે એક વ્યવસ્થિત સંસ્થાકીય માળખું તૈયાર છે.

9

સ્થાપના – એક આછી રૂપરેખા ...

- પીર શમ્સનો પ્રપૌત્ર, પીર સદરૂદ્દીન, સતપંથના સાચા સ્થાપક હતા. પીર સદરૂદ્દીનની કબર ઉચ, પાકિસ્તાનમાં છે.
- એમના દીકરા અને ઉત્તરાધિકારી પીર કબીરુદ્દીને (અબુ કલંદર હસન કબીરુદ્દીન) તેમના પિતાના કામને આગળ વધાર્યું. તેમની કબર પણ ઉચ, પાકિસ્તાનમાં છે.
- પીર કબીરુદ્દીનના દીકરા, ઈમામ શાહ, પીરાણા સતપંથના સ્થાપક છે.

10

... સ્થાપના -એક આછી રૂપ રેખા

- સતપંથની સ્થાપના પાછળની હિલચાલ ૧૪મી સદીમાં ઈસ્માઈલી ધર્મ પ્રચારકો, કે જેઓ ઈરાન (પર્શિયા / ફારસ)થી આવ્યા હતા, તેમના દ્વારા કરવામાં આવી.
- હોંશિયાર અને ભણેલા ધર્મ પ્રચારકોએ સહુથી પહેલાં સ્થાનિક ભાષા અને ખાસ કરીને સંસ્કૃત ભાષાનો અભ્યાસ શરુ કર્યો. સાથે સાથે હિંદુ ધર્મના સાહિત્યો પર પ્રભુત્વ હાંસિલ કર્યું.
- હિંદુ ધર્મ અને ઇસ્લામ ધર્મના સિદ્ધાંતોને યુક્તિ પૂર્વક ભેળવીને, અનુયાયીઓને ઇસ્લામ તરફ લઈ જવાનો એવો રસ્તો તૈયાર કર્યો, કે જેથી ધર્મ પરિવર્તન કરવાના કાર્યમાં સરળતા રહે.
- હિંદુ ધર્મની રચના અને સિદ્ધાંતોને વર્ણવતા નવાજ પણ નકલી વ્યાખ્યાઓ તૈયાર કર્યા અને સંસ્કૃત ભાષાના શ્લોકોના ઢાળોને સ્થાનિક ભાષામાં ઢાળીને પ્રચાર કરવાનું શરુ કર્યું.
- શુદ્ધ સૂફીવાદથી લઈને શુદ્ધ હિંદુવાદના વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો.

11

1.2 ઈમામ શાહની ભૂમિકા

ઈમામ શાહ કોણ હતા?
શું તેમને "ઈમામ" તરીકે નીમવામાં આવેલ હતા?
તેમનો ભારત આવવા પાછળ મકસદ શું હતો?

12

ઈમામ શાહની ભૂમિકા ...

- ઈમામ શાહના નામમાં "ઈમામ" શબ્દ એ કંઈ પદવી સૂચક નથી. તેમને "ઈમામ" તરીકે નીમવામાં આવેલ છે એવું પણ નથી દર્શાવતું. તેમના માટે "ઈમામ" શબ્દ તો ફક્ત તેમનું પૂરું નામ "ઇમામુદ્દીન" નું સંક્ષિપ્ત રૂપ છે.
- સૈય્યદ ઈમામ શાહનો (પૂર્ણ નામ ઇમામુદ્દીન અબ્દુર રહીમ સૈય્યદ) જન્મ ઉચમાં (પાકિસ્તાનમાં) થયો હતો અને તેમની ૧૯ વર્ષની ઉંમરમાં, તેમના પિતા, પીર કબીરુદ્દીનનો, દેહાંત થઈ ગયો.

<u>લોકવાયકા પ્રમાણે, નીચે જણાવેલ વાતો મુખ્ય છે.</u>

- તેમના પિતાના મૃત્યુ વખતે ઈમામ શાહ ઉચમાં હાજર નોહતા પણ ચમત્કારિક રીતે તેમને પિતાના મૃત્યુની માહિતી મળી અને તેમની ઠાઠડીને લઈ જવાની ઘડીએ ઈમામ શાહ પહોંચી ગયા.
- ત્યાં તેમને ખબર પડી કે તેમના ૧૭ ભાઈઓએ પિતાની મિલકત વેંચી લીધી છે અને પોતાના માટે કંઈજ રાખ્યું નથી.
- તેમને એ પણ ખબર પડી કે તેમના કાકા તાજુદ્દીનને પીરની ગાદીના ઉત્તરાધિકારી તરીકે નીમવામાં આવ્યા છે.

13

... ઈમામ શાહની ભૂમિકા ...

- ઠાઠડીને આગળ વધતાં અટકાવીને ઈમામ શાહ તેમના પિતાની મિલકતમાં પોતાનો ભાગ, તેમના ૧૭ ભાઈઓ પાસેથી માંગવા લાગ્યા.
- જ્યારે તેમના ભાઈઓએ ઈમામ શાહની વાત ન માની ત્યારે ઠાઠડીમાથી એક "માળા" અને "સાકર" સાથે એક હાથ બહાર આવ્યો.
- સાથે એક આવાજ બહાર આવ્યો અને ઈમામ શાહને ઈરાન જઈને તેમના કાકા પાસેથી પોતાનો હક્ક માંગવાનું કહ્યું.
- ઈમામ શાહ તરતજ ઈરાન માટે રવાના થયા અને ત્યાં જઈને ગાદીપતિ "ઈમામ"ને મળ્યા પણ પોતાને "પીર" તરીકે ઈમામ પાસેથી નીમાવવામાં સફળ ન થયા.

14

... ઈમામ શાહની ભૂમિકા

- ઈમામ શાહ ભારત પાછા વળ્યા અને ગુજરાત તરફ રવાના થયા.
- ઈમામ શાહ અમદાવાદની બાજુમાં ગીરમાથા ગામની બહાર "પીરાણા"માં (મતલબ "પીર કા આના") આવીને સ્થાયી થયા. આ જગ્યાને ઈમામપુરા / ઈમામપૂરી પણ કહેવામાં આવે છે.
- ભારત આવીને તેમના પિતા અને દાદાનું અધૂરું રહેલું કામ આગળ વધારવાનું ચાલુ રાખ્યું.
- ચમત્કારિક શક્તિની મદદથી, ઘણા હિંદુઓને સતપંથ ધર્મ તરફ વટલાવ્યા.
- ૬૩ વર્ષની ઉમરમાં તેઓ ગુજરી ગયા અને તેમને પીરાણાની દરગાહમાં દફન કરવામાં આવ્યા છે.
- તેમની ગાદીના ઉત્તરાધિકારી તરીકે, તેમના દીકરા, નૂર મુહમ્મદ શાહને નીમવામાં આવેલ છે. તેમના નામ આગળ "નૂર" શબ્દ (Eternal Light/અખંડ જ્યોત) એ દર્શાવે છે કે, પીરાણા પંથીઓ (પીરાણા સતપંથીઓ) માટે તેઓ "ઈમામ" હતા.

15

1.3 પ્રચાર પદ્ધતિ
(પ્રોપગંડા/Propaganda)

ઈસ્માઈલી ધર્મ પ્રચારકોની સફળતા પાછળની...
એક અસરકારક રણનીતિ

16

શિયા ધર્મ પ્રચારકોને ભારતમાં મોટી સફળતા મળવા પાછળ મૂળભૂત પ્રચાર પદ્ધતિ અથવા અંગ્રેજીમાં પ્રોપગંડા

(Propaganda)

17

પ્રોપગંડા (પ્રચાર) -પૃષ્ઠભૂમિ

- ઇસ્લામ હમેશાં ધર્મ પરિવર્તન કરાવનાર રહ્યો છે અને આજે પણ એ પ્રવૃત્તિ ચાલુ છે.
- જે ગતિથી અન્ય દેશોમાં તેનો ફેલાવો થયો તે ઇતિહાસમાં અજોડ છે.
- યહૂદી, હિબ્રૂ અને અરબી ભાષી લોકોના દેશોમાં ઇસ્લામને ખૂબ સફળતા મળી.
- પણ જે દેશોમાં અલગ સાંસ્કૃતિક વિચાર ધારા ચાલતી હતી, જેમ કે યુરોપ, ભારત, ચીન વગેરે, તેમાં ઇસ્લામને ખાસ સફળતા ન મળી. પરંતુ સેંકડો વર્ષોના સમયગાળા પછીજ ધીરે ધીરે ઇસ્લામની પ્રગતિ થઈ.

18

પ્રોપગંડામાં નડતર (વિઘ્નો)

- અરબી સંસ્કૃતિ ન ધરાવતા દેશોમાં ઇસ્લામને કેવા વિઘ્નોનો સામનો કરવો પડ્યો, તેના પર નજર નાખીએ;

  1. બિન-અરબી અનુયાયી માટે વિદેશી ભાષામાં દર્શાવેલ ધાર્મિક વિચારો તેમજ વિદેશી ધાર્મિક માપ-દંડ (Standards) ને અપનાવવાં એ બધું જરૂરી હતું.
  2. વર્ણ આધારિત સામાજિક વ્યવસ્થા, જેવી કે ભારતમાં પ્રચલિત છે, તેમાં એક સમાજ વિહોણી વ્યક્તિ કે જ્ઞાતિથી અલગ થયેલ વ્યક્તિનું કોઈ અસ્તિત્વજ નથી. તેવા સંજોગોમાં સામુહિક ધર્મ પરિવર્તનજ કામ કરી શકે. એક વ્યક્તિ નહિ પણ પૂરી જ્ઞાતિ કે સમાજનું ધર્મ પરિવર્તન કરવું જરૂરી છે.

- આ વિચાર ન અપનાવાના કારણે અન્ય દેશોની તુલનામાં, ઇસ્લામને, ભારતમાં ઓછો પ્રતિસાદ મળ્યો.
- કુશળ અને ઠોસ રણનીતિ અપનાવીને, નિઝારી ધર્મ પ્રચારકોએ એવી પદ્ધતિ અપનાવી કે જેના કારણે ઉપર જણાવેલ વિઘ્નોનો ઉપાય શોધી શક્યા.

19

પ્રોપગંડા (પ્રચાર) –નડતરનો ઉપાય ...

- આવા સંજોગોમાં ધર્મ પરિવર્તન બે મુખ્ય સિદ્ધાંતો પર નિર્ભર કરે છે;

  1. *ઇસ્લામનો મતલબ અને સંદેશને કડક અરબી આવરણથી જુદું પાડવાની* સાહસિક વ્યૂહરચના.
  2. અમુક *ખાસ જ્ઞાતિને લક્ષ બનાવીને* ધર્મ પરિવર્તનના *પ્રયાસો કેન્દ્રિત કરવા.* ખાસ કરીને પછાત વર્ગ ઉપર ધ્યાન આપવું, કારણ કે અન્ય વર્ગની તુલનામાં આવા વર્ગના લોકો પર સમાજ કે જ્ઞાતિની પકડ ઓછી હોય છે.

- *ઇસ્લામના ધર્મ પ્રચારકોએ ઇસ્લામના ઉચ્ચ આદર્શોને અનુયાયીઓના પૂર્વજોના ધર્મ (એટલે હિંદુ ધર્મ) ની પરિભાષા અને સંસ્કૃતિ અનુરૂપ સમજાવ્યા.*
- હિંદુ ધર્મના પ્રચલિત અને સુંદર આદર્શો, સંસ્કારો, રીત રિવાજો, માન્યતાઓ, બંધનો વગેરેને ઇસ્લામ ધર્મના ઉપદેશોને કેન્દ્રમાં રાખી તેની આસ પાસ જોડવામાં આવ્યા.

20

… પ્રોપગંડા (પ્રચાર) –નડતરનો ઉપાય …

- વ્યક્તિગત ધર્મ પરિવર્તન અને સામુહિક ધર્મ પરિવર્તન, આ બન્નેમાં ફરક, ધર્મ પરિવર્તન કરનાર વ્યક્તિ માટેની સૂગમતાનો હોય છે. સામુહિક ધર્મ પરિવર્તનથી લોકોને ઘણીજ સરળતા થઈ પડે છે. તેમજ સાથ સોબત, સંગતની અસર અને પ્રભાવ થકી ધર્મ પરિવર્તન સહેલું થઈ જાય છે.
- સામુહિક રીતે ધર્મ પરિવર્તન થઈ શકે તે માટે ધર્મ પ્રચારકો તેમના ઈસ્માઈલી ધર્મના સંતોની ચમત્કારિક વાર્તાઓ કહી અને તેની અલૌકિક શક્તિની વાતોમાં લોકોને આંજી દે. અને પરિવર્તનનો રસ્તો સરળ બનાવતા.
- આ રીતે નવા અનુંયાયીઓ પોતાના *ગમા અણગમા અને વિરોધ છોડીને* સતપંથ ધર્મના *સનિષ્ઠ અને ચુસ્ત અનુયાયી બની* ધર્મ પ્રચારકની વાતો પાળવા તૈયાર થઈ જાય.

21

… પ્રોપગંડા (પ્રચાર) –નડતરનો ઉપાય …

- "અલૌકિક શક્તિ" અને "પરચાઓ" વાળી વાર્તાઓની મદદથી નવા અનુયાયીઓ જલદીથી નવો ધર્મ અપનાવી લે અને પોતાના અણગમા અને શંકાઓ છોડી દે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.
- *ઇસ્લામને, છેલ્લા યુગ, એટલે કલિયુગનો ધર્મ* તરીકે લોકો સમક્ષ મુકવાનો પ્રયત્ન કરવામાં આવે છે.
- હિંદુ ધર્મના સિદ્ધાંતોને ઇસ્લામમાં ભેળવવાના પ્રચાર સિદ્ધાંત મુજબ, "પહેલા ઈમામ, અલી તાલિબ"ને ભગવાન વિષ્ણુનો દસમો અવતાર તરીકે, લોકો સમક્ષ રજુ કરવામાં આવ્યા.
- તેવીજ રીતે, ઈસ્માઈલી સંબંધ જાળવીને ઈમામને (શરૂઆતથી જ) ભગવાન વિષ્ણુનો અવતાર બતાવામાં આવ્યો છે અને ઈમામને નારાયણ અને નકલંક (નિષ્કલંકી) અવતાર તરીકે નામ આપી ઓળખાવવામાં આવે છે.

22

... પ્રોપગંડા (પ્રચાર) –નડતરનો ઉપાય

- કુરાનને આખરી વેદ (અથર્વ વેદ) તરીકે જાહેર કરવામાં આવેલ છે. અન્ય ધાર્મિક પુસ્તકો અને સાહિત્યોને રદ્દ કરવામાં આવ્યા છે, તેવું જાહેર કર્યું છે.
- બીજી બાજુ ભગવાનના અવતારની હિંદુ પરંપરા ચાલુ રાખી છે.
- ખોટી વાર્તા આગળ વધારવા એવું બતાવવામાં આવ્યું છે કે અલી તાલિબ, જે ૧૦મો અવતાર છે, એ કોઈ સાધારણ ધાર્મિક નાયક નહોતો, કે જે ઇતિહાસમાં પ્રગટ થઇ પોતાના ચમત્કાર બતાવીને અનંતમાં ગાયબ થઈ ગયો.
- અલીની દૈવી શક્તિ, તેનાં ઉત્તરાધિકારી ઈમામમાં, કહેવાતા *"નિરંતર"* રૂપે, અવતાર લીધા રાખે છે.

23

પ્રોપગંડા (પ્રચાર) –રૂઢિવાદી ઇસ્લામ સાથે સંલગ્ન

શું ઉપર જણાવેલ પ્રચારના કારણે, નવો ધર્મ સ્થાપ્યો છે?

આ પ્રોપગંડા રૂઢિવાદી ઇસ્લામ સાથે કેવી રીતે સંલગ્ન છે, તે જોઈશું.

24

પ્રોપગંડા (પ્રચાર) –રૂઢિવાદી ઇસ્લામ સાથે સંલગ્ન ...

આગાઉ જણાવેલ પ્રોપગંડા સંપૂર્ણ રીતે ઇસ્લામના સિદ્ધાંતો સાથે સંલગ્ન છે.

- આપણે જાણીએ છીએ કે ઇસ્લામ હંમેશા, દૈવી અવતારને ઐતિહાસિક અને ફિલોસોફિક્ સિદ્ધાંત સાથે જોડીને, ભગવાનની *અવતાર ધારણ કરવાની એકજ પ્રક્રિયા* છે, તેવું માનવાનું પસંદ કરતો આવ્યો છે.
- આ બધું, પહેલા આદિ માનવ, બાબા આદમ, સાથે શરૂ થયું. જેને ભગવાનનો એક મહાન પેગંબર અને પ્રચારક છે તેવું બતાવવામાં આવ્યું.
- સ્થાનિક વિચારધારા અને પરિસ્થિતિ સાથે અડચણ થવાની હાલતમાં, *એવા સિદ્ધાંતને આગળ કરવામાં આવે કે, જેના પ્રમાણે હિંદુ ધર્મના દેવો અને મહાન સંતો તો ભગવાન દ્વારા "ફક્ત ધર્મ પ્રચાર" કરવા માટે, આ દેશમાં મોકલવામાં આવ્યા છે.*

25

... પ્રોપગંડા (પ્રચાર) –રૂઢિવાદી ઇસ્લામ સાથે સંલગ્ન ...

- વિષયને એક કદમ આગળ વધારતા... હિંદુ ધર્મના વિકાસ ચક્રના આખરી ચરણમાં ઇસ્લામને ઘુસાડેલ છે. અને તેવો પ્રચાર કરવામાં આવ્યો.
- કુરાન, છેલ્લો અને નિર્ણાયક વેદ (અથર્વ વેદ) છે તેવું બતાવવા લાગ્યા અને તે માટે અથર્વ વેદની ઋચાઓનું અર્થ ઘટન કુરાનની આયાતોને અનુરૂપ કર્યું.
- જેના કારણે, હિંદુઓના ભગવાનના, આથી આગાઉ થયેલ અવતારોની અવગણના કરી, છેલ્લા એટલેકે દસમા અવતારને સાચો અવતાર જાહેર કરી, તેને અગાઉના બધાજ અવતારોની ઉપરવટ છે એમ કહેવામાં આવ્યું. આ રીતે ભગવાનના અવતાર ચક્રને પૂર્ણ થયાનું જાહેર કર્યું.
- *સતપંથ એજ "સાચો ધર્મ", આવું ઠોકી બેસાડવા માટેની પ્રક્રિયામાં એવો સિદ્ધાંત રજુ કરવામાં આવ્યો કે, ઈસાઈ, યહૂદી જેવાં અન્ય ધર્મની જેમ, હિંદુ ધર્મને પણ, આ પ્રક્રિયામાં પ્રારંભિક ચરણ અથવા પૂર્વ-તૈયારી રૂપે રજુ કરવામાં આવ્યું.*

26

... પ્રોપગંડા (પ્રચાર) –રૂઢિવાદી ઇસ્લામ સાથે સંલગ્ન

- આ રીતે, શુદ્ધ ઇસ્લામની નજરથી જોઈએ તો, ઇસ્લામ અને હિંદુ ધર્મ વચ્ચેનું અંતર ઓછું કરવા માટે, ઈસ્માઈલી ધર્મ પ્રચારકોએ એક આગવી પદ્ધતિ અપનાવેલી હતી, જે ઇસ્લામના રૂઢિવાદી સિદ્ધાંતો અને વિચાર ધારા સાથે ક્યાંય ટકરાતી નથી. તેથી આવા સિદ્ધાંતો સાથે સુમેળ ધરાવે છે.
- ટૂંકમાં, પ્રોપગંડા એવી રીતે તૈયાર કરવામાં આવ્યો હતો, જેના થકી હિંદુઓના ધર્મના મૂલ્યો, સિદ્ધાંતો અને આચાર-વિચારોને ભ્રષ્ટ કરી, હિંદુઓનો પોતાના ધર્મ પર વિશ્વાસ છૂટી જાય અને સતપંથને સાચો માને.
- આ રીતે, હિંદુઓને આખરે ઇસ્લામ તરફ દોરી જતા રસ્તા પર ચાલતા કરી દેવામાં આવ્યા.

27

સંદર્ભ ...

- ઈશ્તીઆક હુસૈન કુરેશી, "ધી મુસ્લિમ કમ્યૂનિટી ઓફ ધી ઇન્ડો-પાક સબકોંટિનેંટ" (કરાચી, 1977, pp. 41-2)નામના પુસ્તકમાં લેખે છે કે,

  "દસ્તાવેજોમાં એવા ઘણા દાખલાઓ જોવા મળે છે કે જેમાં ઈસ્માઈલી ધર્મ પ્રચારકો એક બ્રાહ્મણ કે હિંદુ પુરોહિતનું રૂપ અપનાવીને જાહેર હિંદુ સિદ્ધાંતોનો વિરોધ ન કરતાં, હિંદુ ધર્મના પાયાની ધારણાઓને માન્ય રાખી ઈસ્માઈલી માન્યતાઓ પરોક્ષ અને છુપી રીતે ઘુસાડીને, ધીરે-ધીરે ધર્મ પરિવર્તન માટે રસ્તો તૈયાર કરતા."

- સંપૂર્ણ અને સખત પાલનના અભાવથી ઈસ્માઈલીઓ ક્યારેય ચિંતિત ન હતાં કારણ કે તેઓને પૂરી ખાતરી હતી કે આખરે અનુયાયીઓ સતપંથ ધર્મને સંપૂર્ણ રીતે અપનાવી લેશે જ.

28

... સંદર્ભ

- અલી અહમદ બ્રોહી "હિસ્ટરી ઓફ ટોંબસ્ટોન્સ" (હૈદરાબાદ, 1987, pp. 133-4) માં કહે છે,

  "ઈસ્માઈલી ધર્મ અપનાવનાર કોઈ પણ વ્યક્તિ ઈમામ ઉપર શ્રદ્ધા રાખી, પીર અને અલીના વંશજોને પૂજ્ય ગણી, પોતાના પરંપરાગત રીત રિવાજો, નામો, જ્ઞાતિ, ઓળખ રાખી શકે છે. આવી ઉદાર નીતિના કારણે લોહાણા, સુમરા, લંગા જેવી ઘણી જ્ઞાતિઓના લોકો ઈસ્માઈલી સતપંથ તરફ આકર્ષાયા."

29

1.4 ધર્મ પરિવર્તનની પદ્ધતિ

સતપંથના સ્થાપક... પીર સદરૂદ્દીન દ્વારા...
ધર્મ પરિવર્તન કરાવવા માટે અપનાવેલી પદ્ધતિ કેવી હતી?

30

પીર સદરૂદ્દીનની પદ્ધતિ

- "ઇસ્લામ ઇન નોર્થન ઈન્ડિયા" (અલીગઢ, 1993, p. 371) માં લેખક મુહમ્મદ ઉમર લખે છે કે,

  "હિંદુઓમાં ઇસ્લામ લોકપ્રિય થવા પાછળનું મુખ્ય કારણ એ હોઈ શકે કે, મુસ્લિમ પ્રચારકો દ્વારા નવા હિંદુ અનુયાયીઓ પર પોતાના પરંપરાગત રીત રિવાજ છોડી દેવા માટે મજબૂર ન કરવામાં આવ્યા. તેઓએ એવી પરિકલ્પના કરી કે અનુયાયીઓ પોતાની મેળે ધીરે-ધીરે બિન-ઇસ્લામી રીત રિવાજો છોડી દેશે. આના કારણે હિંદુ દ્વારા ઇસ્લામ ધર્મ અપનાવ્યા બાદ પણ પોતાના પરંપરાગત રીત રિવાજો પાળતા હોવાના ઉલ્લેખો મળે છે."

- તેવીજ રીતે, ગીનાનોના, સાહિત્યોના અને પરંપરાના મૂળ સાર પરથી સમજાઈ આવશે કે પીર સદરૂદ્દીનનો મુખ્ય ઉદ્દેશ લોકોનો ધીરે-ધીરે, ત્રણ (૩) ચરણમાં, ધર્મ પરિવર્તન કરાવવો હતો. જે પદ્ધતિ તેમણે અપનાવી હતી તે ખાસ પ્રકારના ધર્મ પ્રચારના ઢાંચા ઉપર આધારિત હતી.

31

પીર સદરૂદ્દીનની પદ્ધતિ
ચરણ ૧: ગર્ભાવસ્થા

- શિષ્યોને, નૈતિક અને સૈદ્ધાંતિક મૂલ્યોની મદદ દ્વારા, સતપંથ ધર્મનો સરળ બોધ આપવામાં આવતો. પ્રવચનો, ગીનાનો અને સાહિત્યોમાં, લોકોની ભાષા અને બોલીનો ઉપયોગ કરી, સ્થાનિક સાંકેતિક પરિભાષા, જેમકે અલખ નિરંજન (અવર્ણનીય), ગુરુ બ્રહ્મા (મોહમ્મદ), નર નકલંક (અલી), નર (ઇમામ), ઘટ-પાટ, જાપ વગેરેનો પ્રયોગ કરવામાં આવ્યો.
- ગ્રામ જનોની ભાષામાં, ઉત્તમ કુશળતા વાપરીને, ખાસ ગીનાનો રચવામાં આવ્યા. જેથી લોકોને તેમના પરંપરાગત ભજનો જેવી લહેજત મળે. જેમાં પીર સદરૂદ્દીન પોતાને ગુર સહદેવ અને ગુર હરીશચંદ્રની પદવી આપે છે.
- હિંદુઓને મુસલમાન બનાવવાની પ્રક્રિયાને સરળ બનાવવા પાછળ ભાર આપવામાં આવ્યો છે.

32

પીર સદરૂદ્દીનની પદ્ધતિ
ચરણ ૨: મધ્યમ અવસ્થા

- બીજા ચરણમાં, શિષ્યોને એકાંતમાં, મધ-રાત્રે, જપ કરવા માટે, ગુરુ મંત્ર / સત શબ્દ આપવામાં આવે છે.
- શિષ્યોને જાણ કરવામાં આવે છે કે, ભગવાન વિષ્ણુનો દસમો અવતાર, અલી રૂપે અરબ ખંડમાં જન્મી ચૂક્યો છે અને હાલે “ઇમામ”ના રૂપમાં ઈરાનમાં વસે છે.
- ટૂંકમાં, નવા અનુયાયીઓ સતપંથને પોતાની જૂની શ્રદ્ધાને મજબુતી આપતા પૂરક તરીકે જોતાં થઈ જાય છે. મોહમ્મદ પેગંબર અને અલીને પોતાના પૂર્વજોની પરંપરા સાથે સુસંગત સમજવા લાગે છે.

33

પીર સદરૂદ્દીનની પદ્ધતિ
ચરણ 3: પરીવર્તન અવસ્થા

- શિષ્યોને ધ્યાનમાં લીન થઈ જવા અંગે ભાર આપવામાં આવે છે.
- ત્યાર પછી, નવા અનુયાયીઓને તેમના જૂના રીત રિવાજોથી વિમુખ કરવાનું કામ પીર સદરૂદ્દીન શરૂ કરે છે. હિંદુઓની ક્રિયાઓની, તર્કના આધારે, નિંદા કરવાનું શરૂ કર્યું. જેવા કે વર્ણ ભેદ, મૂર્તિ પુજા, ધાર્મિક સ્નાન, હિંદુ ફિલોસોફીની ૬ મુખ્ય વિચાર વાળી શાળાઓ, સન્યાસ અને ત્યાગની પરંપરા, વગેરે.
- **ખરેખર, પીર સદરૂદ્દીનએ લોકોની શ્રદ્ધાનું સૌમ્ય રીતે ઇસ્લામી કરણ કરી નાખ્યું હતું. પણ તેની સાથે સાથે, તેણે લોકોની સંસ્કૃતિ સાથે ક્યારે પણ અડચણ ઊભી નહોતી કરી. આના કારણે હિંદુ જન સમુદાયે ભારતીય રૂપ ધરાવતા ઇસ્લામના સિદ્ધાંતોને અપનાવી લીધો.**

34

ધર્મ પરિવર્તન સૂત્ર

મુંબઈ હાઈ કોર્ટના ૧૮૬૬ના વિખ્યાત આગા ખાન કેસમાંથી મેળવેલ નિષ્કર્ષ

- ધર્મ પરિવર્તનના સુત્ર રૂપે ઈસ્માઈલી દાઈઓને (ધર્મ પ્રચારક) નિર્દેશન આપવામાં આવ્યું હતું કે. "જો તેમણે એક ઈસાઈને પ્રભાવમાં લઈને ધર્મ પરિવર્તન કરવું હોય તો, તેમણે યહૂદીઓના જીદ્દીપણા અને મુસલમાનોના અજ્ઞાન ઉપર લાંબી લચક વાતો કરવી. ઈસાઈ ધર્મની મુખ્ય માન્યતાઓ પર શ્રદ્ધા દર્શાવીને ધીરેથી ઈશારો મૂકી દેવો કે એ બધું સાંકેતિક છે અને તેમાં કંઈ મોટું રહસ્ય છે. તેની સાચી હકીકત ફક્ત ઈસ્માઈલી ધર્મ આપી શકે તેવી વાતો કરવી. ઈસાઈઓએ ક્યાંક સાચી વાત સમજવામાં ભૂલ કરી છે અને સાચો ધર્મ એજ છે જે ઈસ્માઈલી ધર્મ પ્રચારક બતાવે તે."
- તેવીજ રીતે, જો એક યહૂદીનું ધર્મ પરિવર્તન કરાવવું હોય તો તેમને પહેલાં, ઈસાઈ અને મુસલમાનો વિરૂદ્ધ બોલી તેનો વિશ્વાસ જીતીને કહવું કે સાચો "મસીહા" આવશે અને એ બીજો કોઈ નહિ પણ "અલી" હશે.
- **સાર: યોજના એવી છે કે પહેલાં, અનુયાયીઓના પોતાના જુના ધર્મનો પ્રચાર કરવો અને તેની સાથે ભળી તેનો વિશ્વાસ જીતી તેને ધીરે ધીરે એમ સમજાવવું કે એ જે ધર્મ પાળે છે એ ફક્ત સાંકેતિક છે. સાચો ભગવાન અલી છે અને સાચો ધર્મ શિયા મુસલમાન ધર્મ છે.**

35

1.5 ઈમામ અને અખંડ જ્યોત, કે ઇસ્લામી નૂર, પાછળની ધારણા

ભગવાન વિષ્ણુનું જીવંત રૂપ ગણાતા ઈમામોની શ્રૃંખલા...
અને બ્રહ્માંડની ઉત્પત્તિનું મૂળ ધરાવતી,
અખંડ જ્યોત (જેને ઇસ્લામમાં "નૂર" કહેવાય છે) પાછળની ધારણા

36



ઈમામ અલી
વિષ્ણુનો ૧૦મો અવતાર

આ ચિત્ર, નીચે જણાવેલ ઈંટાલી ભાષાની વેબસાઈટ પરથી લેવામાં આવેલ છે.

http://www.tradizionesacra.it/imamali-krishna-vishnu.htm

37

ઈમામ અને અખંડ જ્યોત ...

- મહત્વના કર્યો કરવા માટે, મૂળભૂત રીતે ભગવાને જેમને પસંદ કર્યા છે, તેવા પેગંબર અને ઈમામને ઇસ્લામ અને ઈસ્માઈલીઝમ ધર્મમાં પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. પછી ભલે તેઓ એક સાધારણ નાશવંત માણસજ હોય.
- આવા સાધારણ માણસો ફક્ત બૌધિક રીતે અન્યોની સરખામણીમાં ચડિયાતા હતા.
- સમય જતાં, આ ચડિયાતી બુદ્ધિ, ધીરે-ધીરે, વધુ ને વધુ દૈવી થતી ગઈ અને અન્ય વિચાર ધારાઓના પ્રભાવ તેમજ ઇસ્લામના રહસ્યમય સિદ્ધાંતોના કારણે, એ (બુદ્ધિ) અખંડ જ્યોત (જેને અરબી ભાષામાં “નૂર” કહેવાય છે) બની ગઈ.

38

... ઈમામ અને અખંડ જ્યોત ...

- જેમ સતપંથી "જમાત ખાના" (ટૂંકમા "ખાના")નું નામ બદલીને "જ્યોતિ ધામ" રાખવામાં આવ્યું, તેવીજ રીતે સતપંથી ખાનામાં બળતી "ઇસ્લામી નૂરનું" નામ પણ બદલીને "અખંડ જ્યોત" રાખવામાં આવ્યું. એનો મતલબ, સતપંથી મંદિરમાં જે અખંડ જ્યોત બળે છે, તે વાસ્તવમાં "ઇસ્લામી નૂર" છે. તેનો હિંદુ ધર્મ સાથે કોઈ સંબંધ નથી.
- "દિવ્યતા હોવાના કારણે, આ નૂર, ઈમામ અને પેગંબરમાં પ્રગટ થયું, જેના કારણે તે કાયમી અને અવિનાશી બન્યું". સિદ્ધાંત એવી રીતે વિકસ્યો કે આ નૂર, હંમેશા ઈમામ અલીના વંશમાં એક ચોકસ પરંપરામાં ગાદીપતિ પિતા દ્વારા તેના નીમાતા ઉત્તરાધિકારી પુત્રમાં, કુદરતી રીતે ઉતરતી આવે છે.
- અખંડિત પરંપરા પ્રમાણે હાલના ઈમામનું અસ્તિત્વ છે, તેવીજ રીતે ભવિષ્યમાં પણ હંમેશા અસ્તિવ રહશે. આ સંસારની રચના થઈ તે પહેલાંથી આ પરંપરામાં ક્યારેય ખંડન નથી થયું.

39

... ઈમામ અને અખંડ જ્યોત

- એના પરિણામે, અનુયાયીઓ એવું માનવા લાગ્યા કે શ્રૃષ્ટિની રચના પાછળ જે શક્તિ છે, તેજ શક્તિ "ઈમામીયત"ની અંદર છે. અને એટલા માટે પહેલો ઈમામ, એટલે અલી, અને તેનાં પછીના ઈમામો અને શ્રૃષ્ટિના રચઈતા, એટલે ભગવાન, આ બધું એકજ છે.
- એટલે, તાર્કિક રીતે, હિંદુ માન્યતા મુજબ, ભગવાન વિષ્ણુના અવતાર લેવાની શૃંખલા ચાલુ રાખીને, અલીએ અવતાર લીધાની વાતો ગોઠવી છે.

40

1.6 સૂફી આવરણ

સૂફી સિદ્ધાંતોનું ગ્રહણ કરવું...

41

સૂફી આવરણ ...

- આગાઉથી તૈયાર, *ભાવ વ્યક્ત કરવાની સુફી રીતને અપનાવીને*, લેખકોએ સતપંથ ધર્મના સાહિત્યોમાં પોતાની ભાવનાઓ અને નૈતિક મૂલ્યોને રજુ કર્યા છે.
- ત્યાર પછી, સૂફી પ્રતીક્વાદ (symbolism)નું સ્વરૂપ વાપરીને, આંતરિક કે બાહ્ય રીતે, *ચોરી છુપી* હિંદુ ધર્મમાં *પ્રતિબંધિત* અને ઇસ્લામ સંબંધી ઉપદેશોને *સાંકેતિક રીતે ઘુસાડી દેવામાં આવે છે*.
- સતપંથ સાહિત્યના લેખકોનું, સંદેશ આપવા પાછળનું લક્ષ્ય, આગાઉથી જાણયા વગર, આવા બિન પરંપરાગત સાહિત્યોમાંથી સત્ય શોધવું અને સમજી લેવું બહુજ કઠીન છે. તેથી સામાન્ય વાચક અને શ્રોતાઓ તેમાં સહેલાઈથી ફસાઈ જવાની પૂરે પૂરી સંભાવના રહેલી છે.

42

... સૂફી આવરણ

- સામાન્ય જીવનમાં પણ સૂફી આવરણનો સફળ ઉપયોગ, સતપંથી પીરો દ્વારા કરવામાં આવેલ છે.
- આજે પણ "શમ્સ તબરેઝ" કે જેમને મુલતાનમાં પીર "શમ્સ" કહેવામાં આવે છે, "હસન દર્યા" (હસન કબીરુદ્દીન) અને ઉચની બાજુના "હાજી સદર શાહ" (પીર સદરુદ્દીન) ને સૂફી પીર તરીકે માનવામાં આવે છે. જેઓ હાલના સતપંથના સ્થાપક પીરો છે.
- **પીરાણાના ઈમામ શાહને પણ સૂફી પીરની ઉપમા આપવામાં આવેલ છે.**

43

1.7 સૂફી ભાવ

સૂફી ભાવના ફાયદા અને ગેરફાયદાઓ...

44

સૂફી ભાવ ...

- સૂફી ભાવમાં બાહ્ય દેખાવ પર ક્યારેય ભાર આપવામાં આવ્યો નથી. હમેશાં સૂફીઓ દ્વારા અપાતા અન્ય ઉપદેશોને મહત્વના ગણવામાં આવેલ છે.
- ધાર્મિક જીવનમાં નૈતિક અને આધ્યાત્મિક પળો પર ભાર મુકવામાં આવેલ છે. સૂફી ભાવમાં ક્યારેય પણ દાર્શનિક ધાર્મિકતા પર વિશેષ લક્ષ્ય નથી આપવામાં આવતું.
- આ વસ્તુ એક બાજુ ફાયદાકારક હતી, ત્યારે બીજી બાજુ એટલીજ જોખમી હતી.
- પ્રભુની દૈનિક પ્રાર્થના (નમાઝ વગેરે)નો પાઠ કરવા માટે કોઈ બંધન ન હોવાના કારણે, હિંદુ અનુયાયીઓને વટલાવવાનું કામ બહુ સરળ બની ગયું.
- પણ ઇસ્લામ સાથે સંબંધ ધરાવતા બાહ્ય ચિન્હોના અભાવના કારણે, હિંદુ ધર્મની પકડ તેમના પર કાયમ રહે, તેવી શક્યતાઓ બની રહી.

45

... સૂફી ભાવ

- આના કારણે જે અનુયાયીઓ ખરી ઈસ્માઈલી વિચાર ધારાને માનતા હતા, (દા.ત. ખોજાઓ) આવા લોકો, ફેરફાર કરતા-કરતા, શુદ્ધ ઇસ્લામ ધર્મ અપનાવતા ગયા અને હિંદુ ધર્મ અને તેના રીત રિવાજો છોડતા ગયા.
- **બીજી બાજુ, જે લોકો ઈમામશાહી પીરોને માનતા હતા (ખોજાથી અલગ થયા પછી), હિંદુત્વના નિયમિત દબાવના કારણે, ઇસ્લામથી લાંબા રહેવા લાગ્યા.**
- આમાં મુખ્ય મુદ્દો એ છે કે ઇસ્લામ સાથે સંબંધ ધરાવતા બાહ્ય આચરણના અભાવના કારણે લોકો હિંદુ ધર્મ તરફ વળવા લાગ્યા.
- આ મુદ્દાના લીધે, પીરાણા સતપંથ દ્વારા **તાકિયાનો** ઉપયોગ, પોતાનો ધર્મ વિકસાવવા, વધારવા માટે કઈ રીતે ઉપયોગ કરે છે, તે આપણે આગળ જોઈશું.

46

1.8 ધર્મ સિદ્ધાંત

સતપંથના ધર્મ સિદ્ધાંત પર એક આછી નજર

47

ધર્મ સિદ્ધાંત ...

- કુરાનમાં જણાવેલ સિદ્ધાંત પ્રમાણે, સતપંથ પણ એકજ ભગવાન, એક શ્રૃષ્ટિના રચૈતાને, માને છે.
- પણ તેજ સમયે, સતપંથ હિંદુ ભગવાનના અવતારના સિદ્ધાંતનો પણ સ્વીકાર કરે છે.
- અખંડ જ્યોત કે “નૂર” (આગાઉ જણાવ્યા પ્રમાણે) જે જીવન અને અંતરાત્માનું મૂળ છે, એ એક જીવંત વ્યક્તિ પર કેન્દ્રિત થાય છે.
- આ માણસ શરીરથી સામાન્ય માણસ જેવોજ હોય છે.

48

... ધર્મ સિદ્ધાંત ...

- પણ એ અખંડ જ્યોત, અવિભાજિત હોવાના કારણે, અલગ-અલગ જગ્યાએ ટુકડામાં ન રહી શકે. એટલે ભગવાન અને જ્યોત-ધારક વ્યક્તિ વચ્ચે સંપૂર્ણ સમીકરણ હોય છે.
- આ દિવ્ય વ્યક્તિ બીજો કોઈ નહિ પણ ઈમામ હોય છે, જે અલીનો (મુહમ્મદ પેગંબરના જમાઈ) વંશજ અને ચાલી આવતી પરંપરા પ્રમાણે તેનો ઉત્તરાધિકારી હોય છે.
- ઈમામને, એક દિવ્ય તેજ ધરાવતો, લોકોનો નેતા તરીકે માનવામાં આવે છે અને દુનિયામાં હંમેશા ઈમામની હયાતી હોય તેવું પણ માનવામાં આવે છે.

49

... ધર્મ સિદ્ધાંત ...

- હિંદુઓના ચાર યુગોનો સિદ્ધાંત લઈને, સમય ચક્રને ૪ યુગમાં વિભાજિત કરવામાં આવ્યું છે.
- દરેક યુગના જુદા જુદા કાળ પ્રમાણે ભાગલા કરવામાં આવ્યા છે, જેમાં ભગવાનએ અમુક રૂપમાં અવતાર લીધો છે.
  1. પહેલો યુગ, સતયુગ, અને તેના ચાર કાળમાં મછ, કચ્છ, વરાહ અને નરસિંહ અવતાર થયા.
  2. બીજો, ત્રેતાયુગ અને તેમાં ત્રણ કાળ અને તેનાં ત્રણ અવતાર વામન, પરશુરામ અને રામ અવતાર થયા.
  3. ત્રીજો, દ્વાપર યુગમાં બે કાળ, જેમાં કૃષ્ણ અને બુદ્ધ અવતાર થયા.
  4. **છેલ્લા અને નિર્ણાયક યુગમાં, કળીયુગમાં, ફક્ત એક કાળ છે, તેમાં એકજ અવતાર "અલી"નો છે.**
- આવી રીતે હિંદુઓના ૧૦ અવતારના સિદ્ધાંતને સમજાવવામાં આવ્યો છે અને છેલ્લા કાળમાં ઇસ્લામને જ માણસ જાતનો ધર્મ બતાવવામાં આવ્યો છે.

50

... ધર્મ સિદ્ધાંત ...

- દરેક અવતાર લેવા પાછળ ભગવાનનો મુખ્ય હેતુ કોઈ ખાસ દૈત્યને મારવાનો છે.
- એવીજ રીતે, કલિયુગમાં, “કલિંગા” નામના દૈત્યને “નિષ્કલંકી (નકલંક) નારાયણ” નામના ઈમામ એટલે હઝરત અલી આવીને મારશે.
- કલિયુગ માટે અથર્વ વેદ રચવામાં આવ્યો છે અને બીજા અન્ય વેદોને રદ્દ કરવામાં આવ્યા છે, એમ કહેવામાં આવ્યું છે.

51



ચાર યુગના પૂજ્ય પાત્રોની યાદી

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत । अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् । धर्मसंस्थापनार्थाय सम्भवामि युगे युगे ॥
"ॐ नमो श्री निष्कलंकी नारायण जनार्दनाय भस्मायुधाय विद्महे दिव्यनेत्राय धीमहि, तन्नोज्वरहर: प्रचोदयात्

અ.નં.	વિગત	પહેલો સતયુગ	બીજો ત્રેતાયુગ	ત્રીજો દ્વાપરયુગ	ચોથો કલિયુગ
૧	વેદ	ઋગ્વેદ	યજુર્વેદ	સામવેદ	અથર્વવેદ
૨	યુગાન્તરસદગુરૂ	શ્રી અમરતેજ ઋષિ	શ્રી વશિષ્ઠ ઋષિ	શ્રી વેદવ્યાસ ઋષિ	શ્રી ઈમામશાહ મહારાજ
૩	ભક્તનું નામ	શ્રી પ્રહલાદ	શ્રી હરિશ્ચંદરાજા	શ્રી યુધિષ્ઠિર	શ્રી કમળાકુંવર
૪	દાનવનું નામ	શ્રી હિરણ્યકશિપુ	રાવણ	દુર્યોધન	દઈત કાલીંગો
૫	યજ્ઞનું નામ	હસ્તિદાન યજ્ઞ	અશ્વદાન યજ્ઞ	ગૌદાન યજ્ઞ	વારી યજ્ઞ
૬	આસન ઘટ-પાટ	સોનાના	રૂપાના	ત્રાંબાના	માટીના
૭	જાપ	ૐ શ્રી નરસિંહ	ૐ શ્રી રામ	ૐ શ્રી કૃષ્ણ	ૐ શ્રી નિષ્કલંકી નારાયણ
૮	વ્રત	સુદ ૧૧ને રવિવાર	સુદ ૧૪ ને મંગળવાર	સોમવતી અમાસ	સુદ ૨ને શુક્રવાર
૯	યુગનો પૂજ્ય રંગ	રક્ત વર્ણ	જરદ વર્ણ	શ્યામ વર્ણ	શ્વેતવર્ણ
૧૦	દિશા	ઉત્તર	પૂર્વ	દક્ષિણ	પશ્ચિમ
૧૧	તીર્થ	૨૪ તીર્થ	૧૮ તીર્થ	૧૪ તીર્થ	૧૨ તીર્થ
૧૨	અવતાર	(ચાર) શ્રી મચ્છ, શ્રી કૂર્મ, શ્રી વરાહ, શ્રી નરસિંહ	(ત્રણ) શ્રી વામન, શ્રી પરશુરામ, શ્રી રામ	(બે) શ્રી કૃષ્ણ, શ્રી બુધ	(એક) શ્રી નિષ્કલંકી (કલ્કી) નારાયણ
૧૩	સ્થળ પૂજા	કાશ્મીર	અયોધ્યા	ગોકુળ	કુંવારીકા ક્ષેત્ર-પીરાણા
૧૪	ક્ષેત્ર	ચરણાપુરી	લંકાપુરી	મથુરા	પંચનદી-વોઠા
૧૫	આયુધ	નખ	ધનુષ્ય	ચક્ર	તલવાર (ખાંડું)
૧૬	સતીઓના નામ	શ્રી બાઈ	શ્રી તારામતી	શ્રી દ્રોપદી	શ્રી સુરજારાણી
૧૭	નદીઓના નામ	ગંગાજી	સરયુ	યમુનાજી	સાબરમતી
૧૮	મોક્ષપદ પામ્યા	પાંચ કરોડ	સાત કરોડ	નવ કરોડ	બાર કરોડ
૧૯	મનુષ્ય અવતાર	૩૫ અવતાર	૨૫ અવતાર	૧૬ અવતાર	૮ અવતાર
૨૦	મનુષ્ય આયુષ્ય	૧,૨૦,૦૦૦ વર્ષ	૧૨૦૦૦ વર્ષ	૧૨૦૦ વર્ષ	૧૨૦ વર્ષ
૨૧	દાગ	વાયુદાગ	જળદાગ	અગ્નિદાગ	ભુમિદાગ
૨૨	યુગનું આયુષ્ય	૧૭,૨૮૦૦૦ વર્ષ	૧૨,૯૬૦૦૦ વર્ષ	૮,૬૪૦૦૦ વર્ષ	૪,૩૨૦૦૦

હિંદુ ધર્મમાં વારી યજ્ઞ જેવું કંઈ નથી, એવું કહેવામાં આવે છે.

સતપંથ પ્રકાશન સમિતિ
પ્રેરણાપીઠ-પીરાણા, તા.દસક્રોઈ, અમદાવાદ-૩૮૨૪૨૫

... ધર્મ સિદ્ધાંત ...

- સતપંથના ઉપદેશોને ગીનાન કહેવાય. ગીનાન પ્રમાણે, નકલંકી અવતાર પશ્ચિમ દિશામાંથી આવશે (અલામત, ઈરાન તરફનો સંદર્ભ)
- તેનું મુખ્ય કાર્ય દાનવો સામે લડવાનું છે અને ખાસ કરીને કલિંગા/કલિંગો ને મારીને તેના પાપનો અંત લાવશે.
- ઈમામ મહદીના હાથે કલિંગાનો વધ, એ આ અવતાર લેવા પાછળની મુખ્ય ભૂમિકા રહેશે. જેના કારણે કલિયુગનો અંત આવશે.
- ત્યાર બાદ નિષ્કલંકી નારાયણ, વિશ્વ કુંવારીકા (કુંવારીકા ધરતી) સાથે લગ્ન કરશે.
- જે જગ્યાએ લગ્ન થશે, એ જગ્યા કુંવારીકા ક્ષેત્ર તરીકે ઓળખાશે અને ત્યાં ઈમામ શાહની કબર હશે.

54

... ધર્મ સિદ્ધાંત ...

- કલિંગાને દૈત્યોના રાજા તરીકે રજુ કરવામાં આવેલ છે. પણ તેની પત્ની સુરજા રાણી (જેનો હિંદુ કલ્કી પુરાણમાં ઉલ્લેખ નથી) ધાર્મિક છે અને તેને ધર્મ પરિવર્તન કરીને સતપંથ ધર્મ અપનાવેલો છે.
- પોતાની જવાબદારી પૂરી કરવાવાળા, જે કોઈ વફાદાર અનુયાયીઓ હશે, તેઓ બચી જશે, અને એક ગુપ્ત પરંપરાના સભ્ય બનશે અને તેમને "રીખીસર" અને "મોમીન" કહેવામાં આવશે.
- ૧૨ કરોડ માણસોને (ગીનાનોમાં "૧૨ કરોડીની સોબત" નો ઉલ્લેખ છે) મોક્ષ મળશે અને પ્રભુના બતાવેલ રસ્તા પર ચાલીને અમરાપુરી (વિશેષ સ્વર્ગ) મળશે, જ્યાં ફક્ત સાચા સતપંથીઓજ જઈ શકશે.

55

... ધર્મ સિદ્ધાંત ...

- વફાદાર સતપંથીઓ હજારો વર્ષો સુધી રાજ કરશે. ભગવાન બધા જીવોના કર્મોનો હિસાબ રાખશે અને તે પ્રમાણે તેમને સજા કરશે અથવા સારા ઇનામ આપશે.
- આ મનઘડત વાર્તાનો સુર અને વ્યાખ્યા ને હિંદુ પૌરાણિક કથાઓ માંથી લેવામાં આવ્યાં છે. પછી ભલે તે કલ્કી પુરાણ હોય કે પછી ભાગવત પુરાણ જેવા અન્ય પુરાણ હોય.
- ભારત ઉપમહાદ્વીપમાં નિઝારી પરંપરાના રિવાજ પ્રમાણે, આવા હિંદુ મૂલ્યોમાં ફેરફાર કરીને તેમને ઇસ્લામી રંગ આપી દેવામાં આવ્યો. જેના કારણે શુદ્ધ હિંદુ ધર્મમાં ઇસ્લામી મૂલ્યો શામેલ કરી દેવામાં આવ્યા.

56

... ધર્મ સિદ્ધાંત ...

- ઉપરાંત, તેમની પોતાની અને ઇસ્લામી વ્યાખ્યાઓનો પણ સમાંતર વપરાશ ચાલુ રાખ્યો. જેમ કે નિષ્કલંકી અવતાર જેને "મહદી" અને "કાયમ" પણ કહવામાં આવે છે, "સ્વામી રાજા શાહ", "રીખીસર" (વફાદાર), "મોમીન" વગેરે.
- નિષ્કલંકી નારાયણની સેનામાં હિંદુ પૌરાણિક કથાઓના પાત્રો અને ઇસ્લામી વ્યક્તિઓનો સમાવેશ છે.
- હિંદુઓમાંથી મહાભારતના પાત્રો જેમ કે પાંચ પાંડવો, કુંતી, દ્રૌપદી વગેરે અને અન્ય કથાઓમાંથી રાજા હરીશચંદ્ર અને ભક્ત પ્રહલાદનો પણ સમાવેશ છે.

57

... ધર્મ સિદ્ધાંત

- ભયાનક સજાથી બચવા માટે એક વફાદાર સતપંથીની જવાબદારીમાં;
  - "પાવળ" પીવાનું આવે છે, તેમજ
  - ઈમાનદારીથી ધાર્મિક કર એટલે "દસોન્દ" અને "લાગાઓ" અચૂક ચૂકવવાનું પણ આવે છે.
- ભારતીય નિઝરીઓ દ્વારા સાચવેલી "મરણોપરાંત" વાતો અને "તારણહાર" લેખો પરથી જાણ થાય છે કે હિંદુ ધર્મની ઐતિહાસિક અને પુરાણીક વાર્તાઓ પરથી પ્રેરણા લેવામાં આવી છે. પરંતુ તેની મુખ્ય શૈલી, દિશા અને આખરી ઓપ ફક્ત ઈસ્માઈલી વિચારધારા (ફિલોસોફી) આપે છે.

58


1.9 દસ અવતાર
(સતપંથી આવૃત્તિ)

બહારથી હિંદુ રૂપ ધરાવતા સતપંથી દસ અવતારનો...
સાચા હિંદુ દસ અવતાર સાથે...
કોઈ સંબંધ ન હોવા પાછળના અમુક કારણો અને પુરાવાઓ


59




ભગવાન વિષ્ણુના અવતાર (સતપંથીઓ પ્રમાણે) દર્શાવતો શિલા લેખ




"સતપંથ" પ્રમાણે વિષ્ણુના મુખ્ય દસ અવતારો
1) મછ અવતાર
પરેમરુખ 1
શંખાવતી 2
ચંડિકા 3
મનધાતા 4
હેમપુર / દ્વારામતી 5
શંખાસુર 6
રૂષમાગત 7
માનેત -> ઉગ્રસેન -> અજાવૃત -> બ્રેસપટ -> આસોમંતરા -> પરીકમરુખ 8
2) કચ્છ અવતાર
પરીક્મરુખ 1
માનસસરોવર 5
મધુકેતાબ 6
અમરીશ 7
વંશરતન -> દકાએત -> કાજમ -> પ્રજાપત -> દાધમરૂખી 8
1 પિતા
2 માતા
3 પત્ની
4 ગોર / ગુરૂ
5 ક્ષેત્ર
6 દૈત્ય
7 રાજા
8 વંશજો
પછીની સ્લાઈડ
61




અગાઉ સ્લાઈડ
3) વરાહ અવતાર
દાધમરૂખી 1
પદ્માવતી 2
સૌમ્ય 3
એકાસુર 4
માયાપોર / ભેનકાસુર 5
મોરધ્વજ 6
ધ્રુવ 7
રૂપંક -> ખલીપત -> ગૌતમ -> અમરીખ 8
4) નરસિંહ અવતાર
અમરીખ 1
ચંદ્રાવતી 2
તુલજા ભવાની 3
અમરતેજ 4
કાશ્મીર/ ચરનાપૂરી 5
હરણ્યકશ્યપ 6
પ્રહલાદ 7
માનએત -> વંશવધાન -> લોચન -> કસમરૂખી 8
1 પિતા
2 માતા
3 પત્ની
4 ગોર / ગુરૂ
5 ક્ષેત્ર
6 દૈત્ય
7 રાજા
8 વંશજો
પછીની સ્લાઈડ
62




અગાઉ સ્લાઈડ
5) વામન અવતાર
કસમરૂખી 1
લીલાવતી 2
કોકિલા 3
સહજાનંદ 4
કોયલા પાટણ / વંથાલી 5
બલીરાજા 6
-- 7
મનધાતા -> પૃથ્વીજ -> અસરત -> જમદગની 8
6) પરશુરામ અવતાર
જમદગની 1
રેણુકા 2
-- 3
જનક વિદેહી 4
માયાપુર / કોયલા 5
શસ્ત્ર અર્જુન 6
-- 7
રઘુ -> નઘુ -> જેજાએત -> કેવલીક -> એજેપાલ -> દસરથ 8
1 પિતા
2 માતા
3 પત્ની
4 ગોર / ગુરુ
5 ક્ષેત્ર
6 દૈત્ય
7 રાજા
8 વંશજો
પછીની સ્લાઈડ
63



અગાઉ સ્લાઈડ
7) રામ અવતાર
દસરથ 1
કૌશલ્યા 2
સીતા 3
વશિષ્ઠ 4
અયોધ્યાપૂરી 5
રાવણ 6
હરીશચંદ્ર 7
લવ -> પદમ -> પરીખ -> વીરપાલ -> વાસુદેવ 8
8) કૃષ્ણ અવતાર
વાસુદેવ 1
દેવકી 2
રૂકમણી 3
વેદ વ્યાસ 4
ગોકુલ / મથુરા 5
કંસ 6
સહદેવ 7
પદમ -> સેસ્થાન -> બેલસ્થાન -> વેણી વછરાજા -> સિંહરાજા 8
1 પિતા
2 માતા
3 પત્ની
4 ગોર / ગુરુ
5 ક્ષેત્ર
6 દૈત્ય
7 રાજા
8 વંશજો
પછીની સ્લાઈડ
64



અગાઉ સ્લાઈડ
9) બુદ્ધ અવતાર
સિંહરાજા 1
રેણુકાવ 2
હરસિદ્ધિ 3
હંસરાજ 4
હિમપૂરી / કુરૂક્ષેત્ર 5
દુર્યોધન 6
યુધિષ્ઠીર 7
શીશ -> સામ -> સલુકન -> હારૂન -> અસલમ-> આદમ -> નિઝાર -> મીજાર -> અલીયાસ -> માલીઆસ -> મુલ્કાન -> કાજમ -> કહેર -> કાએમ -> ગાલીબ -> અલેબ -> કાયમ -> મોરાદ -> મુનાલેફ -> હાસમ -> મતલબ -> અબુતાલેબ 8
10) નિષ્કલંકી નારાયણ મુરતઝા અલી
અબુ તાલેબ 1
બીબી ફાતિમા 2
ફાતિમા 3
નબી મોહમ્મદ 4
દેલમ દેશ - ઈરાન / કુંવારીકા 5
કલિંગો 6
ગુપ્ત અવતાર 7
પછીની સ્લાઈડ 8
1 પિતા
2 માતા
3 પત્ની
4 ગોર / ગુરૂ
5 ક્ષેત્ર
6 દૈત્ય
7 રાજા
8 વંશજો
65



10) નિષ્કલંકી નારાયણ -હઝરત અલી
ઈમામ
હસન
હુસૈન
જેનલાબદિન
મ. બાકર
જાફર
ઈસ્માઈલ
નૂર સતગોર
નૂર સતગોર
મુસાફરીન
જમાલદિન
મુસાફરીન
મહેરદીન
હાદીન
સલાઉદ્દીન
ફાજલ શાહ
કાસમ શાહ
અહમદ શાહ
નાસીર શાહ
મુસાલક શાહ
મહબૂ
મસ્તાંગ
મહીઆધીન
મુમનશાહ
ખલકશાહ
નિઝારશાહ
ઇસ્લામશાહ
સલાઉદ્દીન
શામશુદ્દીન
શમશુદ્દીન
નસીરદિન
સાહિબદિન
સદ્રુદિન
કબીરુદ્દીન
ઈમામ શાહ
66

ઉપર જણાવેલ સ્લાઈડ પરથી જાણવા લાયક મુદ્દાઓ ...

ઉપર જણાવેલ સ્લાઈડ પરથી જાણવા લાયક મુખ્ય મુદ્દાઓ આ પ્રમાણે છે;

1. ભગવાનના પહેલા અવતારથી લઈને છેલ્લા અવતાર સુધી, દરેક અવતાર એક અખંડિત સીધી દોરીમાં / રેખામાં વર્ણવ્યા છે. એટલે મછ અવતારથી લઈને મુર્તઝા અલીને આવરીને, ઈમામ શાહ સુધીના વંશ ના બધાજ અવતારો (હરિવંશ) એકજ સીધી દોરી/રેખામાં થયો છે. (કુળ બદલાતા નથી).
2. બીજા શબ્દોમાં, ભગવાને પરંપરાગત રીતે, એકજ વંશમાં, પેઢી દર પેઢી જન્મ લીધો છે.
3. સતપંથ મુજબ, વંશજોની આ પરંપરાને "હરિવંશ" કહેવામાં આવે છે. ("હરિવંશ" મુદ્દાને ખાસ ધનમા રાખજો).
4. ભગવાને પહેલા ૯ અવતાર ભારતમાં લીધા છે.
5. છેલ્લો અને ૧૦મો અવતાર ભગવાને, ઈરાન દેશમાં, લઇ લીધો છે. કોઈ પણ હિંદુ માટે આ વાત આશ્ચર્ય જનક લાગશે.
6. હિંદુ દસ અવતાર મુજબ, ભગવાનનો દસમો અવતાર કલિયુગના અંત સમયેજ થશે. પણ સતપંથી દસ અવતારમાં ભગવાને ૧૦મો અવતાર લઈ લીધો છે.

67

... ઉપર જણાવેલ સ્લાઈડ પરથી જાણવા લાયક મુદ્દાઓ

7. ૧૦મો અવતાર બીજો કોઈ નથી. એ છે ઇસ્લામના સ્થાપક, મોહમ્મદ પેગંબરના જમાઈ, હઝરત અલી. અને અલી એજ પહેલા ઈમામ છે.
8. માણસના નાશવંત શરીરની મર્યાદાના કારણે, ભગવાન એટલે અલી, તેમના વંશજોની એક નિશ્ચિત પરંપરામાં ઉત્તરાધિકારીના રૂપે પાછા જન્મ લેતાજ રહેશે.
9. આ પરંપરાગત રીતને હઝરત અલીથી લઇને, ઈમામ શાહ અને તેમના દીકરા નર મહમ્મદ શાહ સુધી જોડવામાં આવેલ છે. જેના કારણે નર મહમ્મદ શાહને તેમના સમય કાળમાં જીવતા ઈમામ, એટલે અલીનો અવતાર, એટલે ભગવાન વિષ્ણુનો અવતાર એટલે નિષ્કલંકી અવતાર બતાવવામાં આવે છે.

68

હવે આપણે સતપંથી દસ અવતાર ઉપર પડેલો "હિંદુ પડદો" ઉપાડીને વાસ્તવિક હકીકત જોઈએ...

69

પડદો હટાવીએ ...

- પહેલો અવતાર, મછ અવતાર, એટલે માછલીના વંશમાં માણસ જન્મે અને તેમાં કચ્છ એટલે કાચબો અને પાછા માણસો જન્મે. તેના પછી વરાહ એટલે સુવર અને તેના વંશમાં માણસો અને ત્યાર પછી નર+સિંહ.
- હિંદુ ધર્મમાં, આપણે સૌ જાણીએ છીએ કે નરસિંહ અવતારમાં નરસિંહ ભગવાનના કોઈ માતા કે પિતા નહોતા. જ્યારે પ્રહલાદને તેમના પિતાએ ધખધખતા લોખંડના થાંભલાને ગળે લગાડવાનું કહ્યું ત્યારે લોખંડના થાંભલો ફાડીને ભગવાને નરસિંહ અવતાર લીધો. ભગવાન જન્મયા નહોતા તેઓ પ્રગટ થયા હતા.
- હિંદુ શાસ્ત્રોમાં ભગવાન નરસિંહના માતા પિતાનો ક્યાંય ઉલ્લેખ નથી.

70

... પડદો હટાવીએ ...

- ત્યાર પછી, સતપંથી દસ અવતારમાં, નર+સિંહના વંશમાં પાછા માણસો જન્મયા.
- ભગવાન પરશુરામએ ક્યારેય લગ્ન નહોતા કર્યા. આ વાત તો પ્રખ્યાત છે. તેઓ અખંડ બ્રહ્મચારી હતા. પણ સતપંથી દસ અવતારમાં તેઓના લગ્ન થયા હતા અને તેમના વંશજો પણ હતા.
- હિંદુઓ પ્રમાણે પરશુરામ વિષ્ણુનો, અંશ અવતાર હતા અને તેમનો અવતાર, રામ અવતારના સમય કાળમાંજ થયો હતો. પણ સતપંથીઓ પ્રમાણે પરશુરામ અવતારના વંશમાં ૭મી પેઢીએ રામ જન્મયા છે.
- હિંદુઓ માટે આ વાર્તા પૂરે પૂરી ખોટી છે અને ચોખ્ખી બનાવટી છે.
- ત્યાર પછીનો અવતાર ભગવાન રામનો છે.
- આપણે જાણીએ છીએ કે ભગવાન પરશુરામ તો એક બ્રાહ્મણ હતા, તો તેમના વંશમાં ભગવાન રામ જે સૂર્યવંશી હતા, તે કેમ જન્મયા?!

71

... પડદો હટાવીએ ...

- આગળ વધીએ..., સતપંથી દસ અવતાર કહે છે કે રામે રાવણને મારીને રાજા હરીશચંદ્રને તાર્યા.
- રાજા રામ અને રાજા હરીશચંદ્રની વાર્તાઓ આપણે સહુએ સાંભળેલી છે. બન્ને વાર્તાઓ વચ્ચે કોઈ સંબંધ નથી. તો પછી સતપંથી દસ અવતારમાં સંબંધ ક્યાંથી પેદા કરી દીધો.
- ત્યાર પછી વાત આવે છે, ભગવાન રામના વંશમાં ભગવાન કૃષ્ણનો અવતાર.
- હિંદુ પુરાણો પ્રમાણે, ભગવાન કૃષ્ણ ચંદ્રવંશી હતા અને ભગવાન રામ સુર્યવંશી. આનો અર્થ બન્ને એક વંશના નહોતા. પણ સતપંથ દસ અવતારમાં બન્નેને એકજ વંશમાં જન્માવ્યા છે.
- સતપંથી ધર્મ પ્રચારકોએ પાછી ઘોર ભૂલ કરી.

72

... પડદો હટાવીએ ...

- વંશ આગળ વધારતા એ કહે છે કે ભગવાન કૃષ્ણના વંશમાં પદ્દમાન, પછી સેસ્થાન અને બેલસ્થાન વગેરે થયા.
- પણ પદ્દમાનના દીકરા અનિરુદ્ધ તો ભૂલાઈ ગયા. અહીં પણ પાછી મોટી ભૂલ કરી નાખી.
- કૃષ્ણના ૮ માં વંશમાં બુદ્ધ અવતાર જન્માવી દીધા. પણ આપણે સહુ જાણીએ છીએ કે કૃષ્ણ અને બુદ્ધ વચે ૨૫૦૦ વર્ષોનું અંતર છે. સાધારણ રીતે ૮ પેઢી ૨૦૦ થી ૩૦૦ વર્ષોમાં થઇ જાય. પણ અહીં અંતર ૨૫૦૦ વર્ષનું છે. આ પણ સાબિત કરે છે કે સતપંથ ધર્મનો બુદ્ધ અવતાર એ સાચો બુદ્ધ અવતાર નથી, માત્ર ગપગોલું છે.
- સતપંથી દસ અવતાર કહે છે કે ભગવાન બુદ્ધએ દૂર્યોધનને માર્યો. થોડી વાર આ વાતને સાચી માની લઈએ તો પણ કૃષ્ણના ૮ મી પેઢીમાં દૂર્યોધનને માર્યો? જ્યારે આપણને ખબર છે કે દૂર્યોધન કૃષ્ણના સમયમાંજ પાંડવોએ માર્યો હતો.

73

... પડદો હટાવીએ

- સતપંથી દસ અવતાર એમ કહે છે કે ભગવાન બુદ્ધે પાંડવોને ગાય મારીને "ગૌ મેધ યજ્ઞ" કરવાનું કહ્યું.
- આખી દુનિયા જાણે છે કે "અહિંસા પરમોધર્મ"નું સુત્ર આપવા વાળા ભગવાન બુદ્ધ હતા. તો પછી ભગવાન બુદ્ધ કોઈ જાનવરને મારવાની સલાહ કેવી રીતે આપી શકે અને તે પણ પૂજ્ય ગાયને મારવાની સલાહ?
- પાંડવો અને ભગવાન બુદ્ધના વાર્તાલાપની વાર્તા, જેના પર સતપંથ ધર્મ ઉભો થયો છે, તેનો હિંદુ શાસ્ત્રોમાં ક્યાય ઉલ્લેખ નથી. ભગવાન બુધનો અવતાર હિંદુઓ પ્રમાણે કળીયુગમાં થયો છે, પણ સતપંથીએ તેમને દ્વાપરયુગમાં જન્માવી દીધા છે. (કળીયુગમાં એકજ અવતાર બતાવ્યો છે)
- આગળ વધતાં, ભગવાન બુદ્ધના વંશને મુસલમાનો સાથે જોડી દેવામાં આવ્યો.
- વિષ્ણુનો કહેવાતો દસમો અવતાર, અલી, ને ભગવાન બુદ્ધના વંશમાં જોડી દીધો. હિંદુઓ માટે કેટલું.... આઘાતજનક?

74

ભગવાને ૧૦માં થી ૯ અવતાર હિંદુઓમાં, ભારતમાં લીધા, તો પછી, સતપંથીઓ પ્રમાણે, ૧૦મો અવતાર, શા માટે મુસલમાનોમાં, ઈરાન દેશમાં લીધો?!

75

મુસલમાનોમાં ૧૦મો અવતાર શા માટે? ...

- પહેલા ૯ અવતાર ભારતમાં હિંદુઓ વચ્ચે લીધા પછી, ભગવાનને ૧૦મો અવતાર શા માટે મુસલમાનોમાં ઈરાનમાં લેવો પડ્યો? આવો સવાલ હિંદુઓ કરશેજ, એવી અપેક્ષા સતપંથના સ્થાપકોને હતીજ.
- આના માટે એક બિનબુનિયાદી, ઉપજાવી કાઢેલી અને ખોટી વાર્તા તૈયાર કરી, જે નીચે પ્રમાણે છે.
- મહાભારતનું યુદ્ધ, જેમાં ભગવાન કૃષ્ણએ ગીતાનો ઉપદેશ આપ્યો હતો અને કૃષ્ણ ભગવાનની સલાહ પ્રમાણે પાંડવોએ તેમના કૌરવ ભાઈઓનો વધ કર્યો.

76

... મુસલમાનોમાં ૧૦મો અવતાર શા માટે?

- પણ બ્રાહ્મણો આ વાતને સમજી ન શક્યા અને પાંડવોને પાપના ભાગીદાર ઠરાવ્યા. એટલે પાપથી મુક્તિ મેળવવા માટે "રાજસુય યજ્ઞ" કરવાની વાત કરી. (આ બધું પીર સદરૂદ્દીનની ગોઠવેલી વાતો છે.)
- અલ-મુનીર (d. 1333) લખે છે, "યુદ્ધ એટલેજ છેતરપીંડી..., એનો અર્થ એ કે, એક ધાર્મિક યોદ્ધા માટે, ઉત્તમ અને પરિપૂર્ણ યુદ્ધ એ છે કે છેતરપીંડીનો ઉપયોગ કરી 'સામસામેના સીધા ટકરાવ'ના મૂળ ખતરાને ટાળી, છેતરપીંડી અને દગા ફટકાનો ઉપયોગ કરી, જીત હાંસલ કરી શકાય. અને પોતાને થનારા સંભવિત નુકસાનથી પણ બચી શકાય"
- મોહમ્મદ પેગંબરે યાદગાર ઘોષણા કરી હતી કે, **"યુદ્ધ એટલે છેતરપીંડી"**

153

... તાકિયા

- હદીસ (મોહમ્મદ પેગંબરના ઉપદેશો અને કર્મોનું વર્ણન) આધારિત, એક લોકપ્રિય મુસ્લિમ કહેવત પ્રમાણે, બની શકે તો હાથથી (બળથી) જેહાદ લડવી, નહિ તો જુબાનથી લડવી (પ્રચાર કરીને) અને જો એ પણ ન થાય તો, દિલથી કે પોતાના ઈરાદાઓથી લડવી.
- *હદીસ:* "જો કોઈ કામ કરવા માટે તમે શપથ લીધા હોય અને પાછળથી બીજું કંઈ સારું લાગે, તો તમારે શપથ તોડીને જે સારું હોય એ કરવું"
- **ગેર-મુસલમાનો માટે તાકિયા એક અપ્રત્યક્ષ-શાંત અને ગુપ્ત ખતરો છે.**

154

તાકિયા અને કુરાનની વિરોધાભાષી આયાતો

કુરાનની વિરોધાભાષી આયાતોની હાજરીમાં તાકિયાનું અર્થ ઘટન કઈ રીતે કરવું?

- આપણે ધ્યાન પૂર્વક જોઈશું તો દેખાશે, કે કુરાનમાં શાંતિ અને સહનશીલતાની આયાતો શામેલ છે. બીજી બાજુ લડાઈ અને વેરભાવ ધારણ કરવાનો ઉપદેશ આપતી આયાતો પણ છે. તો પછી, એક ઇસ્લામ ધર્મીએ, કઈ આયાતોનું પાલન કરવું?
- ધ્યાન પૂર્વક વાંચનાર કોઈ પણ વ્યક્તિ, કુરાનની વિરોધાભાષી આયાતોથી અજાણ ન રહી શકે. ખાસ કરીને જે રીતે શાંતિ અને સહનશીલતાની આયાતોની લગોલગ હિંસાત્મક અને અસહનશીલતાની આયાતો છે.
- લડાઈ અને શાંતિની આવી વિરોધાભાષી આયાતો વિષેની ઇસ્લામની આદર્શ વિચારધારા એમ છે, કે જ્યારે મુસલમાનો કમજોર હોય અને લઘુમતીમાં હોય ત્યારે શાંતિ અને સહનશીલતાની આદર્શવાદી વાતો કરવી અને તેજ રીતે તેઓએ વર્તવું; પણ જ્યારે તેઓ મજબુત અને શક્તિશાળી હોય, ત્યારે લડાઈ અને વિજયની આયાતોમાં જણાવ્યા પ્રમાણે, ઘાતક બની જવું.

155

અજોડ આત્મવિશ્વાસથી જુઠ્ઠું કરવું

- કોઈ પણ માણસ કઈ જુઠ્ઠું કરતી વખતે ક્યાંક કે ક્યાંક તો અંદરથી ડરતો હોયજ છે. કારણ કે, જુઠ્ઠું કરવા માટે, એ માણસનો ધર્મ અને ધર્મના કારણે તેનો અંતરાત્મા એને અટકાવતી હોય છે.
- પણ જ્યારે તેનો ધર્મજ કહે કે (ધર્મ માટે) જુઠ્ઠું કરવાની છૂટ છે અને એમ કરવાથી સ્વર્ગ મળેશે, ત્યારે એ માણસ ઉપર આ વાતની કેવી અસર થાય?
- આવા સંજોગોમાં, એ માણસનો આત્મવિશ્વાસ બહુ ઊંચો હોય છે. જુઠ્ઠું કરતાં અટકતો નથી. કારણ કે પોતાના અને પોતાના ધર્મ માટે એ કંઈ ખોટું નથી કરતો.
- આવા અજોડ આત્મવિશ્વાસથી ભરેલો માણસ, જ્યારે શિકાર (ગેર મુસલમાન) માટે જાળ (શબ્દો અને કૃત્યોની જાળ) ફેલાવે ત્યારે, તેના શિકાર પર એવી અસર પડે કે એ શિકાર પોતાની સામે પ્રસ્તુત કરેલી બધીજ વસ્તુઓ સ્વીકારી લે અને કોઈ શંકા ન કરે.
- **આવા ઘાતક અને અજોડ આત્મવિશ્વાસનો શ્રોત... તાકિયા છે.**

156

તાકિયાને કેવી રીતે ઓળખી શકાય?

તાકિયાના વપરાશને નીચે જણાવેલ મુખ્ય મુદ્દાઓથી ઓળખી શકાય

નં	મુદ્દો	નં.	મુદ્દો
1	વિરોધીઓને પછાડવા	2	પોતે "શિકાર" હોવાનું નાટક કરવું
3	"યાતના"ઓ પોહ્ચાડવાના આરોપનો ખોટા દાવો કરવો	4	તથ્યો સાથે છેડછાડ કરીને મુજવણ ઉભી કરવી
5	પોતાની સતામણી થયાનું નાટક કરવું	5A	ગડબડી ફેલાવવી
6	દુશ્મનો પરજ દોષારોપણ કરવા	7	ટાળવું
8	"સબુત"ની માંગણી કરવી	9	નકારવું
10	વાદ વિવાદ અને લોકોમાં થતા મતભેદોનો ફાયદો ઉઠાવવો	11	ધર્મનું અપહરણ થયું એવી ખોટી વાત ફેલાવવી
12	વ્યક્તિગત હુમલો કરવો		

ઉપર જણાવેલ મુદ્દાઓને સમજાવતો એક નાનો વિડિઓ, આગળની સ્લાઈડમાં જોઈશું

157

આગામી સ્લાઈડમાં હવે આપણે જોઈશું,

તાકિયાને ઓળખવા માટે...
એક મુક (Silent) વિડિઓ

વિડિઓ નં. 3

ઈન્ટરનેટ પર સંપૂર્ણ વિડિઓ અહીં જોઈ શકશો:

English Only : http://www.youtube.com/watch?v=TDPUoTxjcDM
Gujarati Subtitles: http://www.youtube.com/watch?v=mczYC-SVHho

158

વિડિઓ નં.: ૩


છેતરવાની ઇસ્લામી કળા



1. તાકિયા એટલે શું?




2.



3. અરબી શબ્દ "તાકિયા"નો અર્થ સ્વ-બચાવ માટે કરાતી "છેતરપીંડી". ઇસ્લામમાં "છેતરવાનો" ધાર્મિક સિદ્ધાંત આનાપરથી લેવામાં આવ્યો છે.




4.



5. મૂળમાં, કોઈ મજબુરીમાં, જેમ કે સ્થાનિક લોકોથી ડર કે અધિકારીઓથી થતી કનડગત, વગેરેથી, પોતાનો ધર્મ છુપાવવાની છૂટ આપવામાં આવી છે.




6.



7. ૬ઠી સદીમા, જયારે મોહમ્મદ પૈગમ્બરના ઉત્તરાધિકારી માટેના ઝગડા થયા, ત્યારે લઘુમતી ધરવતા શિયા મુસલમાનો, બહુમતી સુન્નીઓથી તેમનો "સાચો" ધર્મ છુપાવા માટે, "તાકિયા" પદ્ધતિને વિકસાવી




8.



9. મહદ અંશે તાકિયાનો ઉપયોગ શિયા અને ઈસ્માઈલીઓ દ્વારા થતો રહ્યો છે. છતાંય સુન્નીઓ દ્વારા પણ તેનો ઉપયોગ થાય છે. અને તેથી હકીકતમાં એ સમસ્ત ઇસ્લામનો રિવાજ છે.




10.



11. અબ્બાસ કહે છે: "અલ-તાકિયા એટલે જબાન ગમે તેમ વાપરવી, પણ હૃદયથી ધર્મ સાથેજ વફાદારી રાખવી"




12.



13. એક મુસ્લિમના મતે, તાકિયાનો અર્થ, જરૂરીઆતના સમયે, જીભને ગમે તેમ વાળવાની છૂટ છે; પરંતુ આમ કરતી વખતે હૃદયથી ઇસ્લામ માટેજ વફાદાર રહેવું.




14.



15. "ઘણી વાર, એવા લોકો સાથે હસીને વર્તન કરીએ છીએ જેઓને આપણે દિલથી શાપ આપતા / કોસતા હોઈએ"




16.



17. "કયામત સુધી તાકિયા વાપરવાની પરવાનગી છે"




18.



19. જો, ઇસ્લામ માટે તાકિયા છોડવો પડે તો, તેની છૂટ છે



20. તાકિયાને કઈ રીતે ઓળખી કાઢવો?




21. એન્ડ્રેયુ કેમ્પબેલના સચોટ લેખ ઉપર આધારિત છે.



22. ૧. વિરોધીઓને પછાડવા



23.




24. ચર્ચાઓમા આને વાપરવામાં આવે છે. ધીરેથી, ચતુરાઈ વાપરીને, બીન જરૂરી મુદ્દાઓ ઘુસાડીને મુખ્ય મુદ્દાને કોરાણે મૂકી દેવાની હોશિયારી વાપરવી.



25. ૨. પોતે "શિકાર" થયાનું નાટક કરવું




26.



27. બુમો પાડવી કે, અમો લાગુમતીમા છીયે અને ધાર્મિક ભેદભાવના શિકાર છીએ



28.




29. બીજો દાખલો છે ઈરાકી લડાઈનો; પોતાના લોકોને મારીને તેનો વિડિઓ બહાર પાડીને, અમેરિકા પર તેનો આક્ષેપ નાખીને, તેને રાક્ષસી તરીકે ચિતરવું.



30. ૩. "યાતના"ઓ પોહ્ચાડવાના આરોપના જુઠ્ઠા દાવાઓ કરવા



31.




32. અલ કાયદાના ટ્રેનીંગ મેન્યુઅલમા આતંકવાદીને, પોતાનાજ શરીરને નુકસાન પોચાડી, ઝુલ્મો થયાનો, ખોટો આક્ષેપ કેમ કરવો, તેની માહિતી છે.



33. ૪. તથ્યો સાથે છેડછાડ કરીને મુજવણ ઉભી કરવી



34.




35. આ રીતમાં, એક શબ્દના દેખીતા અર્થને બાજુએ રાખી, તેના છુપા અર્થ તરફ ઈશારો કરી, સામેવાળાના મતથી સહમત થવાનો ડોળ કરવો



36. ૫. પોતાની સતામણી થયાનું નાટક કરવું



37.




38. કર્તાહર્તાઓ ઇસ્લામની સંસ્કૃતિ અને રીત રીવાજોને નજર અંદાજ કરે છે. અને અન્ય ધર્મ વાળા તેમને ધર્મના નામે સતાવે છે એવો દાવો કરવો.



39. ૫-અ. ગડબડી ફેલાવી




40.



41. પકડાઈ જાય ત્યારે હૃદય હુમલા કે તબિયત બગડવાના નાટકો કરવા.



42.




43. લોહીમા લતપત માણસથી બિચારો કોઈ ન લાગે. પોતાના હાથે પોતાના શરીર ઉપર જખમ કરીને બિચારા બનવું



44. ૬. દુશ્મનો પરજ દોષારોપણ કરવા



45.




46. આતંકવાદીના કર્મોની વાત આવે ત્યારે, પેલેસ્ટિનના મુસલમાનો પરના જુલમ તથા તેમની થયેલ હાલત માટે અમેરિકીઓ અને યહુદીઓને જવાબદાર ઠરાવવા.



47. ૭. ટાળવું




48.



49. હમેશા "હા" કે "ના"મા જવાબ આપવો જરૂરી નથી. લાંબી લાંબી, બીન જરૂરી, એકસરખી વાતો કરવી. અને જો એ પણ ન ચાલે ત્યારે કોઈ પણ એવું બહાનું કરવું જેનાથી સામે વાળા આપણને પકડી ન શકે, જેમ કે પોતાની વાતનું યોગ્ય ભાષાંતર કરવામાં ભૂલ કરી નાખી.



50.



51. બીજો દાખલો; સૈય્યદ મોહમ્મદ ફલલ્લાહને સવાલ પૂછ્યો કે તમે હિઝ્બુલ્લાહના ધાર્મિક નેતા છો? ત્યારે તેઓએ જવાબ આપ્યો કે "છું" અને "નથી" પણ.




52. ૮. "સબુત"ની માંગણી કરવી




53.



54. એક શંકાસ્પદ વ્યક્તિ, પુરાવાઓ મળવાના કઠીન સંજોગોમાં, પુરાવાઓની માંગણી કરીને, સામેવાળાની કામ કરવાની શૈલી અને ગુપ્ત માહિતીનો શ્રોત જાણી લેવો.



55.




56. જયારે કોઈ કાફર દ્વારા, કુરાનની ગંદી સચ્ચાઈ કે વેહુદા ઉપદેશો તરફ ધયાન દોરવામાં આવે, ત્યારે એમ એવો દાવો કરવો કે આ કાફરને કુરાનનું સાચું અર્થગઠન કરતાજ નથી આવડતું અને તેથી તે દુનિયાને ગેર માર્ગે દોરે છે.



57. ૯. નકારવું




58.



59. કોઈ વિવાદમાં ઇસ્લામની નબળી બાજુ છતી થઇ જતી હોય, કારણ કે તેને લગતા ધાર્મિક સાહિત્યો અને અન્ય પુરાવાઓ રજુ થયા હોય, ત્યારે સામેવાળાને "જૂઠ્ઠાડો" કહી દેવો.



60.




61. આત્મઘાતી આતંકવાદીના વિષય પર, તાકિયાના મદદથી, એવી દલીલ કરે કે "ઇસ્લામમાં આત્મહત્યા કરવાની મનાઈ છે". અલબત એ વસ્તુ અલગ છે કે કુરાન અને મોહમ્મદ પૈગમ્બરે ધર્મ યુદ્ધમાં શહીદ થવા કોઈ પાબંદી નથી મૂકી. અને મુસલમાનો આત્મ હત્યા કરે છે.



62. ૧૦. વાદ વિવાદ અને લોકોમાં થતા મતભેદોનો ફાયદો ઉઠાવવો



63.



64. લોકોનું "બ્રેન વોશ" કરીને, "ઇસ્લામ શાંતિ પ્રિય ધર્મ છે" એવું ઠસાવવું. ત્યાર બાદ મુસલમાનો સાથે ચર્ચા કરવાથી, શાંતિ જળવાઈ રહેશે, એવો પ્રચાર કરવો.



65.




66. એક ક્રિશ્ચિયન પાદરી આના શિકાર બન્યા, અને ચર્ચમા "ગૉડ" ને "અલ્લાહ" તરીકે, સંબોધવા તૈયાર થઈ ગયા.



67. ૧૧. ધર્મનું અપહરણ થયું




68.



69. લોકોનો નાનો સમુદાય, તેમના મહાન ધર્મનું અપહરણ કરીને, અધાર્મિક વાતો/કર્મો કરે છે.



70.




71.



72. ૧૨. વ્યક્તિગત હુમલો કરવો




73. જયારે વાદ વિવાદમાં, એક મુસલમાન પાસે કોઈ રસ્તોજ ન બચે ત્યારે, તાકિયાની મદદથી, સામે વાળાને જાનથી મારીનાખવાની ધમકી આપવી, તેનું અપમાન કરવા જેવા વ્યક્તિગત હુમલાઓ કરવા.



74.




3.2 પીરાણા સતપંથ દ્વારા તાકિયાનો પ્રયોગ
તાકિયાના થયેલ ઉપયોગના અમુક દાખલાઓ
160

પીરાણા સતપંથ દ્વારા તાકિયાનો પ્રયોગ ...

આ વિષયના લગભગ બધા સંશોધનકારો અને વિદ્વાનો, તેમજ કોર્ટોએ પણ, પીરાણા સતપંથ દ્વારા તાકિયાના થતા વપરાશની નોંધ લીધી છે.

અમુક દાખલાઓ / મુદ્દાઓ:

1) સતપંથની સ્થાપના: સતપંથની સ્થાપનાનો હેતું તાકિયાની મદદથી હિંદુઓને મુસલમાન બનાવવાનો છે. તેનાં કારણે લોકો હિંદુ ઓળખ રાખીને, ધીરેધીરે ઇસ્લામી પ્રથાઓને ક્રમવાર અપનાવી શકે.

2) હિંદુ ધાર્મિક પુસ્તકોને ભ્રષ્ટ કર્યા: અથર્વ વેદ, ગીતા, પુરાણ, ભગવાન વિષ્ણુના દસ અવતાર, જેવાં હિંદુ ધાર્મિક પુસ્તકોને ભ્રષ્ટ કર્યા. કલિયુગમાં કુરાનને અથર્વ વેદ તરીકે જાહેર કરવામાં આવ્યો. હિંદુઓને ભ્રમિત કરીને તેમને મુસલમાન બનાવવાની ચાલ ને યુક્તિ પૂર્વક ઘડી કાઢવામાં આવેલી છે.

161

... પીરાણા સતપંથ દ્વારા તાકિયાનો પ્રયોગ ...

3) હિંદુ દેવોના અવતારને ભ્રષ્ટ કરવા -બુદ્ધ અવતાર, કલ્કી અવતાર (દસ અવતાર) વગેરે: હિંદુ દેવોના અવતારને ભ્રષ્ટ કરીને તેમાં ઇસ્લામી તત્વો ઘુસાડી દીધા. ત્યાર બાદ એવું ઠસાવવામાં આવ્યું કે જો મોક્ષ જોઈતો હોય તો, ઇસ્લામનો અંગીકાર કરવો પડે.

4) ઇસ્લાના ધર્મવીરોને હિંદુ દેવોના નામો અપાયા: હઝરત અલીનું નામ નિષ્કલંકી નારાયણ, બીબી ફાતિમાને આધ્ય શક્તિ, મોહમ્મદ પેગંબરને બ્રહ્મા, ઈમામ શાહને બ્રહ્માનો અવતાર, ઈમામ શાહ બાવાનું નામ ઈમામ શાહ મહારાજ, વગેરે વગેરે.

સવાલ: જો સતપંથ ચોખ્ખો હોત, તો શા માટે આવા ભ્રામક નામ રાખવા પડ્યા?

162

... પીરાણા સતપંથ દ્વારા તાકિયાનો પ્રયોગ ...

5) <u>હિંદુ વિધિઓ ભ્રષ્ટ કરી:</u> હિંદુ ધાર્મિક વિધિઓને એવી રીતે ભ્રષ્ટ કરવામાં આવી કે જેના થકી હિંદુ ધર્મીઓમાં મુંજવણ ઉભી થાય અને પરિણામે આવા અપપ્રચાર સ્વીકારી શિકાર બની જાય. જેમ કે, *જનોઈ* ઉતરાવવામાં આવી, મુડદાઓને અગ્નિસંસ્કાર આપવાને બદલે દાટવાની પ્રથા શરૂ કરવામાં આવી, વગેરે વગેરે.

6) <u>હિંદુઓની આસ્થાને ભ્રષ્ટ કરવામાં આવી:</u> ગાયને મારવાથી સ્વર્ગ મળે. ગંગા નદી, મંદિરો, મૂર્તિ પૂજા, બ્રાહ્મણો વગેરેને શાપિત બતાવીને લોકોના હૃદયમાંથી ઉતારી દેવામાં આવ્યા, વગેરે વગેરે. (વાંચો બુદ્ધ અવતાર ગીનાન). તેવીજ રીતે ગીનાનમાં એવું પણ બતાવામાં આવ્યું છે કે, પથ્થર, પશુ અને વૃક્ષને પૂજવા નહિ. જો પુજશો, તો સવાપોર દિવસ ચડશે ત્યાં લગી છાતી પર પથ્થર લઈને ફરશો. તેથી આ ત્રણેને પૂજવા નહિ. આવી રીતે લોકોને ડરાવીને હિંદુ ધાર્મિક રીત રિવાજોને પાળતા બંધ કરવામાં આવ્યા.

163

... પીરાણા સતપંથ દ્વારા તાકિયાનો પ્રયોગ ...

7) <u>હિંદુ ધાર્મિક / ભક્તિ ભજનો અને ગીતોને ભ્રષ્ટ કરવામાં આવ્યા:</u> નવરાત્રીમાં ગવાતી ગરબીને, પહેલો શિકાર બનાવી, ભ્રષ્ટ કરવામાં આવી. જુવો પીર સદરૂદ્દીન લીખીત ગરબી ગીનાન.

8) <u>જન્નતપૂરી અને મોમીન ચેતામાણી, જેવી છેતરામણી વાર્તાઓ રચવામાં આવી.</u>

- **જન્નતપુરી** – લોકોને સતપંથ તરફ આકર્ષવા વાર્તા રચવામાં આવી.
- **મોમીન ચેતામાણી** –ઈમામ અને સતપંથ ધર્મ ઉપર અનુયાયીઓ શંકા કરે અને દસોન્દ ન આપે તો, તે લોકોને તેના કહેવાતા ખરાબ પરિણામોથી ડરાવવા માટે વાર્તા રચી.

164

... પીરાણા સતપંથ દ્વારા તાકિયાનો પ્રયોગ ...

9) **હિંદુઓને તેમના મૂળથી ઉખડી કાઢવાનો પ્રયત્ન:** પ્રાગજી કાકા અને ઈમામ શાહના વંશજ સૈય્યદ વલીમિયાએ કચ્છના પાટીદારોના ત્રણે પાંચાડાઓથી બનેલી જ્ઞાતિની તા. ૧૨-૦૧-૧૮૭૭ના એક સભા બોલાવીને ક.ક.પા. જ્ઞાતિના લોકોને બ્રાહ્મણોના હાથે ક્રિયા કરાવા પર પ્રતિબંધ મુકવાનો આદેશ આપ્યો.

10) **ભાટ અને ચારણોનો બહિષ્કાર,** તેવીજ રીતે, જ્ઞાતિમાં વહીવંચાઓની અવરજવર પર પ્રતિબંધ મુકીને, તેમની પાસે પોતાના પરિવારની વિગતો આપી, નોંધ ન કરાવવાના આદેશ બહાર પાડ્યા. જેથી કરીને વખત જતા લોકો પોતાના પરિવારોનો અને કુળનો ઇતિહાસ ભૂલી જાય અને નવી અપનાવેલી પ્રથાઓનેજ સાચો ધર્મ સમજી લે.

ભાટ અને ચારણો: એવી જ્ઞાતિ જે રાજા અને પ્રજાને બોધ આપવાનું કામ, કાવ્યમય શૈલીમાં કરે અને તેની સાથે તેમનામાં અસ્મિતા, શૌર્યતા અને ખુમારી જગાડી બહાદુર બનાવે.

વહીવંચા: લોકોના પરિવારમાં જન્મતા સંતાનો અને વંશજોની નોંધ રાખવાનું કામ અને ઇતિહાસની નોંધ કરવાનું પેઢી દર પેઢી કામ કરતી જ્ઞાતિ.

11) આ બધા આદેશોનો મૂળ હેતું લોકોને તેમના હિંદુ મૂળથી જુદા કરવાનો હતો.

165

... પીરાણા સતપંથ દ્વારા તાકિયાનો પ્રયોગ ...

12) **યોગ અને જ્ઞાન શિબિર (1/2):**

1. હાલમાં સતપંથીઓએ, સનાતનીઓને તોડવા માટે, એક નવી તરકીબ શોધી છે. આપણે સહુ જાણીએ છીએ કે આજે ભારત અને વિશ્વના ઘણા દેશોમાં યોગાસનો બહુજ પ્રચલિત થયાં છે. આનો ફાયદો ઉઠાવી સતપંથના ધર્મ પ્રચારકો...
2. યોગ (યોગા) અને જ્ઞાન આપવાના બહાને શિબિરો યોજે છે.
3. આવી શિબિરો ખાસ કરીને મહિલાઓને આકર્ષવાના હેતુને કેન્દ્રમાં રાખીને યોજવામાં આવે છે.
4. આ શિબિરોનો સંપૂર્ણ રીતે દેખાવ હિંદુઓનોજ હોય અને તેનું થોડું આધ્યાત્મિક અને ધાર્મિક સ્વરૂપ પણ હોય છે.
5. લોકોના અને ખાસ કરીને મહિલાઓના મનમાં કોઈ પણ જાતની શંકા ઉભી ન થઈ જાય કે આવી શિબિરો દ્વારા પીરાણા સતપંથ ધર્મનો પ્રચાર થઈ રહ્યો છે, તેનું ખાસ ધ્યાન રાખવામાં આવે છે.

166

... પીરાણા સતપંથ દ્વારા તાકિયાનો પ્રયોગ ...

12) યોગ અને જ્ઞાન શિબિર (2/2):

6. આ શિબિરોને ચલાવવા માટે એવા લોકોને નિયુક્ત કરવામાં આવે કે જેઓ પાકા સતપંથી હોય પણ દેખાવ પાકા સનાતનીઓનો કરે.

7. ધીરે ધીરે જ્યારે લોકોનો વિશ્વાસ જીતે લે, ત્યારે મહિલાઓના સ્વભાવ મુજબ પોતાના અંગત પ્રશ્નો, જેમ કે ઘરમાં શાંતિ નથી, છોકરા ભણતા નથી, પતિના ધંધામાં બરકત નથી, વગેરે વગેરે, યોગ અને જ્ઞાન શીખાડનાર તેમના કહેવાતા ગુરૂ સામે મૂકતા થઈ જાય.

8. ત્યારે આવી મહિલાઓને, તેમની તકલીફોના ઉપાય રૂપે તેમને બાધા, માનતા અને પીરાણાના દર્શન ના બહાને, તેમને પીરાણા આવતાં જતાં કરી દેવામાં આવે છે.

આવી રીતે મહિલાઓથી શરૂ કરી તેમની શ્રદ્ધા પીરાણા સતપંથ ધર્મ તરફ લઈ આવવાનો પ્રપંચ રચાય છે. પહેલા ઘરની મહિલાઓ અને પછી ઘરના બધાજ લોકોને સતપંથના અનુયાયીઓ બનાવવામાં આવે છે.

167

... પીરાણા સતપંથ દ્વારા તાકિયાનો પ્રયોગ ...

13) સનાતની નેતાઓને બદનામ કરવાનો પ્રપંચ (1/2): તાકિયાની એક રણનીતિ પ્રમાણે સનાતનીઓના હિતની વાત કરવાવાળા લોકો સામે તદ્દન ખોટા વ્યક્તિગત આક્ષેપો કરવામાં આવે છે. દાખલા તરીકે નારાયણ રામજીએ લક્ષ્મીનારાયણ સંપ્રદાય સ્થાપવાની બનાવટી વાર્તા (વધુ માહિતી માટે જુઓ www.realpatidar.com/a/series21). તેમજ સંત ઓધવરામ, હિમ્મતભાઈ, રમેશભાઈ વગેરેના સામે પણ હડહડતા ખોટા ઊપજાવી કાઢેલા આંક્ષેપો કરે છે. હાલમાં સનાતનીઓ ને બદનામ કરવાના હેતું સાથે જે ઈમૈલો સતપંથીઓ દ્વારા મોકલવામાં આવે છે, તેમાં વપરાતી ભાષાએ તો સામાજિક વિવેકની બધી મર્યાદાઓ પાર કરી દીધી છે.

- સતપંથીઓ દ્વારા સનાતની નેતાઓને વ્યક્તિગત રીતે ઉતારી પાડવાની કોશિશનો મુખ્ય હેતું સનાતની નેતાઓને બદનામ કરીને તેમની સચ્ચાઈ અને ઈમાનદારી પર સવાલ મૂકી દેવો. જેથી સતપંથ વિરુદ્ધ તેમના દ્વારા જાણવા મળતી સાચી વાતો પર લોકો શંકા કરતા થઇ જાય.
- સનાતનીઓને સતત બદનામ કરવાનો હેતું, લોકોના મનમાં મુજવણમાં ઉભી કરી, સનાતની નેતાઓના કામ પ્રત્યે, લોકોનું માન ઓછું કરવાનું પણ છે.

168

... પીરાણા સતપંથ દ્વારા તાકિયાનો પ્રયોગ ...

13) **સનાતની નેતાઓને બદનામ કરવાનો પ્રપંચ (2/2):**

- પણ, સતપંથીઓ તેમની રણનીતિની આડ અસરથી બચી ન શક્યા. તેમના "જુઠ્ઠાણા" જલદીથી લોકો સામે આવી ગયાં. તેનાં કારણે સતપંથ અને સનાતનના વિવાદનો વિષય લોકોમાં સળગતો/જાગતો જ રહ્યો. વળી પાછી, સનાતની નેતાઓને આ વાતથી, તેમણે ચલાવેલી ચળવળમાં, બહુ મોટી મદદ મળી. અને પરિણામે લોકોને સતપંથ વિરુદ્ધની લડત માટે એકત્રિત/સંગઠિત કરી શક્યા.
- મૂર્ખ સતપંથીઓ આજે પણ તેમની આ પદ્ધતિ છોડતા નથી. આ પદ્ધતિ ન છોડવાની મૂર્ખાઈ કર્યા કરે છે અને પરિણામે સનાતનીઓને નુકસાન થવાના બદલે સીધો ફાયદો થઈ રહ્યો છે. ખરેખર સનાતનીઓની સચ્ચાઈ રંગ લાવી રહી છે. તેઓ ભાગ્યશાળી છે.

169

... પીરાણા સતપંથ દ્વારા તાકિયાનો પ્રયોગ ...

14) **મનગડંત સિદ્ધાંતો ઉભા કરવામાં આવે (1/2):**

- સતપંથીઓ તેમના જુઠ્ઠાણાઓ છુપાવવા "નવી નવી" ચાલો રમતા રહે છે. અને તેમની ચાલોને વ્યાજબી ઠરાવવા માટે એ ચાલોને પોતાનાજ ધર્મના સિધાંતો રૂપે રજુ કરી, એ બાબતનો જોર શોરથી પ્રચાર/પ્રસાર/જાહેરાત કરતા રહે છે.
- ઉપર જણાવ્યા પ્રમાણે તેઓએ એક નવી તરકીબ શોધી કાઢી છે. જેમાં નવી (બદલેલી) ધાર્મિક ચોપડીઓ બહાર પાડવાના પગલાંને વ્યાજબી ઠરાવવા માટે ઉપયુક્ત અવનવા કારણો દેખાડવા. આ મુજબ એમ કહેવામાં આવે છે કે, મુસલમાન રાજાઓએ સતપંથના ધાર્મિક પુસ્તકો બદલી નાખ્યાં હતા. એટલે તેમને પાછાં બદલીને અસલ/મૂળ પુસ્તકો રજુ કરવામાં આવી રહ્યા છે.
- વાસ્તવમાં કોઈપણ મુસ્લિમ રાજાએ સતપંથના સાહિત્યો સાથે કોઈ બદલાવ નથી કરાવ્યા. ક.ક.પા. જ્ઞાતિએ હિંદુ રાજાઓની પ્રજા તરીકે આ ધર્મને સેંકડો વર્ષો પાળ્યો. સાહિત્યો બદલવા પર કોઈ જોર નહોતું.
- ભારતમાં હિંદુઓ માટે ઔરંગઝેબથી વધારે ક્રૂર કોઈ પણ મુસલમાન રાજા થયો નહોતો. એક બાજુ એવા ઔરંગઝેબ પાસેથી પ્રમાણ પત્ર મળવાની અને દાન મળવાની ઉંચી ઉંચી વાતો કરે છે, *(એક નોંધ પાત્ર વાત એમ પણ છે કે એવું સાંભળવા મળે છે કે ઔરંગઝેબે શિયા મુસલમાનોને ખુશ કરી પોતાની સ્થિતિ ગુજરાતમાં મજબુત કરવા માટે આવું કર્યું છે)* તો બીજી બાજુ તેનાં જેવાં મુસ્લિમ રાજાઓએ પુસ્તકો બદલી એવાં આક્ષેપો કરે છે. કેટલી વિરોધાભાષી વાતો છે. કઈ સાચી? અને કઈ ખોટી? –તાકિયાનો વપરાશ છે.

170

... પીરાણા સતપંથ દ્વારા તાકિયાનો પ્રયોગ ...

14) મનગડંત સિદ્ધાંતો ઉભા કરવામાં આવે (2/2):

- ભારત આઝાદ થયું એને ૬૦ થી પણ વધારે વર્ષ થયાં. તે પહેલાં ૨૦૦ વર્ષ અંગ્રેજોએ રાજ્ય કર્યું. એટલે છેલ્લા ૨૬૦ વર્ષમાં તો કોઈ મજબુરી નોહતીને? જો મુસલમાનોએ સાહિત્યો બદલી નાખ્યા હતાં, તો ૨૬૦ વર્ષ સુધી કેમ પાછા મૂળ સાહિત્યો ન લઈ આવ્યા.
- હકીકતમાં, હાલમાં, કહેવાતા નવા સાહિત્યો, બહાર પાડ્યા, તે પહેલાં, ઈમામ શાહના કાળથીજ, સતપંથના સાહિત્યો, કોઈ પણ ફેરફાર વગર ચાલતા રહ્યા છે.
- આ બધું સૂચવે છે કે, તાકિયા વાપરીને, મનગડંત રીતે નવી નવી વાતો ધર્મના "સિદ્ધાંત" તરીકે રજુ કરવામાં આવે છે. આ બધું પહેલી નજરમાં ભલે સાચું લાગે, પણ જરા ઊંડો વિચાર કરીએ તો, સચ્ચાઈ શું છે તે સામે આવીજ જાય છે.

171

... પીરાણા સતપંથ દ્વારા તાકિયાનો પ્રયોગ ...

15) મૂળ સાહિત્યોને છુપાવામાં આવે છે (1/2):

- સતપંથના સાહિત્યોને શા માટે છુપાવી રાખવામાં આવે છે? સતપંથના "બધા" સાહિત્યોને શા માટે છપાવીને પ્રસિદ્ધ નથી કરવામાં આવતા? તેમની પાસે જેટલાં સાહિત્યો છે, તેની યાદી પણ બહાર નથી પાડતા.
- તેમનું કહેવાતું મુખ્ય સાહિત્ય જેને "મૂળબંધ" કહે છે અને ઈમામ શાહના સ્વ-હસ્ત લેખીત હોવાનો દાવો કરવામાં આવે છે, જેમાંથી દસ અવતાર અને તેના જેવાં બીજા સાહિત્યો બહાર પાડવામાં આવ્યા છે, તેવાં "મૂળબંધ"ને શા માટે છુપાવી રાખેલ છે? જો તેઓ સાચા છે તો કોઈ પણ કાના માત્રા બદલાવ્યા વગર, ઈમામ શાહે જેમ લખ્યું હોય તેમ, તે પુસ્તકને સતપંથના અનુયાયીઓ માટે છપાવીને પ્રસિદ્ધ કરવું જોઈએ. જે કોઈ અકળ કારણો સર નથી કરવામાં નથી આવતું.
- આજ સુધી સાહિત્યોમાં કરેલા ફેરફારોનો આધાર મૂળબંધ છે એમ કહીને નવા સાહિત્યો બહાર પાડવામાં આવ્યા. પણ જો એક વખત મૂળબંધ બહાર પાડે તો વારંવાર સાહિત્યો બદલાવવાનો રસ્તો બંધ થઇ જાય અને પોલ ખુલી જાય, એટલા માટે મૂળબંધને આજ સુધી બહાર પાડવામાં નથી આવ્યો એવું સ્પષ્ટ રીતે પુરવાર થાય છે.

172

... પીરાણા સતપંથ દ્વારા તાકિયાનો પ્રયોગ ...

15) મૂળ સાહિત્યોને છુપાવામાં આવે છે (2/2):

- હિંદુઓની ગીતાને અને મુસલમાનોનું કુરાનને ક્યારેય છુપાવવામાં નથી આવ્યું. તો પછી સતપંથીઓ શા માટે મૂળબંધને છુપાવે છે? આ ભેદ સમજાય તેવો નથી.
- બીજો દાખલો; ઈમામ શાહએ લખેલા દસ અવતારની ચોપડી, તેઓ ગુજરી ગયા તેના લગભગ ૫૦૦ વર્ષ પછી, ઈમામ શાહ લિખિત, દાસ અવતાર પુસ્તકની *પહેલી* **આવૃત્તિ** વર્ષ 2002માં પીરાણા સ્થિત સતપંથની અધિકૃત સંસ્થાએ બહાર પાડી. ૫૦૦ વર્ષ પછી તેમને આ ચોપડી ક્યાંથી મળી? ઈમામ શાહના કાળથી, સેંકડો વર્ષોથી દસ અવતારની જે ચોપડી લોકો વાંચતા હતાં, તે ક્યાંથી આવી હતી? તેમને, મૂળ દસ અવતારની, ચોપડી બદલવાનો હક્ક, કોણે આપ્યો? પૂછવા માટે આના જેવાં ઘણા સવાલો છે, પણ સંતોષ કારક જવાબ આપવા તૈયાર નથી.
- તે ચોપડીઓ વિષે બીજી મજાની વાત એ છે કે જ્યારે કોઈ ચોપડીને ચોખ્ખા હિંદુ ધર્મ સાથે જોડી ન શકાય, ત્યારે તે ચોપડીની પ્રસિદ્ધિની તારીખ છાપવામાં નથી આવતી. તેમજ છાપવનાર વ્યક્તિનું નામ સરનામું પણ છાપવામાં નથી આવતું. જેથી તેમને ક્યારે કાયદાકિય રીતે તકલીફ ન થાય.
- પીરાણામાં પુસ્તક વેચવાની દુકાનમાં પુસ્તકોનું બિલ પણ નથી આપવામાં આવતું. બિલ માંગીએ તો પુસ્તકોમાં છપાયલી કિંમત બતાવી દેવામાં આવે છે.

173

... પીરાણા સતપંથ દ્વારા તાકિયાનો પ્રયોગ ...

16) હિંદુઓની ધારણાઓને બદલવાનો પ્રયત્ન:

- સંપૂર્ણ માનવ જાતમાં, કોઈ ઉચ્ચ માનવ જાતિ હોય તો, એ મુસલમાન જ છે. એવી વાહિયાત માન્યતા ક.ક.પા. જ્ઞાતિમાં ઠસાવેલ હતી.
- જે સમયે નીચલા વર્ણના લોકોને અડવાથી આભડછેટ લાગતી હતી, ત્યારે છાંટ લેવાની પ્રથા હતી. જેમકે કોઈ નીચલા વર્ણના માણસને અડી ગયા પછી, પાણીની છાંટ લીધા વગર ઘરમાં ન જવાતું.
- પણ ક.ક.પા. જ્ઞાતિમાં, તાકિયાનો ઉપયોગ કરી, એવું ઠસાવામાં આવ્યું હતું કે, જો નીચલા વર્ણના માણસને અડ્યા પછી એટલે કે અભડાયા પછી, કોઈ મુસલમાનને સ્પર્શ કરી લો તો, છાંટ લેવી પડે નહિ અને પવિત્ર થઇ જવાય.
- જ્યારે બીજા હિંદુઓ, મુસલમાનોથી દૂરી જાળવતા, ત્યારે ઉપર જણાવ્યા પ્રમાણે, મુસલમાનોને ઉચ્ચ ગણાવી, તેમને સતપંથીઓની નજીક લાવવાના પ્રયાસ કરવામાં આવતા.

174

... પીરાણા સતપંથ દ્વારા તાકિયાનો પ્રયોગ...

17) સામાન્ય રીતે મુસ્લિમ ધર્મમાં સ્વ-બચાવ માટે તાકિયાનો ઉપયોગ કરવા માટેની છૂટ અને ભલામણ કરવામાં આવેલ છે. બીજી બાજુ સતપંથની વાત કરીએ, તો તેઓનો જીવ જોખમમાં ન આવતો હોવા છતાં, તાકિયાનો ઉપયોગ કેવળ હિંદુઓને છેતરવા માટે કરીને અને સતપંથને હિંદુ ધર્મ તરીકે ખપાવી દેવા માટેનો પ્રયત્ન હતો. અને તે પ્રક્રિયા આજ દિવસ સુધી નિરંતર ચાલુ રાખવામાં આવેલ છે. આ હકીકતને યથાર્થ ઠરાવવા માટે વાચકોને ખાસ વિનંતી કે આથી અગાઉની સ્લાઈડસને ધ્યાનમાં લેવી અત્યંત જરૂરી છે.

18) ઉપર જણાવેલ વાતની પુષ્ટિ માટે, જોઈએતો ખબર પડશે કે સેંકડો વર્ષો માટે ક.ક.પા. જ્ઞાતિ ઉપર સતપંથનું પ્રભુત્વ હતું. જ્ઞાતિમાં પીરાણા સતપંથને કોઈ વાતનો ભય નહોતો. તો પછી તાકિયાનો સતત પ્રયોગને શા માટે કરવાની જરૂર પડી?

19) જરૂર ના હોવા છતાં, તાકિયાનો પ્રયોગ કરવા પાછળનો હેતું એમ દર્શાવે છે, કે હિંદુઓને વટલાવીને મુસલમાન બનાવવાના પ્રપંચ શિવાય કંઈજ નહોતું.

175

લોકો તાકિયાના શિકાર બની ગયા હતા.

તાકિયા એટલો અસરકારક હતો કે લોકોને કોઈ જાતની શંકા ન થઈ કે તેમની સાથે કઈક ખોટું થઈ રહ્યું છે.

176

હમણાં સુધીની સમજણ

પીરાણા સતપંથ (બહારથી ભલે હિંદુ જેવો દેખાતો હોય) વાસ્તવિકતામાં, શિયા મુસલમાનોના, નીઝારી ઈસ્માઈલી પંથનો, એક ફાંટો છે

177

4. ચરણ ૨

ઇમામ શાહ પછીનો કાળ

178

મુદ્દાઓ

- આ ચરણમાં નીચે મુજબની વસ્તુઓ પર નજર કરીશું;
  1. ઈમામશાહી પક્ષની ફૂટ
  2. કાકાની ભૂમિકા
  3. ઈમામ શાહની વંશ પરંપરાગત પેઢી
  4. ક.ક.પા. જ્ઞાતિમાં ક્રાંતિ
  5. પીરાણા સતપંથમાં અશાંતિ
  6. નવનિર્મિત તાકિયા
  7. અ.ભા.ક.ક.પા. સમાજની ઉદારતા અને તેની સાથે દગો
  8. મવાળ
  9. અ.ભા.ક.ક.પા. સમાજમાં બીજી ક્રાંતિ
  10. આશંકાઓ

179

4.1 ઈમામશાહી પક્ષની ફૂટ

કેવા સંજોગોમાં અને કયા કારણો સર...
ઈમામશાહીઓ, મૂળ સતપંથીઓ (એટલે કે ખોજાઓ) થી..
અલગ થયા?

180

ઈમામ શાહના ગુજરી જવા પછી...
તેમની ગાદી પર...
તેમના પુત્ર અને ઉત્તરાધીકારી...
નર ("નુર") મહમ્મદ શાહ...
("નર અલી") બેઠા.

181

ઈમામશાહીની ફૂટ ...

- સતપંથના મૂળ સિદ્ધાંતમાં, અનુયાયીઓ દ્વારા દસોન્દ (આવકનો દસમો ભાગ) અને અન્ય ધાર્મિક ભેટો/લાગાઓ /કરના (religious tax) પૈસા, આપવાનું આવે છે.
- આવા પૈસા પર ઈરાનના ઈમામનો હક્ક રહેતો હતો. એટલે જે રકમ ભેગી થાય તે ઈરાન સ્થિત ઈમામને મોકલી આપવામાં આવતી.
- આ પરંપરા, ઈમામ શાહના કાળ/સમય સુધી પ્રચલિત હતી અને તેમના પછી, તેમના દીકરા, નર મોહમ્મદ શાહના શરૂઆતના સમયમાં પણ ચાલતી હતી.
- એટલે ધર્માન્તરણ કરેલા લોકોનો નવો સમુદાય શરૂઆતમાં ઈરાનના ઈમામ સાથે વફાદાર હતો.
- એટલે તે સમય સુધી, સતપંથમાં કોઈ ફૂટ નહોતી પડી.

182

... ઈમામશાહીની ફૂટ ...

- સતપંથના સાહિત્યો પ્રમાણે, દસોન્દ અને અન્ય ધાર્મિક કર આપવા પાછળનો તર્ક એવો સમજાવ્યો છે, કે જ્યારે કયામત વખતે અલ્લાહ/ઈશ્વર/ભગવાન તમારા કર્મોનો હિસાબ કરશે ત્યારે, ગમે તેટલા ભયાનક પાપો કેમ ન કર્યા હોય, પણ જો તમે ઈમાનદારીથી ઈમામને (નિષ્કલંકી નારાયણને) દસોન્દ આપેલ હશે, તો તમને સ્વર્ગથી પણ સારું અમરાપુરી મળશે અને દર એક સાચા અનુયાયીને હજારો વર્ષો સુધી ધરતી પર રાજ કરવા મળશે. પણ જો તમે દસોન્દ આપવામાં ક્યાંક કચાસ કરી હશે, તો તમને નરકથી પણ વધારે ખરાબ યાતનાઓ ભોગવવી પડશે.
- હવે નુર મોહમ્મદે જ્યારે પોતે નિષ્કલંકી નારાયણ, એટલે ઈમામ હોવાનું જાહેર કર્યું, ત્યારે જો દસોન્દ અને અન્ય કરના પૈસા ઈરાન મોકલવામાં આવે તો તની ઈમામીયત પર પ્રશ્ન ચિહ્ન લાગે. એટલે દસોન્દ અને અન્ય લાગોના પૈસા ઈરાન સ્થિત મુખ્ય ઈમામ પાસે જતાં અટકાવવા જરૂરી બની ગયા.
- નર મોહમ્મદ શાહે, ઈમામશાહી પંથને (ઈમામ શાહને માનવાવાળા પંથ) મુખ્ય સતપંથમાંથી ૧૬મી સદીમાં અલગ કર્યો.
- સતપંથના *"સતવેણી જી વેલ"*નામના ગીનાનમાંથી આ ઐતિહાસિક માહિતી મળી આવે છે.

183

... ઈમામશાહીની ફૂટ

- નર મોહમ્મદ શાહના સત્તાના શરૂઆતના દિવસોમાં પણ, પરંપરા પ્રમાણે, ઈરાન સ્થિત "ઈમામ" સુધી રકમ મોકલવામાં આવતી.
- પણ ત્યાર બાદ, નર મોહમ્મદ શાહે વિદ્રોહ કરીને પૈસા મોકલવાનું બંદ કર્યું અને એક ખેતા નામના અનુયાયી, કે જેને ૧૮૦૦૦ હિંદુઓનો સાથ હતો, તેવાને, નર મોહમ્મદ શાહએ આદેશ કર્યો કે હવે પછી, જે કંઈ રકમ ભેગી થાય, તે તેમને આપવી. ઈરાન મોકલવી નહિ.
- ખેતાએ ચોખ્ખી "ના" પાડી દીધી અને લાંબો ઝગડો ચાલ્યો. જ્ઞાતિ બહાર કરવાનું થયું અને છેલ્લે ફૂટ પડી.
- આના કારણે વિધિસર ઈમામશાહીઓ (પીરાણા સતપંથીઓ), મુખ્ય સતપંથ (એટલે ખોજા કોમ) થી અલગ થઈ ગયા.

184

ફૂટની અસર

ઈમામશાહીઓ પર ફૂટની કેવી અસર પડી:

- નર મોહમ્મદ શાહે જે ફૂટ પાડી હતી, તેનાં કારણે, ઈસ્માઈલીઓના દૃષ્ટિકોણથી, ઈમામશાહી પંથને ભારે અને અગણિત નુકસાન થયું.
- ઈસ્માઈલી ધર્મના અનુયાયી બનવા કરતાં, તેઓ "પીરાણાવાળા" તરીકે, હલકા હિંદુઓ અને ઉતરતા મુસલમાનોની કોમ બનીને રહી ગયા.
- બીજી બાજુ, મુખ્ય સતપંથ કોમ, એટલે ખોજા કોમ, ધીરે-ધીરે, ઇસ્લામને અપનાવતી ગઈ.
- રૂઢિવાદી મુસલમાનો, ઈમામશાહીઓને મુસલમાન નથી ગણતા, તેમજ ચુસ્ત હિંદુઓ તેમને હિંદુ નથી ગણતા.

185

4.2 કાકાની ભૂમિકા

રોઝા / દરગાહની દેખરેખ કરતા મુજાવર / કાકાની ભૂમિકા

186

કાકાની ભૂમિકા ...

- અહીં "કાકા" એક અરબી શબ્દ છે, જેનો અર્થ થાય "નૌકર". સૈય્યદોએ દરગાહની દેખ રેખ રાખવા માટે અને અનુયાયીઓ સાથે સંપર્ક તથા તેઓએ આપેલ દાન અને ભેટને સંભાળી રાખવા માટે જે નૌકર નીમવામાં આવતા, તેને "કાકા" કહેવાતા.
- ઈમામશાહીવાળા સમુદાયમાં બધા અનુયાયીઓ હિંદુ હતા. (કારણ કે, ઈમામ શાહને માનનારા મુસ્લિમ લોકો, સતપંથને માનતા નથી. તેવો ઇસ્લામ સાથે પહેલેથીજ વફાદાર તો હતા. સતપંથ ને પાળવાની કોઈ જરૂર નહોતી.)
- સ્વ-બચાવ અને વ્યૂહાત્મક કારણોને લઈને અનુયાયીઓ, પોતાના ધર્માન્તરણને છુપું રાખતા. તેઓને બાહ્ય દેખાવ હિંદુઓ જેવો રાખવાની છૂટ હતી.
- અને જે લોકોએ પોતાનું ધર્મપરિવર્તન નહોતું છુપાવ્યું, તેઓ પણ પોતાની મૂળ જ્ઞાતિથી અલગ થવા નહોતા માગતા.
- સતપંથના પ્રચારકો અને અનુયાયીઓ વચ્ચે પરસ્પર સમજૂતી રહે અને એક બીજાં સાથે સંપર્કમાં રહે તે માટે, કાકાને નીમવામાં આવતા. અનુયાયીઓને સલાહ આપીને તેમની મુંઝવણ દૂર કરવાના કામની સાથે તેનું મુખ્ય કામ દસોન્દ અને લાગાના પૈસઓને, અનુયાયીઓ પાસેથી, વસુલ કરીને, પીર સુધી પોચાડવાનું હતું.
- કાકાને અનુયાયીઓના સમુદાયમાંથી ચુંટવામાં આવે છે.

187

... કાકાની ભૂમિકા ...

- જ્યારે કાકાને નીમવામાં આવે છે, ત્યારે તેની ધાર્મિક વિધિ સૈય્યદો દ્વારા કરવામાં આવે છે.
- **પરંપરાગત રીતે કાકાના બે નામ હોય છે, એક હિંદુ નામ અને બીજું સતપંથી નામ / મુસ્લિમ નામ. દાખલા તરીકે, "નાયા" કાકાને પીર "નસીરુદ્દીન" કહેવામાં આવતા. તેવી રીતે "કરસન" કાકાને પીર "કરીમ" કહેવામાં આવતા.**
- કાકાની "ગાદી" એક "સંસ્થા" છે. જેની શરૂઆત ગામ સ્તરે ચાલુ કરવામાં આવી અને ધીરે ધીરે કેન્દ્ર સ્થાનમાં પ્રસ્થાપિત થઈ.
- પીરાણાના કેન્દ્રમાં કાકાને લાવવાનું મુખ્ય કારણ નર મોહમ્મદ શાહના દીકરાઓ વચ્ચે આપસમાં વેર અને ઝગડા હતું.
- પોતાના મરણ પછી, ઝગડતા દીકરાઓમાં, નિષ્પક્ષ રીતે પીરાણાની કમાઈનો બટવારો થાય તે માટે, એક વ્યવસ્થાની જરૂર સમજી, નર અલીએ (મોહમ્મદ શાહનું બીજું નામ), કાકાની ભૂમિકા વધારી નાખી. પૈસા ભેગા કરવા માટે, પેટા કાકાઓમાંથી એક મુખ્ય કાકાને નીમ્યા અને જેમનું વધારાનું કામ કબરની દેખરેખ કરવાનું પણ હતું. એટલે કે મુજાવર તરીકેની ફરજ બજાવવાનું પણ હતું.

188

... કાકાની ભૂમિકા

- કાકાને આજીવન માટે નીમવામાં આવતા અને કાકાને ગૃહ સંસારનો ત્યાગ કરવો પડતો. વળતરમાં કાકાને ખાવાનું અને કપડાં મળતાં.
- સંશોધનકારોના કહેવા પ્રમાણે, વાસ્તવમાં કાકાની ગાદી કાવતરાઓ, કપટ અને કાવાદાવાઓનો અખૂટ ભંડાર છે.
- સમય કાળે, પૈસાના જોરે, કાકાની તાકાત ધીરેધીરે વધતી ગઈ. પોતાને ધર્મ ગુરુ અને પંથના સર્વેસર્વા માનવા લાગ્યા.

189

પીરાણાના કાકાઓની યાદી

1	શાણા	11	નૂર મોહમ્મદ	21	નથુ (3)
2	શેરમોહમ્મદ	12	ભૂલા	22	પેથા
3	અબ્દુલ્લાહ	13	પોચા	23	કરમશી
4	ઈબ્રાહીમ	14	પ્રાગજી	24	લક્ષ્મણ
5	રહીમ (1)	15	નથુ (1)	25	રામજી
6	કરીમ મોહમ્મદ	16	દીપા (અબ્દુર રહીમ)	26	સવજી
7	સામદ	17	મનજી	27	કરસન
8	હસન	18	નથુ (2)	28	નાનક દાસ (હાલ)
9	રહીમ (2)	19	નાગજી		
10	રાજે મોહમ્મદ	20	શામજી		

નોંધ: અમુક જગ્યાએ, તાકિયાના કારણે, મુસલમાન કાકાઓના નામ બદલીને હિંદુ નામો રાખવામાં આવ્યા છે. 190

4.3 ઈમામ શાહની પેઢી

ઈમામ શાહના, પેઢી દર પેઢીના, ઉત્તરાધિકારીઓની નોંધ
(એટલેકે કહેવાતા હરિવંશની નોંધ)

191

1
- ઈમામ શાહ
- જન્મ:1452 મરણ: 1513 (62 years)
- કબર: પીરાણા

2
- નર મોહમ્મદ
- જન્મ: 1469-70 મરણ: 1533-34
- કબર: પીરાણા, ઈમામ શાહની કબરની બાજુમાં

3
- સૈદુદ્દીન (સેદ) ખાન
- જન્મ: --- મરણ: 1572
- કબર: પીરાણા, ઈમામ શાહની દરગાહની બાજુમાં

4
- અબુ અલી હાશિમ
- જન્મ: 1559-60 મરણ: 1612
- કબર: ----

5
- અબુ મોહમ્મદ હાશિમ
- જન્મ: 1597 મરણ: 1636
- કબર: ----

આગળ જુઓ...

192

6
- મોહમ્મદ શાહી દુલા બુરહાનપૂરી
- જન્મ: 1624 મરણ: 1657
- કબર: બહાદરપુર, ફેઝપુરની બાજુમાં

7
- અબુ મોહમ્મદ શાહી મીરાં
- જન્મ: --- મરણ: 1691
- કબર: પીરાણા

8
- મોહમ્મદ શાહ
- જન્મ: 1679 મરણ: 1718
- કબર: અહમદનગર

9
- મોહમ્મદ ફાદીલ
- જન્મ: 1717 મરણ: 1746
- કબર: ચંપાનેર

10
- સૈય્યદ શરીફ
- જન્મ: 1731 મરણ: 20th Feb 1775
- કબર: ----

આગળ જુઓ...

193

11
- બદરુદ્દીન (બડા મિયાં)
- જન્મ: 1775 મરણ: 1827
- કબર: ---

12
- બાકર અલી
- જન્મ: --- મરણ: 1835
- કબર: ---


--
- પેઢીનો અંત
- બાકર અલીનો કોઈ વારસદાર નહોતો. તેઓ ઉત્તરાધિકારી નીમ્યા વગર ગુજરી ગયા.

ઉપર જણાવ્યા મુજબ, સંશોધનકારોના, ઠોસ પુરાવાવોના આધારે બહાર પાડેલા નિષ્કર્ષ ઉપરથી જાણવા મળે છે કે, ઈમામ શાહની ગાદીનો અંત થઈ ગયો છે. તેનો બીજો અર્થ એમ થાય કે સતપંથીઓ જે વિષ્ણુના અવતારની અખંડ પરંપરાને માને છે, તે તૂટી ગઈ છે. પીરાણા સતપંથના હરિવંશનો અંત થઈ ગયો છે.

નોંધ: ઘણા સતપંથી ભાઈઓ આ વાતથી અજાણ છે અને એક સૈય્યદ, શમશુદ્દીન ખાકી (હવે તેમના પુત્ર સલાઉદ્દીન ખાકી), જે પોતાને "સજ્જાદ નશીન" તરીકે ઓળખાવે છે અને પોતે ઈમામ શાહની ગાદીનો વારસ હોવાનો દાવો કરે છે, તેને આંખ બંધ કરીને માને છે. જો એ દાવો સાચો હોય તો, સતપંથ ધર્મ સિદ્ધાંત પ્રમાણે આ સૈય્યદ જીવતો ઈમામ અને અલી / વિષ્ણુનો દસમો હોઈ શકે. પણ એ દાવો સાચો હોય તેવું લાગતું નથી.

ખરેખર દુઃખ થાય છે કે ઘણા સતપંથીઓ અજ્ઞાનતાના કારણે આવું માને છે.

194



ઈમામશાહ બાવાની પેઢી દર્શાવતો શિલા લેખ. અગાઉ જણાવેલ પેઢીની યાદી અને આ લેખમાં થોડો ફરક છે.

નવો સિદ્ધાંત ઊભો કરવામાં આવ્યો

- હરિવંશનો અંત થયો હોવા છતાં, અશરફ શાહ સૈય્યદને લઈને, એક નવો દિલચસ્પ સિદ્ધાંત ઊભો કરવામાં આવ્યો છે. એ વાત પ્રમાણે, હિંદુઓ પર અત્યાચાર કરનારો, કુખ્યાત અને ક્રૂર મુસલમાન રાજા, ઔરંગઝેબે પ્રમાણીત કર્યું કે અશરફ શાહ બાવા, ઈમામ શાહની ગાદીના ઉત્તરાધિકારી છે.
- આશ્ચર્યની વાત છે કે લોકો આ વાતને સાચી માને છે અને આજે ઈમામ શાહની ગાદીના દાવેદાર, શમશુદ્દીન ખાકીને (હવે તેમના ઉત્તરાધિકારી પુત્ર સલાઉદ્દીનને) માને છે. વધારામાં એવું પણ સાંભળવા મળે છે કે ઔરંગઝેબે શિયા મુસલમાનોને ખુશ કરવા, પોતાની સ્થિતિ ગુજરાતમાં મજબુત કરવા માટે દાન અને ખોટું પ્રમાણ પત્ર આપ્યું હતું. અને આ વાતની પાછળ અધ્યાત્મિક રીતે કોઈ સચ્ચાઈ નથી.
- હાલમાં તા. ૨૩-૦૨-૨૦૧૦થી શમશુદ્દીન બાવાના દીકરા, સલાઉદ્દીન બાવા ખાકી, પોતે ૧૫મો "સજ્જાદ નશીન" (ઉત્તરાધિકારી) હોવાનો દાવો કરે છે.
- હરિવંશના "ઉત્તરાધિકારી" સૈય્યદનો એવો પ્રચાર રહ્યો છે કે "ગાદીપતિ" સૈય્યદ શિવાય કોઈ પણ અન્ય સય્યદોને માનવા નહિ. પછી ભલે હરિવંશના સૈય્યદનો સગો ભાઈ કેમ ન હોય.


196

શમશુદ્દીન બાવા ખાકી

ઈમામ શાહની ગાદીના ૧૪માં ગાદીપતિ



ગુજરાત સમાચાર, ભુજ આવૃત્તિ - તા.૦૩ જુલાઈ ૨૦૧૧, પેજ: ૨



બેસણું

પીરશ્રી સૈયદ ઈમામશાહ બાવા (મુ.પીરાણા)ના ૧૪માં (ચૌદમાં) સજ્જાદાનશીન અને સતપંથ સનાતન વૈદિક ધર્મના પીરશ્રી પીરઝાદા સૈયદ શમ્સુદ્દિન બાવા સાહેબ "ખાકી" નું દેહાન્ત તા. ૧-૭-૧૧ના રોજ થયેલ છે. આપશ્રીનું બેસણું તા. ૪-૭-૧૧, સોમવારના રોજ સવારે ૯થી ૧૧ના સમયે "ખાકી" બાવાનું મકાન, મુ.પીરાણામાં નિર્ધારીત કરેલ છે.

લિ. સજ્જાદાનશીન પીરઝાદા સૈયદ સલાઉદ્દીન શમસુદ્દીન તથા પીરઝાદા સૈયદ મહંમદ અશરફ શમ્સુદ્દિન

- ઉપર – એક સારા સમયમાં શમશુદ્દીન બાવાનો ફોટો.
- નીચે – શમશુદ્દીન બાવા ખાકીના મૃત્યુ બાદ, તેમના બેસણાંની જાહેરાત, તા. ૦૩-૦૭-૨૦૧૧ના, ગુજરાત સમાચાર છાપાંની ભુજ આવૃત્તિમાં, પાનાં નં. ૨માં, અને અમદાવાદ આવૃત્તિમાં પણ, પ્રકાશિત થઈ હતી.
- આ જાહેરાતમાં તેમની "સતપંથ સનાતન વૈદિક ધર્મ ના પીર" હોવાની ઓળખ વર્ણવેલ છે.
- પીરાણા સતપંથીઓની, મુખ્ય કેન્દ્રિય સંસ્થા, ધી ઈમામ શાહ બાવા રોઝા સંસ્થાન કમીટી ટ્રસ્ટ, રજી નં E-૭૩૮, એમણે આ છપાવેલ હકીકતનો કોઇજ રદિયો આપેલ નથી.

197

4.4 ક.ક.પા. જ્ઞાતિમાં ક્રાંતિ

કચ્છ કડવા પાટીદાર (ક.ક.પા.) જ્ઞાતિમાં ક્રાંતિ
અને
તેની પીરાણા સતપંથ પર અસર

198

ક.ક.પા. જ્ઞાતિમાં ક્રાંતિની અસર ...

1. ક.ક.પા. જ્ઞાતિ અને પીરાણા સતપંથ વચ્ચે સંબંધ

- ક.ક.પા. જ્ઞાતિ અને પીરાણા સતપંથ વચ્ચે ખાસ સંબંધ છે.
- અગાઉની સ્લાઈડમાં આપે જોયું કે પીરાણા પંથીઓમાં મોટી બહુમતી ધરાવતો વર્ગ ક.ક.પા. જ્ઞાતિનો છે.
- એટલે સ્વાભાવિક છે કે ક.ક.પા. જ્ઞાતિના લોકોની ધાર્મિક આસ્થા, વિચારો અને ક્રિયાઓની, પીરાણા સતપંથ ઉપર અસર પડે.
- હવે પછીની સ્લાઈડોમાં જોઈશું કે કેવી વિપરીત અને દયનીય અવસ્થામાં, વર્ષ ૧૯૨૦ થી ૧૯૬૦ વચ્ચે, ક.ક.પા. જ્ઞાતિમાં ક્રાંતિ સર્જાઈ અને તેની પીરાણા સતપંથ પર કેવી અસર થઈ.

199

... ક.ક.પા. જ્ઞાતિમાં ક્રાંતિની અસર ...

2. ઈમામ શાહની સફળતા પાછળના મુખ્ય કારણો:

- ઈમામ શાહની સફળતા પાછળનું મુખ્ય કારણ હતું કે ઈમામ શાહ ચમત્કાર કરવામાં બહુ નિપુણ હતા.
- તેમની ચમત્કાર કરી શકવાની શક્તિના કારણે, કાશીની યાત્રાએ નીકળેલા એક સંઘને કાશી વિશ્વનાથના દર્શન, સેંકડો કિલોમીટર દૂર, પીરાણામાંજ કરાવી દીધા અને તેમને કાશી જવા ન દીધા. આ વાતના લીધે, લોકોમાં પોતાના પ્રત્યે આંકર્ષણ જગાવી શક્યા. લોકો ઈમામ શાહની ચમત્કારી શક્તિને નમન કરવા લાગ્યા અને પરિણામે ઈમામ શાહ બાવા પૂજનીય બની ગયા.
- બીજી વાર્તા એવી છે કે ત્રણ વરસથી સતત દુષ્કાળ પડવાના કારણે ત્રાસેલા ખેડૂતો, ઈમામ શાહ પાસે મદદ માંગવા ગયા અને ઈમામ શાહે વરસાદ વરસાવી બતાવ્યો. ગરીબ ખેડૂતોને આ વાતનો ચમત્કાર લાગ્યો અને ઈમામ શાહને તારણ હાર અને ભગવાન તરીકે માનવા લાગ્યા.
- ઘણી નાની મોટી એવી ચમત્કારની વાતો પ્રચલિત કરવામાં આવી છે. અમુક વાતોનો તો "ગીનાન"માં પણ સમાવેશ કરવામાં આવ્યો છે, જે ફક્ત અભણ, ગરીબ, અજ્ઞાન અને અંધ-શ્રદ્ધામાં ડૂબેલા વર્ગના લોકોની કલ્પનાને આકર્ષી શકવામાં સફળ થયેલ છે.
- એક વખત લોકો તેમને માનવા લાગ્યા એટલે ઈમામ શાહે ધીરેથી સતપંથને (શિયા મુસ્લિમનો એક પંથ) કલિયુગના સાચા હિંદુ ધર્મ તરીકે તેમની સામે રજુ કરી દીધો.
- ભણતરનો અભાવ, ગરીબી અને અજ્ઞાનતા ધરવતા લોકો ઈમામ શાહની ચમત્કારી શક્તિના લાભદાઈ અનુભવના લીધે તેમના પર અંધ-વિશ્વાસ મુક્યો. અને ઈમામ શાહ માટે કોઈ પણ શંકા કરવાની લોકોમાં શક્તિજ ન રહી. જે કપટી રીતથી ઈમામ શાહએ, કહેવાતા હિંદુ તત્વો મિશ્રિત કબ્રસ્તાની સતપંથ ધર્મ ને લોકો સામે પ્રસ્તુત કર્યો, તેને લોકોએ સહજ ભાવથી તેને અપનાવી લીધો.

200

... ક.ક.પા. જ્ઞાતિમાં ક્રાંતિની અસર ...

3. સતપંથનો અંગીકાર:

- શુક્રવાર તા. ૧૯-૧૦-૧૫૩૪ ના કડવા પાટીદાર ("ક.પા.") જ્ઞાતિના (આ જ્ઞાતિને "કણબી" કે "કુણબી" તરીકે પણ ઓળખાય છે), અમુક લોકોએ ઈમામ શાહનો ધર્મ, સતપંથનો અંગીકાર કર્યો.
- આ લોકો સતપંથ ધર્મ સ્વીકારીને "મુમના મુસલમાન" બની ગયા હતા.
- એક સમયે ભુજના સંગ્રહાલય (museum) માં મુમના કણબીની મૂર્તિ પણ રાખવામાં આવતી હતી.
- તે કાળમાં ક.પા.જ્ઞાતિ મહેસાણા જીલ્લામાં ઊંઝાની આસ પાસ વસ્તી હતી.
- ધીરે-ધીરે જ્ઞાતિના અન્ય હિંદુ સભ્યોને તેમના સતપંથીભાઈઓના મુસલમાની ધર્મની જાણ થઈ.

201

... ક.ક.પા. જ્ઞાતિમાં ક્રાંતિની અસર ...

4. કચ્છમાં સ્થળાંતર:

- અન્ય હિંદુ સમાજને અને કડવા પાટીદારોને જ્યારે સતપંથ ધર્મ, એક મુસલમાની ધર્મ છે, એવી ખબર પડી, ત્યારે સતપંથ ધર્મ પાળતા લોકોનો, હિંદુઓએ તેમજ પાટીદાર જ્ઞાતિએ બહિષ્કાર કર્યો. આના કારણે સતપંથીઓને તેમનો દેશ (ઉત્તર ગુજરાત) છોડીને કચ્છ તરફ પલાયન કરવું પડ્યું.
- ઉત્તર ગુજરાત જેવાં ફળદ્રુપ પ્રદેશને છોડીને કચ્છ જેવાં સુખા ભઠ પ્રદેશમાં જઈને વસવું કઈ સહેલું કામ નહોતું. કચ્છ જેવાં રણ અને દુષ્કાળ ગ્રસ્ત પ્રદેશમાં ખેતી કરવી એ એક ખેડૂત પ્રજા માટે કસૌટી રૂપ વાત હતી.
- કચ્છમાં આવ્યા પછી તેઓ પહેલાં ભચાઉની બાજુમાં "સિકરા" ગામમાં આવીને વસ્યા.
- કચ્છમાં આવીને વસવાટના કારણે તેમને "કચ્છ કડવા પાટીદાર"ની નવી ઓળખ મળી. આજે લગભગ ૫૦૦ વર્ષ પછી પણ આ જ્ઞાતિના ઘરોમાં ગુજરાતી ભાષા બોલાય છે. આજે પણ મોટા ભાગના લોકોને સ્થાનિક કચ્છી ભાષા નથી આવડતી.
- ઉપર જણાવેલ હકીકત, એ સહુંથી મોટો પુરાવો છે કે, કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ ગુજરાતથી કચ્છમાં આવીને વસી છે.

202

... ક.ક.પા. જ્ઞાતિમાં ક્રાંતિની અસર ...

5. હિંદુ રીત રિવાજો અને ક્રિયાઓનું પાલન:

- મુમના મુસલમાનની ઓળખ ધરાવીને, ઘણા કષ્ઠ વેઠીને, કચ્છ જેવાં દૂર્ગમ પ્રદેશમાં વસ્યા, પણ તેઓ હંમેશા એવું માનતા હતા કે તેઓ સાચા હિંદુજ છે.
- શા માટે નહિ? તેમના રીત રિવાજો અને ક્રિયાઓ હિંદુઓ જેવી હતી. લગ્ન અને મરણની ક્રિયાઓ પણ હિંદુઓના જેવીજ હતી (તા. ૧૯-૦૧-૧૭૭૬ સુધી). દિવાળી, નવરાત્રી, ગોકુળ અષ્ઠમી જેવા હિંદુ તહેવારો પણ મનાવતા.
- ઈમામ શાહના વંશજ સૈય્યદોને પૂજ્ય ગણતા, દસોન્દ અને અન્ય લાગાઓ આપતા અને ક્યારેકજ પીરાણાની યાત્રા કરતા. અને ત્યાં સુધી, ફક્ત આ બે ત્રણ અપવાદો શિવાય, તેમનામાં મુસલમાનોના કોઈ પણ રિવાજો સ્થાન પામ્યા નહોતા.
- જ્ઞાતિ અભણ, ગરીબ, અજ્ઞાની તેમજ ધાર્મિક રીતે અભ્યાસુ ન હોવાથી, હિંદુ ધર્મ અને સતપંથ ધર્મના ભેદોથી અજાણ હોવાના કારણે, સૈય્યદોની મોખિક સૂચનાઓ માનવા શિવાય તેમની પાસે કોઈ ઉપાયજ નહોતો. આ કારણે ધર્મ અંગે હિંદુ ધર્મથી વિપરીત એવી માન્યતાઓને ધીરેધીરે સ્વીકારી લીધી અને તે પ્રમાણેના આચરણો કરવા લાગ્યા.

203

... ક.ક.પા. જ્ઞાતિમાં ક્રાંતિની અસર ...

6. ક.ક.પા. જ્ઞાતિએ વિશ્રામબાપા નાકરાણીને આપેલું વચન (1/2):

- વહીવંચાઓના દસ્તાવેજો પર થી આ હકીકતને લેવામાં આવી છે.
- ક.ક.પા. જ્ઞાતિના ગેઢેરા અને આગેવાન શ્રી વિશ્રામબાપા નાકરાણી, કચ્છની સીમાની બાજુમાં આવેલું "શિકરા" ગામમાં આવ્યા. તે વખતે ક.ક.પા. જ્ઞાતિનું મથક શિકરા ગામ હતું. કચ્છના અંદરના ગામોમાં હજી જ્ઞાતિ એટેલી બધી ફેલાયલી નહોતી.
- વિશ્રામ બાપા ક.ક.પા. જ્ઞાતિના પ્રિય ગેઢેરા હતાં. આખી ક.ક.પા. જ્ઞાતિ તેમને માનતી હતી.
- સવંત 1685ના, એટલે વર્ષ 1628-29માં તેઓ માંદા પડ્યા અને છેલ્લી ઘડી આવી ગઈ.
- પણ તેમનો જીવ નહોતો જતો. તરફડિયાં મારતા હતા. એટલે તેમને પૂછવામાં આવ્યું કે... બાપા તમારી ઈચ્છા શું છે? તમારી સદગતિ કેમ નથી થતી?

204

... ક.ક.પા. જ્ઞાતિમાં ક્રાંતિની અસર ...

6. ક.ક.પા. જ્ઞાતિએ વિશ્રામબાપા નાકરાણીને આપેલું વચન (2/2):

- બાપાએ કહ્યું કે આપણે મોટી ભૂલ કરીને ઈમામ શાહને માનતાતો માની ગયા છીએ. એક મુસલમાનને ધર્મ ગુરુ બનાવી દીધા. દૂર્ભાગ્યવશ હવે પાછુંતો વળી શકાય તેમ નથી. પણ જો આપણે હિંદુ બનીને રહેવું હોય તો, મને બે વચન આપો;

  1. *તમે ક્યારેય "ગોકુળિયું" નહિ છોડો.* તેના કારણે ક.ક.પા. જ્ઞાતિ જનો હંમેશા કૃષ્ણ ભગવાનનો જન્માષ્ઠમી ઉત્સવ મનાવતા આવ્યા છે. (સૈય્યદો "ખાના"ની અંદર જન્માષ્ઠમી મનાવવા ન આપતા, એટલે ખાનાની ચાલીમા જન્માષ્ઠમી મનાવવાનો રિવાજ થઈ ગયો.)

  2. મુસલમાનોને એ વખતમાં ક.ક.પા. જ્ઞાતિ ઊતરતી કોમ માનતી હતી. એટલે ઊતરતી કોમનું રાંધેલું ન ખાજો. *પરમાટી (નોન વેજ) ન ખાતા.* (એક મુસ્લિમ ધર્મ પાળતા હોવા છતાં આજ સુધી ક.ક.પા. જ્ઞાતિ નોન-વેજ નથી ખાતી)

- ઉપર જણાવ્યા પ્રમાણે બાપાને આપેલ બે વચનોને ક.ક.પા. જ્ઞાતિ આજ સુધી પાળતી આવી છે. અને તેનાં કારણે સૈય્યદો, લાખ કોશિશ કરવા છતાં, આ જ્ઞાતિના ખાનપાનને ભ્રષ્ટ ન કરી શક્યા.

205

... ક.ક.પા. જ્ઞાતિમાં ક્રાંતિની અસર ...

7. કેશરા પરમેશ્વરાનો બળવો:

- તા. ૧૯-૦૧-૧૭૭૬ અને શુક્રવારના એક ઐતિહાસિક ઘટના બની, જેમાં ભવિષ્યની ક્રાંતિનું બીજ રોપાયું.

- તે વખતના પીરાણાના કાકા, પ્રાગજી અને સૈય્યદ વલીમિયાએ નખત્રાણામાં જ્ઞાતિ પંચની એક સભા બોલાવી.

- તેમની હાજરીમાં જ્ઞાતિમાંથી બ્રાહ્મણ અને વહીવંચાને ભગાડી રવાના કરી દેવામાં આવ્યા અને તેમના ફરી પ્રવેશ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો.

- ભારતની વર્ણ વ્યવસ્થામાં, ધાર્મિક જ્ઞાન અને તે અંગેની વિદ્વતા ધરાવતા, બ્રાહ્મણો અને, ઇતિહાસના સાચા જાણકાર અને તે અંગેની વિગતોનો સારી પેઠે સંગ્રહ ધરાવતા, ભાટ-ચારણ અને વહીવંચાઓ, સૈય્યાદોની મેલી મુરાદ પૂરી પાડવા માટે અવરોધક હતા. અને આ મેલી મુરાદ હતી, જ્ઞાતિને તેમના હિંદુ મૂળમાંથી ઊખેડી નાખવાની. કારણ કે ભારતની વર્ણ વ્યવસ્થામાં વ્યક્તિગત ધર્માંતરણ સફળ ન થાય, આખી જ્ઞાતિનો ધર્મ બદલાય, તોજ તે સફળ થઈ શકે.

206

... ક.ક.પા. જ્ઞાતિમાં ક્રાંતિની અસર ...

8. જ્ઞાતિમાં પહેલી ફૂટ:

- જ્ઞાતિના આગેવાન, જેઓ નેત્રા ગામના મુખી પણ હતા, તે શ્રી કેશરા તેજા સાંખુલા (કેશરા પરમેશ્વરા) ને, સૈય્યાદોના આ પ્રપંચની ગંધ પડી ગઈ. એજ સભામાં તેમણે તે ઠરાવનો વિરોધ કર્યો.
- પણ તે ઠરાવને અટકાવી શકે તેટલો તેમને સાથ ન મળ્યો. એટલે તેમના અમુક સાથીદારોને લઈને સભાનો બહિષ્કાર કર્યો.
- પોતાના ગામમાં જઈને તેમણે ગામના લોકોને સૈય્યદો અને કાકાના રચેલા પ્રપંચની હકીકત સમજાવી.
- સ્વામી નારાયણ સંપ્રદાયના સાધુની સનાતન ધર્મ અંગેની સલાહ અપનાવીને, તે ગામોના લોકોએ સામુહિક રીતે સનાતન હિંદુ ધર્મના સ્વામી નારાયણ સંપ્રદાયનો અંગીકાર કરાવડાવ્યો.
- ભલે કેશરા પરમેશ્વરાની સાથે નાની સંખ્યામાં માણસો હતા, પણ આ ઘટનાથી, લોકોના મનમાં, સતપંથનો હિંદુ હોવાના વાહિયાત દાવા, પર શંકા કાયમ માટે બેસી ગઈ.
- દૂર્ભાગ્યવશ જ્ઞાતિના અન્ય સભ્યો પીરાણા સતપંથને પાળતા રહ્યા. સૈય્યદોને પૂજ્ય ગણતા અને તેમને ધર્મ ગુરુ તેમજ આદ્યાત્મિક ગુરુ માનતા રહ્યા.

207

... ક.ક.પા. જ્ઞાતિમાં ક્રાંતિની અસર ...

9. મહાન નેતા નારાયણ રામજી લીંબાણીનો જન્મ:

- જ્ઞાતિમાં સૈય્યદોના આગમનને શુભ ગણાતું હતું. અનુયાયીઓ સૈય્યદોના આગમનને મોટી સંખ્યામાં મળીને મનાવતા અને તેમને પૈસા અને બીજી કીમતી વસ્તુઓ ભેટ આપતા. સૈય્યદોના એંઠાને પ્રસાદ માનતા અને અનુયાયીઓમાં વહેંચવામાં આવતો.
- સૈય્યદો, અનુયાયીના છોકરાંઓને ભણાવવાની ના પડતા. સૈય્યદોને ધર્મ ગુરુ માનતા, એટલે લોકો તેમની વાતો પર આંધળો વિશ્વાસ રાખતા અને તેમની વાતોનું અક્ષરે-અક્ષર પાલન કરતા.
- અજ્ઞાનતાની સાથે, કોઈપણ સંજોગોમાં, દસોન્દ અને લાગાઓ આપવાની મજબૂરી હતી. દુ:ખોમાં વધારો કરવા માટે કચ્છમાં વારે ઘડીયે પડતા દુષ્કાળો તો હતાજ. લોકોની હાલત જાનવરોથી પણ ખરાબ હતી.
- આવી દયનીય અને ખરાબ પરિસ્થિતિમાં કેશરા પરમેશ્વરાના બળવાના ૧૦૮ વરસ પછી, તા. ૨૨-૫-૧૮૮૩નાં રોજે જ્ઞાતિના મહાન નેતા, શ્રી નારાયણજી રામજી લીંબાણીનો જન્મ કચ્છના એક ગામ વિરાણી મોટીમાં થયો.
- નારાયણ રામજી લીંબાણીએ, તેમના પિતાની દેખરેખ હેઠળ પાંચમાં ધોરણ સુધીનો અભ્યાસ પુરો કર્યો. તે વખતે પાંચમાં ધોરણ સુધી ભણેલા, આખી જ્ઞાતિમાં, ફક્ત બીજા ચાર જણજ હતા.

208

... ક.ક.પા. જ્ઞાતિમાં ક્રાંતિની અસર ...

10. નિર્ણાયક ઘડી - (1 / 2):

- તેમના પિતાની જેમ, નારાયણ રામજી પણ એક કુશળ મકાન બનાવવાના ઠેકેદાર અને કારીગર હતા. ધંધામાં પોતાનું કિસ્મત અજમાવવા તેઓ વર્ષ ૧૯૦૨માં મુંબઈ આવ્યા અને તેમાં તેમને ખુબ સફળતા પણ મળી.
- ત્યારે વર્ષ ૧૯૦૮માં, તેમના જીવનમાં એવી ઘટના ઘટી કે તેના થકી તેમનું જીવન સદાય માટે બદલી ગયું. આ ઘટનાની જ્ઞાતિ પર પણ કાયમી અસર થઈ.
- એક દિવસ, ઘર બનાવવાના નવા ઠેકા માટે શેઠ શ્રી કેશવજી દામજીને મળ્યા. સંજોગવશાત આ શેઠ પણ કચ્છના વતની હતા. તેઓ ભાટિયા જ્ઞાતિના હતા.
- શ્રી કેશવજી દામજીએ મકાન બનાવાનો કોન્ટ્રાકટતો નારાયણ રામજીને આપ્યો, પણ તેમને એક વાત કહી, જેનાથી નારાયણ બાપાનું જીવન બદલાઈ ગયું.

209

... ક.ક.પા. જ્ઞાતિમાં ક્રાંતિની અસર ...

10. નિર્ણાયક ઘડી - (2 / 2):

- તેમણે કચ્છી ભાષામાં કટાક્ષ કરતા કહ્યું કે “એ દેખાય છે હિંદુ જેવા, પણ ધર્મમાં તો એ કાફર છે – ન ઈ હિંદુ અને ન ઈ મુસલમાન. આ લોકોમાં મરે ત્યારે દાટે અને પરણે ત્યારે દુઆ પડે”.
- આ વાત સંભાળીને નારાયણ બાપાને જાણે ઝટકો લાગ્યો અને ચિંતન કરવા લાગ્યા કે હિંદુ હોવા છતાં મારી જ્ઞાતિના ધર્મનું આવું અપમાન કેમ? શું મારી જ્ઞાતિ હિંદુ નથી?
- સચ્ચાઈ જાણવાની જિજ્ઞાસાના કારણે તેઓ સત્યની ખોજ કરવા નીકળ્યા.
- હિંદુ ધર્મના ઘણા આગેવાનોને મળ્યા અને સાચો હિંદુ ધર્મ શું છે તે જાણ્યું. તેમણે એ પણ જાણ્યું કે પીરાણા સતપંથ એ હિંદુઓને વટલાવીને મુસલમાન બનાવવા માટે તૈયાર કરેલી એક “વ્યવસ્થા” છે, એક કારસો-પ્રપંચ છે. જેમાં અનુયાયીઓની અજ્ઞાનતાનો લાભ લઈને, પોતે સાચો હિંદુ ધર્મ પાળે છે, તેવું ખોટું ઠસાવીને મુસલમાન ધર્મ પાળતા કરી દેવાય છે.

210

... ક.ક.પા. જ્ઞાતિમાં ક્રાંતિની અસર ...

11. સતપંથ ધર્મનું જ્ઞાન લીધું:

- લાંબા સમય સુધી સતત મહેનત કર્યા બાદ, નારાયણ બાપાએ સતપંથ ધર્મના જ્ઞાન પર મહારથ હાંસલ કરી લીધી.
- તેમના જ્ઞાનનું સ્તર એટલું ઉચ્ચ હતું કે આગળ જતાં તેમણે એક પુસ્તક બહાર પાડયું. જેનું નામ "પીરાણા સતપંથની પોલ અને સત્યનો પ્રકાશ" હતું. પીરાણા સતપંથના છુપા ભેદ બહારી દુનિયા સામે મુકતું આ પહેલું પુસ્તક હતું.
- આજે પણ, આ વિષયના અભ્યાસુ, પ્રખ્યાત લેખકો અને વિદ્વાનો, આ પુસ્તકનો સંદર્ભ લેતા હોય છે.

211

... ક.ક.પા. જ્ઞાતિમાં ક્રાંતિની અસર ...

12. ક્રાંતિની શરૂઆત:

- સતપંથ ધર્મનું જ્ઞાન લીધા પછી, નારાયણ બાપા તેમના સાથીદારો અને મિત્રો સાથે ચર્ચા કરવા લાગ્યા અને તેમના વિચારોને લોકોનો ટેકો મળવા લાગ્યો.
- તા. ૦૪-૦૬-૧૯૦૮નાં તેમના ૭ મિત્રો સાથે, ત્રંબકેશ્વરની પવિત્ર ભૂમિમાં, દેહ શુદ્ધિ કરાવીને, જનોઈ ધારણ કરીને સનાતન હિંદુ ધર્મનો અંગીકાર કર્યો.
- શરૂઆતમાં નાની સભાઓ ભરવા લાગ્યા અને તેમાં તેવો સતપંથની પોલ લોકો સામે મુકવા લાગ્યા. ઘણા લોકો તેમની વાતોથી પ્રભાવિત થયા અને તેમના વિચારોનું સમર્થન કરવા લાગ્યા.
- જ્યારે જ્ઞાતિના લોકોને ખબર પડતી કે જે ધર્મ તેઓ પાળે છે, તે કઈ હિંદુ ધર્મ નથી, ત્યારે લોકોને મોટો આઘાત લાગતો.
- ધીરે-ધીરે લોકોનો સાથ મળતો ગયો અને લોકો સનાતન હિંદુ ધર્મ અંગીકાર કરવાની તૈયારી બતાવતા ગયા.
- નારાયણ બાપાએ "સંપૂર્ણ વિભાજન"ની રણનીતિ અપનાવી. સતપંથીઓના પડછાયાથી પણ કોઈ સંબંધ ન રાખવાના હિમાયતી હતા.

212

... ક.ક.પા. જ્ઞાતિમાં ક્રાંતિની અસર ...

13. લાંબા સમય માટે સફળતા ટકાવી ન શકાઈ:

- તેમણે અભિયાન વર્ષ ૧૯૦૮માં શરૂ કર્યું અને ૧૯૨૦ના દાયકાની શરૂઆતમાં શિખર સુધી પોહચ્યું.
- તે સમયે, નારાયણ બાપા અને, તેમના જમણા હાથ સમાન, શ્રી રતનશી ખીમજી ખેતાણીની સાથે મળીને તેઓએ ઘણા ગામોમાં સભાઓ કરી. તેઓ ત્રણ, જંગી, જ્ઞાતિ સંમેલન પૂર્ણ કરવામાં પણ સફળ રહ્યા.
- એમની સભાઓમાં પીરાણા સતપંથને સદાય માટે ત્યાગવાના ઠરાવો, સર્વાનુમતે, પસાર કરવામાં આવતા.
- ઘણા પરિવારોએ સનાતન હિંદુ ધર્મનો અંગીકાર પણ કર્યો.
- પણ શરૂઆતની સફળતા ધીરે-ધીરે ઠંડી પડવા લાગી.
- જે લોકોએ નારાયણ બાપાના પ્રભાવમાં આવીને હિંદુ ધર્મ સ્વીકાર્યો હતો, તેઓ પાછા પીરાણા સતપંથનો અંગીકાર કરવા લાગ્યા. નારાયણ બાપા અને તેમના અભિયાન માટે આ બહુ મોટો ધક્કો હતો.

213

... ક.ક.પા. જ્ઞાતિમાં ક્રાંતિની અસર ...

14. સફળતા ન મળવાના કારણો – (1 / 2):

- વિઘ્નના બે મુખ્ય કારણો હતા;

1. જે લોકોએ હિંદુ ધર્મ સ્વીકાર્યો હતો, તેઓને જ્ઞાતિના, મોટી બહુમતી ધરાવતા, સતપંથી ભાઈઓ દ્વારા તરતજ જ્ઞાતિ બહાર મૂકવામાં આવતા.

• જ્ઞાતિ બહાર કરેલા લોકોને વ્યવહારિક અડચણો થવા લગી. કારણકે તેમના સગાં સંબંધીઓ પીરાણા સતપંથીઓ હતા. સગાં સંબંધીઓ દ્વારા તેઓપર દબાણ મુકવામાં આવતું અને તેમને રોજબરોજના જીવનમાં તકલીફો વેઠવી પડતી. આવા લોકોને જ્ઞાતિના સતપંથી ગેઢેરાઓ દ્વારા ખુબજ સતાવવામાં આવતા અને તેઓએ આ પ્રયત્નો સતત ચાલુ રાખ્યા હતા. તેમનું જીવન ખુબજ મુશ્કેલીમાં મૂકી દેવામાં આવતું.

2. નારાયણ બાપા આર્ય ધર્મના હિમાયતી હતા. આર્ય ધર્મને ચોખ્ખા હિંદુ ધર્મનું એક ફાંટો ગણાય છે. આર્ય ધર્મની ક્રિયાયો નું પાલન કરવું કઠીન હોય છે. આજના યુગમાં ભણેલ વર્ગને પણ આર્ય ધર્મની ક્રિયાઓ પાળવી અઘરી લાગે છે.

214

... ક.ક.પા. જ્ઞાતિમાં ક્રાંતિની અસર ...

14. સફળતા ન મળવાના કારણો – (2 / 2):

- સેંકડો વર્ષોથી હિંદુત્વથી વિમુખ રહેવાના કારણે, જ્ઞાતિ હિંદુ ધર્મની ક્રિયાઓ, મૂલ્યો અને સિદ્ધાંતો ને મોટે ભાગે ભૂલી ચુકી હતી.
- પરિસ્થિતિ એવી હતી કે જાણે, એક બાળમંદિરના વિદ્યાર્થીને ૧૦માં ધોરણમાં ભરતી કર્યો હોય. સ્વાભાવિક છે કે આવા સંજોગોમાં વિદ્યાર્થી મુંઝાઈ જાય અને અભ્યાસમાં તેનું મન ન લાગે. છેલ્લે ભણવાનું છોડી દે.
- એટલે નવા નિશાળિયાના રૂપે તાજા બનેલા હિંદુઓને હિંદુ ધર્મનો એક ચુસ્ત પંથ પળાવવામાં સફળતા ન મળી.

215

... ક.ક.પા. જ્ઞાતિમાં ક્રાંતિની અસર ...

15. નારાયણ બાપાના પ્રયત્નો નિરર્થક ન ગયા:

- પરિસ્થિતિ દિન પ્રતિ દિન બગડતી ગઈ. નારાયણ બાપાના ઘરે રોજ સવાર થતી અને જાણે કે સાદડી ભરાતી. લોકો પાઘડી ઉતારીને બાપાના પગમાં મુકીને કહેતા કે અમારાથી આ ધર્મ (હિંદુ) નહિ પળાય. બાપાના સાથીદારો પણ ઓછા થવા લાગ્યા.
- નારાયણ બાપા અને તેમના સાથીદારોને બહુ મોટો આઘાત લાગ્યો, જેનાથી તેઓ ક્યારેય બહાર ન આવી શક્યા.
- જ્ઞાતિને પાછા હિંદુ ધર્મમાં લાવવામાં બાપા સફળ ન થયા.
- પણ, બાપાની મહેનત સંપૂર્ણ રીતે નિરર્થક ન ગઈ. જ્ઞાતિને તેનો સાચો ધર્મ સમજાઈ ગયો. જ્ઞાતિમાં જે જાગૃતિ તેઓ લઇ આવ્યા હતા, તેના કારણે એટલીતો ચિનગારી ઉત્પન્ન થઇ કે આગળ જતાં બીજા લોકો, એ ચિનગારીની મદદથી, સમાજમાં ધર્મ ક્રાંતિની મશાલને ચાલુ રાખી શક્યા.

216

... ક.ક.પા. જ્ઞાતિમાં ક્રાંતિની અસર ...

16. ઓધવરામ મહારાજનું આગમન:

- આવા સંજોગોમાં એક સાચા સંત, શ્રી ઓધવરામ મહારાજનું જ્ઞાતિના હિતાર્થે આગમન થયું. નારાયણ બાપાના જમણા હાથ સમાન ગણાતા, વિરાણી મોટી ગામના બીજા મહાન વીર, શ્રી રતનશી ખીમજી ખેતાણી સાથે તેમનો ભેટો થયો.
- નારાયણ બાપા અને તેમના સાથીદારોની કાર્ય પ્રણાલીની સમજણ લીધા પછી, ઓધવરામ મહારાજે રતનશી બાપાને **"સદભાવના"**ની રાહ/રણનીતિ બતાવી.
- સતપંથીઓથી દૂર રહેવાના બદલે સતપંથીઓ સાથે સંપર્ક બનાવી તેમને પ્રેમથી જીતવાની રણનીતિ બનાવી હતી. સમય જતાં આ રણનીતિ બહુ કારગર સાબિત થઈ.
- આ રણનીતિએ સુનિશ્ચિત કર્યું કે લોકો પીરાણા સતપંથની બેડીઓથી આઝાદ થઈને હમેશ માટે હિંદુ ધર્મનો અંગીકાર કરી શકે અને ધર્માન્તરણની પ્રક્રીયા પણ બહુ સહેલી કરી દીધી.

217

... ક.ક.પા. જ્ઞાતિમાં ક્રાંતિની અસર ...

17. "સદભાવના" રણનીતિની સફળતા:

- જાત અનુભવથી મોટો કોઈ પણ અનુભવ ન હોઈ શકે. જ્યારે, રતનશી બાપાએ, ઓધવરામ મહારાજે બતાવેલી રણનીતિ તેમના પોતાના ઘરમાં વાપરીને, તેમના ભાઈઓના પરિવારને સનાતન ધર્મ અપનાવા માટે રાજી કરી લીધા, ત્યારે તેમને ઓધવરામજી મહારાજ માટે અટ્ટ શ્રદ્ધા અને વિશ્વાસ જાગ્યો.
- તેમની રણનીતિ, કારગરતો હતીજ, પણ સાથે નારાયણ બાપાની સંપૂર્ણ વિભાજનની રણનીતિની ખામીઓથી પીડાતી નહોતી.
- સતપંથીઓથી દૂર રહેવાના બદલે, તેમને માન આપી, તેમની સાથે સંપર્ક જાળવીને તેમને સનાતન ધર્મ અપનાવા માટે રાજી કર્યા.
- રતનશી બાપા અને તેમના સાથીદારો, ઓધવરામજી મહારાજ સાથે મળીને ગામે ગામ ફર્યા અને અગણિત સભાઓ કરીને લોકોને સનાતન (હિંદુ) ધર્મ અપનાવા માટે રાજી કર્યા.
- પીરાણા સતપંથ સમાજથી જુદા થઈને રતનશી બાપા અને તેમના સાથીદારોએ નવી 'કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ" ઉભી કરી, જે સનાતનીઓ (હિંદુઓ) ની કેન્દ્રિય સમાજ હતી.

218

... ક.ક.પા. જ્ઞાતિમાં ક્રાંતિની અસર ...

18. લક્ષ્મીનારાયણ મંદિરો બંધાયા:

- પીરાણા સતપંથ ધર્મના કારણે જ્ઞાતિ તેમના મૂળ આરાધ્ય દેવને ભૂલી ગઈ હતી. ઓધવરામજી મહારાજે દૂરંદેશી વાપરીને જ્ઞાતિને શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનને આરાધ્ય દેવ તરીકે સુચવ્યા. તેના કારણે જ્ઞાતિને હિંદુ તરીકેની આગવી ઓળખ મળી અને તે ઓળખ આજ દિવસ સુધી કાયમ રહી.
- ભવિષ્યમાં લોકો પાછા સતપંથ ધર્મ તરફ ન વળે, તે સુનિશ્ચિત કરવા માટે, ધાર્મિક અને સામાજીક માળખું ઉભું કરવાની જરૂર જણાઈ. જેમકે મંદિરો અને સમાજ વાડીઓ.
- રતનશી બાપાએ ઓધવરામજી મહારાજ અને તેમના શિષ્ય દયાલદાસજી મહારાજના સાનિધ્યમાં જ્ઞાતિના અંદાજીત કચ્છના ૬૫ જેટલાં ગામોમાં જઈને લક્ષ્મીનારાયણ મંદિરની સ્થાપના કરી.
- રતનશી બાપાના આવા પ્રયાસોના કારણે હિંદુઓનું મનોબળ મજબૂત થયું અને લોકોનો સાથ મળતો ગયો.
- તે દરમ્યાન, જ્ઞાતિના કુળદેવી ઉમિયા માતાજીનું મંદિર કચ્છમાં હોવું જોઈએ તેનું મહત્વ સમજીને ઓધવરામજી મહારાજે, કચ્છ, દેસલપર વાંઢાયમાં કડવા પાટીદારોના કુળદેવી ઉમિયા માતાજીનું મંદિર બાંધવામાં ખુબ અંગત રસ લીધો અને સન ૧૯૪૫માં સનાતની સમાજ દ્વારા ઉમિયા માતાજીના મંદિરની સ્થાપના થઇ.
- તાજેતરમાં તારીખ ૧૪-૦૫-૨૦૧૧ના શુભ દિવસે, શંકરાચાર્યો અને અન્ય ઉચ્ચ ધાર્મિક સંતોની ઉપસ્થિતિમાં અને તેમના આશીર્વાદથી, કચ્છ દેસલ્પર (વાંઢાય) ખાતે, આપણી સમાજના સર્વે કચ્છના ગામો તેમજ અન્ય પ્રાંતોમાં આવેલ લક્ષ્મીનારાયણ મંદિરોને એક સુત્રે બાંધવા માટે, એક શાનદાર, સર્વોચ્ચ કેન્દ્રિય સ્થાન, "સંસ્કાર ધામ" ની સ્થાપના કરવામાં આવેલ છે.

219

... ક.ક.પા. જ્ઞાતિમાં ક્રાંતિની અસર ...

19. ઓધવરામજી મહારાજનો પ્રભાવ અને રતનશી બાપાની લાગણી ભરી હાકલ:

- રતનશી બાપા લાગણી ભર્યા ભાષણ માટે પ્રખ્યાત હતા. તેઓ પોતાના ભાષણોથી લોકોના દિલ જીતી લેતા અને લાગણીથી લોકો રડવા લગતા. તેમને સાથ મળતો ઓધવરામજી મહારાજના પ્રભાવનો. ઓધવરામજી મહારાજ તેમના ભાષણોથી શ્રોતાઓ પર એવો જબરદસ્ત પ્રભાવ છોડતા કે લોકો ધર્મ પરિવર્તન કરી હિંદુ સનાતન ધર્મ અપનાવવા માટે તરતજ તૈયાર થઈ જતા.
- લોકોનું હૃદયથી પરિવર્તન થયું હતું. કોઈએ તેમના પર જોર જબરદસ્તી નહોતી કરી.
- પૂર્વજોના સાચા અને મહાન હિંદુ ધર્મને જાણવાની ખુશી સાથે, તેમના બે મહાન અને લોકપ્રિય નેતાઓ પર અટૂટ વિશ્વાસના કારણે લોકોના હૃદય પરિવર્તિત થયા.

20. સરળ ધાર્મિક ક્રિયાઓ અપનાવી:

- ઉપર જણાવેલ મુદ્દાઓની સાથે સાથે સરળ અને પાળવા લાયક ધાર્મિક ક્રિયાઓ અપનાવવાના કારણે લોકો સરળતા અનુભવવા લાગ્યા. લોકોને, ઓધવરામજી મહારાજે રજુ કરેલો હિંદુ સનાતન ધર્મ પાળવામાં અને સમજવામાં બહુ સરળ અને વહેવારિક લાગ્યો.
- મૂળ સનાતન ધર્મ (હિંદુ ધર્મ)માં, જ્ઞાતિને પાયમાલ કરી દેતી સતપંથી દસોન્દ અને અન્ય ધાર્મિક લાગાઓ ભરવાની કોઈ જરૂરી નહોતી.
- ધાર્મિક કર ભરવાની ફરજમાંથી આઝાદી મળી ગઈ. લોકો ખુશખુશાલ થઈ ગયા. તેમની ખુશીનો કોઈ પાર ન રહ્યો અને ભૂલાઈ ગયેલો સાચો હિંદુ ધર્મ ફરીથી અપનાવવા લાગ્યા.

220

... ક.ક.પા. જ્ઞાતિમાં ક્રાંતિની અસર ...

21. જ્ઞાતિનું ધર્મ પરિવર્તન:

- હિંદુ ધર્મમાં દસોન્દ અને લાગાઓ ભરવાની ફરજ ન હોવાના કારણે, જ્ઞાતિની ઝડપી પ્રગતિ થઈ. લોકોની આર્થિક પ્રગતિની સાથે, તેમની કમાણીમાં બરકત થવા લાગી.
- ૧૯૨૦ના દાયકાની મધ્યમાં, સનાતનીઓની કેન્દ્રીય સમાજની જે રચના થઈ હતી, તે સમાજ ખુબ સારી રીતે કામ કરતી હતી. આ સંસ્થા સનાતનીઓના હિત માટે બનાવવામાં આવી હતી અને ધીરે-ધીરે પીરાણા સતપંથ સમાજથીએ મોટી સમાજ બની ગઈ.
- એજ સમય દરમ્યાન, રતનશીબાપા અને તેમના સાથીદારોએ, એક સુનિયોજિત યોજના મુજબ, ગામના આગેવાનોને મળીને, તેમના દિલ જીતવાનું કામ સુપેરે ચાલુ રાખ્યું.
- થોડા સમયમાંજ, ઓધવરામજી મહારાજે બતાવેલ રણનીતિ ચમત્કાર કરવા લાગી.
- એક સમય એવો આવ્યો કે લગભગ સંપૂર્ણ જ્ઞાતિ, હિંદુઓની મુખ્ય ધારામાં જોડાઈ ગઈ.

221

... ક.ક.પા. જ્ઞાતિમાં ક્રાંતિની અસર

22. ઔપચારિક અને કાયદેસરની સંસ્થા / સમાજની રચના:

- ઓધવરામજી મહારાજની પ્રેરણા થઈ અને એવો સમય આવ્યો, જ્યારે સમાજમાં કેળવણીની અત્યંત મહત્તા સમજાઈ. વિદ્યાર્થીઓ માટે સમાજે નખત્રાણામાં એક મોટી અને આલીશાન "પાટીદાર બોર્ડીંગ" બાંધી.
- નવી કેન્દ્રીય સમાજ, જે લગભગ ૪ દાયકા જેટલી જૂની હતી, જેના પ્રમુખ શ્રી રતનશી ખીમજી ખેતાણી, મોટી વિરાણી અને મુંબઈ ઘાટકોપર વાળા હતા અને મહામંત્રી શ્રી નથુભાઈ નાનજી નખત્રાણા વાળા હતા, એ સમાજ બહુ સારા અને અસરકારક સામાજીક કામો કરતી હતી. ભવિષ્યનું ધ્યાન રાખીને, વર્ષ ૧૯૬૦માં આ સમાજને એક ઔપચારિક અને કાયદેસરતાનું રૂપ આપવામાં આવ્યું. આજે આ સમાજને "કચ્છ કડવા પાટીદાર સમાજ" (ટૂંકમાં "ક.ક.પા. સમાજ") તરીકે ઓળખાય છે. જેનું પાછળથી નામ બદલીને "અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ" (ટૂંકમાં "અ.ભા.ક.ક.પા. સમાજ") કરવામાં આવ્યું.
- ઓધવરામજી મહારાજ અને રતનશી બાપાના સંપર્કમાં રહેવાના કારણે, તેમના સાથીદારો પણ બહુ લોકપ્રિય બની ગયા હતા. અને તેઓએ આ કાયદાકીય સંસ્થાનો પાયો નાખ્યો અને પહેલા ટ્રસ્ટી અને કારોબારી સભ્યો બન્યા. દુર્ભાગ્યવશ, તે સમયે રતનશી બાપાની તબિયત સારી નહોતી રહેતી, તેથી તેઓ સમાજની મિટીંગો અને પ્રસંગોમાં હાજરી આપી શકવા માટે અસમર્થ હતા.
- આ "પાટીદાર બોર્ડીંગ" મકાનમાં કેન્દ્રિય સમાજનું કાર્યાલય રાખવામાં આવ્યું, જે આજે પણ છે.

222

ક્રાંતિ પછી પણ કેમ સતપંથ ચાલ્યો?

- કોઈ પણ સાધારણ વ્યક્તિના મનમાં એક સવાલ થશે... કે જો સતપંથ, હિંદુ ધર્મ નથી અને સતપંથના અનુયાયીઓને હિંદુ ધર્મ પાળવો હતો, તો પછી સતપંથ સાથે તેઓ કેમ ટકી રહ્યા?
- ધ્યાન પૂર્વક ચિંતન કરીએ તો આનો જવાબ મળશે.
- સતપંથના અનુયાયીઓને બે મુખ્ય ભાગમાં વિભાજીત કરી શકાય;
  1. **જાણકાર લોકો:** આ લોકોને ખબર છે કે સતપંથ હિંદુ ધર્મ નથી. પણ અપનાવી લીધેલા ધર્મમાંજ શ્રદ્ધા રાખી, તેઓ એ ધર્મ પાળે છે.
  2. **અજાણ લોકો:** આ લોકો સતપંથની સચ્ચાઈથી અજાણ છે. તાકિયાની મદદથી, સતપંથના નેતાઓએ, આ લોકો પર એવું ઠોકી બેસાડ્યું છે કે બીજા લોકોની વાત ન માનવી અને ખાસ કરીને તેમના સનાતની ભાઈઓની તો નહીજ. દયા આવે છે કે આજના આધુનિક યુગમાં પણ આ લોકો બેવકૂફ બની રહ્યા છે અને અર્ધદગ્ધ ઇસ્લામી પરંપરાને હિંદુ ધર્મ સમજીને પાળ્યા રાખે છે.

223

4.5 પીરાણા સતપંથમાં અશાંતિ

ખરાબ દોરથી ગુજરતા પીરાણા સતપંથમાં સર્જાઈ અશાંતિ

224

પીરાણા સતપંથમાં અશાંતિ ...

1. ગબડતી પરિસ્થિતિ:

- શરુઆતમાં નારાયણ બાપાનો લોકો ઉપર હિંદુ ધર્મના નામે ઊંડો પ્રભાવ અને પાછળથી ઓધવરામજી મહારાજ, રતનશી બાપા અને તેમના સાથીઓ દ્વારા કારગર અને ઘાતક પ્રહારોના કારણે પીરાણા સતપંથનો, જુઠ્ઠાણાના પાયાપર બનેલો, પત્તાનો કિલ્લો પડવા લાગ્યો.
- લોકોને ખુબજ સારી રીતે સમજાઈ ગયું હતું કે, જે હિંદુ ધર્મ તેઓને પાળવો હતો, તેની આજુ બાજુ પીરાણા સતપંથ ક્યાય ફરકી શકે તેમ ન હતો.
- લોકોને ગેર હિંદુ ધર્મ પાળવામાં કોઈ રસ નહોતો.
- પીરાણા સતપંથના છુપા ભેદો લોકો સામે આવી ગયા હતા. પીરાણા સતપંથના અનુયાયીઓની સંખ્યા જલદી-જલદી ઘટવા લાગી. તેઓ હિંદુ ધર્મ અપનાવવા માટે માનસિક રીતે તૈયાર થઇ ગયા હતા. રતનશી બાપા અને તેમના સાથીદારોના પ્રયાસોનો રંગ દેખાવા લાગ્યો.

225

... પીરાણા સતપંથમાં અશાંતિ ...

2. આંતરિક લડાઈઓ -1931નો કોર્ટ કેસ –(1 / 2):

- તે કાળમાં પીરાણા સતપંથની સંસ્થા વિવાદો અને આંતરિક ઝગડાઓથી ઘેરાયલી હતી.
- 1931ના પ્રખ્યાત કોર્ટ કેસ (Civil Suit No 168 of 1931 before First Class Sub Judge, Ahmedabad) ની પીરાણા સતપંથ ઉપર આગામી અને કાયમી અસર પડી અને સંસ્થાનો વહીવટ કરવાની રીત કાયમ માટે બદલાઈ ગઈ. આ કેસ સૈય્યદો અને સતપંથના અનુયાયીઓ (કાકાનો સાથ મેળવીને) વચ્ચે ઘણો લાંબો ચાલ્યો.
- પીરાણાની મિલકત અને દસોન્દના પૈસા પર હક્કનો વિવાદ હતો.
- 1939માં જ્યારે કેસનો નિર્ણય આવ્યો, ત્યારે કોર્ટે એક ટ્રસ્ટ બનાવવાનો ફેસલો આપ્યો. આ ટ્રસ્ટનું નામ છે "ધી ઈમામ શાહ બાવા રોઝા સંસ્થાન કમીટી ટ્રસ્ટ" જેનું રજિસ્ટરેશન નં છે "ઈ-૭૩૮" (E-738). જે આજે પણ આ સંસ્થા પીરાણા સતપંથની સર્વોચ્ચ સંસ્થા છે.
- કાકાના એક હથ્થુ સંસ્થાના સંચાલનમાં, સૈય્યદોને પહેલી વખત, કાયદેસર રીતે, ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે ભાગ લેવા મળ્યો.

226

... પીરાણા સતપંથમાં અશાંતિ ...

2. આંતરિક લડાઈઓ -1931નો કોર્ટ કેસ –(2 / 2):

- ટ્રસ્ટમાં ૭ ટ્રસ્ટી ક.ક.પા જ્ઞાતિના હોય છે અને ૩ ટ્રસ્ટી સૈય્યદો હોય છે. અને પીરાણાના કાકા, હોદ્દાની રૂએ ટ્રસ્ટના ચેરમન હોય છે.
- સૈય્યાદોના હાથે થતી ક્રિયાઓ માટે, તેમને આપવાના પૈસા નક્કી કરવામાં આવ્યા. તેવીજ રીતે ધાર્મિક પ્રસંગોમાં સૈય્યદોને આપવાની ભેટ પણ નક્કી કરવામાં આવી.
- કહેવાતા હરિવંશના ગાદી પતિ સૈય્યદ શિવાયના, પીરાણાના સૈય્યદો અને કાકા વચ્ચે નાના મોટા ઝગડા ચાલતાજ રહ્યા.
- કાકા અને સૈય્યદો વચ્ચે વેર ઝગડાના કારણે અનુયાયીઓની સંખ્યા ઘટતી ગઈ. તેમની પોલ લોકો સામે આવી ગઈ હતી. જુજ કટ્ટરવાદી અનુયાયીઓજ બચ્યા હતા.

227

... પીરાણા સતપંથમાં અશાંતિ ...

3. સજીવન કરવાના નિષ્ફળ પ્રયાસો -(1 / 2):

- પીરાણા સતપંથમાં અંદરો અંદર ઝગડા ચાલતા હતા, ત્યારે એક જલાલશાહી સૈય્યદ, બાવા અહમદ અલી ખાકીએ પીરાણાના સાહિત્યોને ફરીથી લખવાનું કામ શરુ કર્યું.
- અહમદ અલી ખાકીએ, ઈમામ શાહના વંશજ અશરફ શાહ બાવાના વારસદાર હોવાનો દાવો કર્યો. તેઓ ઈમામ શાહની ગાદીના સીધા ઉત્તરાધિકારી ન હોવા છતાં, તેઓએ પીરાણા સતપંથના જીવતા ઈમામ (ભગવાન વિષ્ણુનો ૧૦મો અવતાર) હોવાનો પણ દાવો કર્યો.
- સતપંથમાં ભગવાન વિષ્ણુના ૧૦મા અવતારના વારસદારને "હરિવંશી" તરીકે માનવામાં આવે છે. એટલે અમુક સતપંથીઓ તેમને "હરિવંશી સૈય્યદ" તરીકે માનવા લાગ્યા.
- પીરાણા સતપંથની ગબડતી હાલતથી તેઓ વાકેફ હતા અને તેના ઉપાયમાં તેઓએ તાકિયાનો પ્રયોગ કરવાનું શરૂ કર્યું. તેઓએ સાહિત્યોમાંથી "અરબી" શબ્દો કાઢીને "હિંદુ" શબ્દો મુકવાનું નક્કી કર્યું.
- વેદો, પુરાણો, કુરાન, બાઈબલનું ઊંડું જ્ઞાન લીધું અને સંસ્કૃત ભાષા પર પ્રભુત્વ મેળવી લીધું.
- તેઓએ ઘણા પુસ્તકો છપાવ્યા, જેમાં સતપંથીઓનું, "દસ અવતાર" નામનું પુસ્તક મુખ્ય છે.

228

... પીરાણા સતપંથમાં અશાંતિ ...

3. સજીવન કરવાના નિષ્ફળ પ્રયાસો -(2 / 2):

- ચતુરાઈ વાપરીને સતપંથી દસ અવતારના અરબી શબ્દોના અર્થને હિંદુ / ભારતીય ભાષાઓમાં સમજાવ્યા.
- પુસ્તકના લેખને ગુજરાતી ભાષામાં, લોકો (ખાસ કરીને ક.ક.પા. જ્ઞાતિ) સમક્ષ એવી રીતે રજુ કરવાનું શરૂ કર્યું, કે જાણે તે પુસ્તકો સાચા હિંદુ ધર્મનાજ હોય. તેમાં મહંદ અંશે સફળતા પણ મળી.
- એમની દલીલ હતી કે ભાષા ફક્ત વાત પહોંચાડવાનું એક માધ્યમ છે. ભલે સાહિત્યોના મૂળમાં અરબી શબ્દો વાપરીને તૈયાર કરવામ આવ્યા હોય, પણ તેઓ હમેશા હિંદુ ધર્મનાજ સાહિત્યો છે. સાહિત્યોના શબ્દો બદલાવતી વખતે ચતુરાઈ વાપરીને મૂળ ઇસ્લામી મૂલ્યો સાથે કોઈ છેડછાડ નહોતી કરી.
- તેમના દસ અવતારમાં સંસ્કૃત શ્લોકાના ખોટા અર્થઘટન રજુ કર્યા અને તેના દ્વારા ઇસ્લામી મૂલ્યોને આમેજ/શામેલ કરી દેવામાં આવ્યા.
- ઇસ્લામી મૂલ્યોને સાચવવાનો એક જ્વલંત પુરાવો; જેમ કે, તેમના પુસ્તકમાં તેઓએ ગાયની હત્યાને પણ વાજબી/ન્યાયી ગણવાની હિંમત દેખાડી દીધી. જુઓ "ગૌ મેધ યજ્ઞ", દસ અવતારના પાના નં ૩૪૮ માં.
- તેમના તરફથી થયેલ ઘણી કોશિશો કરવાં છતાં, તેઓ સતપંથને હિંદુ ધર્મ તરીકે રજુ કરવામાં નિષ્ફળ રહ્યા. તેઓ ફક્ત જુજ અનુયાયીઓનેજ સાચવી/મનાવી શક્યા.

229

... પીરાણા સતપંથમાં અશાંતિ

4) 1973 કોર્ટ કેસ:

- વર્ષ ૧૯૭૩માં એક બીજો કોર્ટ કેસ દાખલ કરવામાં આવ્યો. ૧૯૩૯ના કોર્ટ કેસમાં આપેલ નિર્ણય ઉપર ફેર બદલ કરવા માટેની અરજી કરવામાં આવેલ હતી. ત્યાર બાદ વર્ષ ૧૯૭૬માં એ કેસ, ગુજરાત હાઈ કોર્ટ સામે રજુ થયો (Case no: First Appeal No. 172 of 1976).
- તેઓએ કોર્ટ સામે રજૂઆત કરી હતી કે ઈમામ શાહ, જન્મથી મુસલમાન હતા અને મર્યા ત્યાં સુધી મુસલમાન રહ્યા. તેઓ રોજ નમાઝ પડતા હતા અને ક્યારેય હિંદુ સંત નહોતા.
- તેની સામે સતપંથીઓએ રજૂઆત કરી કે ઈમામ શાહ નિષ્કલંકી નારાયણને માનતા હતા, જે ભગવાન વિષ્ણુનો ૧૦મો અવતાર છે. ઈમામ શાહના દીકરા નર મોહમ્મદ શાહને આદી વિષ્ણુ તરીકે અને તેમની માતાને આદ શક્તિ તરીકે માનવામાં આવે છે.
- કોર્ટે કાઢેલા નિષ્કર્ષ માં સ્પષ્ટ જણાવ્યું કે સૈય્યદો (એટલે સતપંથીઓના ધર્મ ગુરુ) હમેશા ધર્મથી મુસલમાન હતા અને વધુમાં એમ પણ કહ્યું કે ટ્રસ્ટમાંથી મળતાં હક્કના પૈસા અને અન્ય લાગાઓ આપવા માટે તેઓ સતપંથી હોવા જોઈએ એ જરૂરી નથી.
- અનુયાયીઓ મુજવણમાં પડી ગયા અને કોની વાતનો ભરોસો કરવો તેની ખબર નહોતી પડતી.
- અનુયાયીઓની સંખ્યા ભયાનક, નીચલા સ્તરે આવી ગઈ હતી અને સાથે-સાથે સંસ્થાની આર્થિક પરિસ્થિતિ પણ પાયમાલ થઈ ગઈ હતી.

230

4.6 નવનિર્મિત તાકિયા

કરસન કાકાને ગાદી પર બેસાડીને પીરાણાને સજીવન કરવાના પ્રયાસો

231

નવનિર્મિત તાકિયા ...

1. પુષ્ઠભૂમિ (Background):

- ૧૯૩૦ અને ૧૯૯૦ વચ્ચેના થોડાજ દાયકાઓમાં, કચ્છના ઈમામ શાહી પાટીદારોની બહુમતી ધરાવતા સતપંથી ગામોમાં શાનદાર પરિવર્તન થયાં.
- ગામે ગામે પરંપરાગત સતપંથી (જુના) "ખાના"ઓની (ઈસ્માઈલી "જમાત ખાના" નું ટૂંકું નામ) બાજુમાં, નવાં "નિયમિત" હિંદુ લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરો બંધાયા.
- જે સંખ્યામાં લોકો સતપંથ છોડવા લાગ્યા, એ પીરાણાના સુત્રધારો માટે બહું મોટી ચિંતાનો વિષય બની ગયો.
- આ સમયે, સજ્જાદ નશીનનો દાવો કરનાર શમશુદ્દીન ખાકી, જે પોતાને પીર અને છુપા ઈમામનો મુખ્ય ઉત્તરાધિકારી હોવાનો દાવો કરતો હતો, તેણે પાછી તાકિયાની રીત અજમાવાનું શરૂ કરી દીધું.
- આગાઉ સ્લાઈડ 192 થી 194માં જણાવ્યા પ્રમાણે, જે સતપંથીઓને, ઈમામ શાહની ગાદીની પરંપરા (કહેવાતી હરિવંશ પરંપરા) નો અંત થઈ ગયો હોવાની ખબર નથી, તેવા લોકો અંધ વિશ્વાસ રાખીને તેમને માને છે.
- પોતાના પાટીદાર મિત્રોની મદદ લઈને, પોતાના જુના મિત્ર, પટેલ કરસન અરજણ છાભૈયાને "કાકા"ની ગાદી પર બેસાડી દીધા.

232

... નવનિર્મિત તાકિયા ...

2. નવનિર્મિત તાકિયા - (1 / 3):

- સતપંથનું અસ્તિત્વ ખતરામાં જોઈને, ગુપ્તી સમુદાયના નેતા એટલે મુખ્ય કાકા, એટલે કબરના મુજાવર કે રખેવાળે, પીરઝાદા શમસુદ્દીન બાવા ખાકી (સજ્જાદ નશીનનો દાવો કરનાર)ના માર્ગદર્શન હેઠળ, સતપંથમાં **બાહ્ય** હિંદુવાદી સુધારા કરવાનું શરૂ કર્યું.
- આનો હેતુ એટલોજ હતો કે સતપંથના અનુયાયીઓને સનાતની ભાઈઓની નિંદા ન સહવી પડે. અને સતપંથને મુસ્લિમ ધર્મ સમજીને છોડીને ગયેલા અનુયાયીઓ પાછા સતપંથમાં વળે.
- આના કારણે “ગુપ્તી”ઓ (જે લોકો પોતાની ધાર્મિક ઓળખ છુપાવતા હોય છે) પોતાની ઓળખ એક રૂઢીવાદી હિંદુ તરીકે હોવાનો મજબુત દાવો કરી શકે અને ઇસ્લામનો કોઈ પ્રભાવ ન હોવાનું પણ કહી શકે.
- તેમના નવા બંધાયલા “*ખાનાઓ*”નો આકાર પણ એક પરંપરાગત હિંદુ મંદિરોના જેવો આપવામાં આવ્યો. તે ખાનાઓના નામ વિષ્ણુના ૧૦માં અવતાર આધારિત “*નિષ્કલંકી મંદિર*” તરીકે હિંદુ નામ રાખવામાં આવ્યા.
- તેવીજ રીતે પીરાણાની દરગાહનું નામ બદલીને “*સમાધી*” રાખવામાં આવ્યું. અને પીરાણાને “*પ્રેરણા પીઠ*”નું નામ આપવામાં આવ્યું. કાકાને “*મહારાજ*” તરીકે સંબોધવાનું શરૂ કર્યું.

233

... નવનિર્મિત તાકિયા ...

2. નવનિર્મિત તાકિયા - (2 / 3):

- જાણકાર અને વિદ્વાન સતપંથીઓને “ગીનાન” ફરીથી લખવાનું નાજુક કામ આપવામાં આવ્યું, જેના ભક્તિમય ગીતોમાં ઇસ્લામી શબ્દો અને સંદર્ભોને બદલાવીને તેની જગ્યાએ હિંદુ શબ્દો મુકવામાં આવ્યા.
- હાલના પીરનો દાવો કરનાર શમશુદ્દીન ખાકીના સ્વર્ગસ્થ પિતા અહમદ અલી ખાકીએ સતપંથ પર લખી છપાવેલા પુસ્તકો અને લેખો પર પ્રતિબંધ મુકવામાં આવ્યો. અને ઉપર જણાવ્યા પ્રમાણે ફરીથી લખાયેલા, (જુના પુસ્તકોનો મૂળ ઇસ્લામી સંદેશ બદલ્યા વગર), બાહ્ય હિંદુ રૂપ ધરાવતા, નવા પુસ્તકોનું જાહેરમાં પીરાણાના પુસ્તકાલયમાં પ્રદર્શિત કરીને તેનું વેચાણ કરવાનું શરૂ કર્યું.
- એક પ્રખ્યાત અને પ્રતિષ્ઠિત લેખક અને સંશોધનકાર, જેઓ ઈમામશાહીઓના લેખો પર અધિકાર ધરાવતા હોય એવું મનાય છે, તેવા આ લેખક, સંયોગ વશ, કચ્છના એક ગામમાં, સતપંથના જૂના ધાર્મિક સાહિત્યોને, બાહ્ય હિંદુ રૂપ આપવાનું કામ કરતા એવા એક વ્યક્તિને પણ મળ્યાં હતા.

234

અમુક બદલાવોના દાખલાઓ

જુની પરિભાષા	નવી પરિભાષા
હુસૈનના પરિવારમાં	હરિવંશમાં
અલી શાહ / નર મોહમ્મદ શાહ	નિષ્કલંકી નારાયણ
શાહ / ઈમામ	સાહેબ / હરી / વિષ્ણુ
મસ્જીદ / ખાનું / જગ્યા	મંદિર
સદ્દીન	સહદેવ
કુદરતી ધર્મ	મહા ધર્મ
ખુદા	નિષ્કલંકી
કબર	સમાધી
વફાત પામીયા	સમાધી લીધી
સાહેબજી	પરમાત્મા

235

ફેરફારોને કેવી રીતે સમજાવવામાં આવ્યા?

- ભાષાતો ફક્ત વિચારોની આપલે કરવાનું એક માધ્યમ છે, આ સિદ્ધાંતની મદદ લેવામાં આવી.
- મોટા ભાગના અનુયાયીઓ અરબી ભાષાને મુસલમાનો સાથે જોડે છે અને તેનાં કારણે અસુવિધા અનુભવે છે. બીજી કોમ સામે અરબી ભાષાના શબ્દો ધરાવતા ધર્મની વાતો કરવામાં શરમાય છે. એટલે અરબી શબ્દોને હટાવીને હિંદુ/ભારતીય શબ્દો મૂકી દેવાંમાં આવ્યા છે. જો આ બદલાવો ન કરત તો મોટા ભાગના અનુયાયીઓ સતપંથને છોડી દેત, જે સતપંથને પોસાય તેમ નહોતું.
- બીજી બાજુ, ઇસ્લામ માટે લાગણી ધરાવતા પક્ષના સતપંથ અનુયાયીઓ માટે એમ સમજવામાં આવ્યું કે... કોની પૂજા કરો છો એ મહત્વનું છે ન કે કઈ ભાષામાં કરો છો. "નિષ્કલંકી નારાયણ" કહો કે "અલી" કહો, કોઈ ફરક પડતો નથી. બન્ને "અલ્લાહના" નામ છે. આ હિંદુ દેવોના નામ નથી. આવી રીતે સમજાવીને ઇસ્લામના મૂળ તત્વોને પાછળના દરવાજે ઘુસાડવાનું સુનિશ્ચિત કર્યુ છે.
- આવી રીતે સમજાવ્યા બાદ કોઈ સતપંથી જો ન સમજે અને જૂના/અસલી પુસ્તકો અને વાતો પકડી રાખે, તો તેને એવો જવાબ આપવામાં આવે છે કે; જો તમને એમ લાગતું હોય કે મૂળ શબ્દો નહોતા બદલવા, તો મૂળ પુસ્તકો વાંચવાથી તમને કોણ રોકે છે? મૂળ પુસ્તકો વાંચોને. આમ કાસમ પણ ખુશ અને કાનજી પણ ખુશ.

236

... નવનિર્મિત તાકિયા ...

2. નવનિર્મિત તાકિયા - (3 / 3):

- ગુજરાતમાં હિંદુ રાષ્ટ્રીયતાની ભાવના મજબુત હોવાના કારણે પીરાણા પરંપરાને બચાવવાના હેતુથી આ ફેરફારો કરવામાં આવ્યા.
- "અધિકુત" રીતે કરેલાં ફેરફારો/બદલાવો તાકિયાના કારણે કરવામાં આવેલ છે.
- તાજા ફેરફારોના કારણે, એવું જોવામાં આવ્યું છે, કે સતપંથી સમાજની નવી પેઢી આ ફેરફારોને તરતજ સ્વીકારી લે છે, જેના કારણે તેઓ સનાતની ભાઈઓ સાથે એકતા અને સહકાર જાળવી શકે. સાથે-સાથે "હિંદુ વાદી" પરિસ્થિતિમાં રાહત અનુભવી શકે.
- આના પરિણામે નવયુવાન વર્ગ, સતપંથનો ઇસ્લામ સાથે સંબંધ છે, તે હકીકતથી સંપૂર્ણ રીતે અજાણ છે.

237

... નવનિર્મિત તાકિયા ...

3. મૂળ ઓળખને ટકાવવી – (1 / 2):

- મક્કમ પણે હિંદુ દેખાવ અપનાવીને, સાહિત્યો અને ક્રિયાઓમાં "ફેરબદલ" કરવાનું મુખ્ય કારણ સતપંથની આગવી ઓળખ ટકાવી રાખવાનો પ્રયત્ન હતો.
- શમશુદ્દીન ખાકીએ, એવા સમયે કે જ્યારે અનુયાયીઓની સંખ્યા ચિંતા જનક રીતે ઘટતી હતી, ત્યારે હિંદુત્વના હિમાયતીઓ દ્વારા થતી ટીકાને અટકાવીને, સતપંથનું અસ્તિત્વ સુનિશ્ચિત કર્યું.
- આ કોશિશ કંઈ સહેલી નહોતી. સર્કસની કળાબાજીમાં સંતુલન જાળવવા જેવું કઠીન કામ હતું. એક બાજુ સતપંથને હિંદુ રૂપ આપવાનું કામ હતું ત્યારે બીજી બાજુ તેની આગવી ઓળખ સચવાઈ રહે (હિંદુ ધર્મમાં ભળી ન જાય) તેનું ખાસ ધ્યાન રાખવાની જરૂર હતી.
- બીજી બાજુ, તેમના પિતા, અહમદ અલી ખાકી દ્વારા છપાયેલા પુસ્તકો અને લેખોએ તેમનું કામ સહેલું કરી દીધું હતું. કારણ કે તે લેખોને "હિંદુ" સંદર્ભ વાપરીને પહેલાંથીજ તૈયાર કરવામાં આવેલ હતા.

238

... નવનિર્મિત તાકિયા

3. મૂળ ઓળખને ટકાવવી – (2 of 2):

- મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ ૧૯૫૦ હેઠળ પીરાણાનું ટ્રસ્ટ કેટેગરી "E" માં નોંધાયેલું હોવાના કારણે કરસન કાકાને મદદ મળી. અક્ષર "E" માં બિનસાંપ્રદાયિક સંસ્થાઓને નોંધવામાં આવે છે. એટલા માટે, અધિકૃત રીતે, સતપંથની ક્રિયાઓ ચોખ્ખી મુસ્લિમ અને ચોખ્ખી હિંદુ ક્રિયા છે એમ ન કહી શકવાનું તેમને કારણ મળી ગયું.
- ૧૩-૦૮-૧૯૯૮ના કરસન કાકા સામે દાખલ થયેલા એક કોર્ટ કેસમાં જવાબ આપતા કરસન કાકાએ રજૂઆત કરી હતી કે પીરાણામાં પૂજા કરવા હેતુ ભગવાનના ત્રીઆયામી (મૂર્તિઓ) ચિત્રો નથી લગાડવામાં આવ્યા. જે ચિત્રો છે, તે ફક્ત સજાવટ માટેજ છે.
- હિંદુઓના ધાર્મિક અને પૂજ્ય "ૐ" ચિન્હનું બેવડું અર્થ ઘટન કરીને સતપંથી પુસ્તકોમાં એવી રીતે છાપવામાં આવ્યું કે હિંદુના ૐ ને જમણેથી ડાબી બાજુ વાંચે તો, અરબી શબ્દોમાં, "અલી" વંચાય (જુવો સ્લાઈડ નં. 37નો ફોટો).
- તાકિયાના સિદ્ધાંતો પ્રમાણે, સુધારાઓ ફક્ત બાહ્ય હતા. સાચી ઓળખ ક્યારેય પણ બદલવામાં આવી નહોતી.
- રણનીતિ બહુ સરળ હતી. તાકિયા વાપરીને એવી પરિસ્થિતિ નિર્માણ કરવી, કે જેમાં જ્યારે જોઈએ ત્યારે સતપંથને હિંદુ ધર્મ સાથે જોડી શકાય અને જરૂર જણાય ત્યારે ઇસ્લામનો ભાગ પણ બતાવી શકાય. સાહિત્યો અને ક્રિયાઓમાં બેવડું અર્થ ઘટન કરી, જરૂર પ્રમાણેનો અર્થ ઉભો કરી હિંદુ કે મુસ્લિમ ધર્મ સાથે જોડી શકાય.

239

હિંદુ ધાર્મિક નેતાઓની ભૂમિકા

- તાકિયાની મદદથી, વર્ષ 1931માં, સૈય્યદ અહમદ અલી ખાકી, ઇસ્લામી ધારણાઓને વેદિક તત્વો સાથે જોડવામાં એટલા સફળ રહ્યા કે હિંદુ મહાસભાએ સતપંથને શંકા મુક્ત કહી વેદિક ધર્મ હોવાનું જાહેર કર્યું.
- ૧૯૯૦ થી ૨૦૦૦ વચ્ચેના દાયકામાં સતપંથીઓ દ્વારા, તાકિયા વાપરીને, સાધુ સંમેલનો પણ આયોજીત કરવામાં આવ્યા. અને તેમાં તેમને મહદ અંશે સફળતા પણ મળી.
- ત્યાર પછી અવિચલદાસ મહારાજ જેવા અમુક હિંદુ ધાર્મિક નેતાઓએ પીરાણા સતપંથને એક હિંદુ પંથ તરીકે જાહેર કર્યો.
- પણ એવું સાંભળવા મળે છે કે, હિંદુ નેતાઓએ કહેવાતા આ પ્રમાણ પત્રો અમુક શરતોને આધીન આપ્યા હતા. તે શરતો હતી કે પીરાણાના સંચાલકોએ પંથને હિંદુ ધર્મ તરફ વાળવો અને સતપંથને ઇસ્લામ તરફ જતાં અટકાવવો.
- પણ હિંદુ ધાર્મિક નેતાઓને પીરાણા દ્વારા તાકિયાના થતા પ્રયોગની જાણ ન હોવાની પૂરે પૂરી સંભાવના દેખાય છે. અને વાસ્તવમાં હિંદુ ધાર્મિક નેતાઓ તાકિયાના શિકાર થયા છે એવું ચોખ્ખુ દેખાઈ આવે છે.
- આના કારણે કાકાનો બન્ને પક્ષો સાથે સારો સંબંધ જળવાઈ રહ્યો. હિંદુઓ તેમના કામને પસંદ કરવાં લાગ્યા અને તેમને સાથ આપવા લાગ્યા. ત્યારે બીજી બાજુ, મુસ્લામનોને ખબર હતી કે કાકા તાકિયાનો પ્રયોગ કરી રહ્યા છે. એટલે હાલની પરિસ્થિતિ થોડા દિવસ માટેજ છે. જ્યારે હિંદુઓનું દબાણ ઓછું થઈ જશે, ત્યારે તેઓ પાછા ઇસ્લામી મૂળ તરફ વળી જશે.

240

4.7 અ.ભા.ક.ક.પા. સમાજની ઉદારતા અને તેની સાથે દગો

અ.ભા.ક.ક.પા. સમાજના સદસ્યોની લાગણીનો દુરઉપયોગ

241

અ.ભા.ક.ક.પા. સમાજ સાથે દગો ...

1. અ.ભા.ક.ક.પા. સમાજની ઉદારતા:

- 1980ના દાયકાના અંતસુધીમાં લગભગ સંપૂર્ણ ક.ક.પા. જ્ઞાતિ હિંદુ ધર્મ અપનાવી ચુકી હતી.
- બાકીના બચી ગયેલા જુજ સતપંથીઓને હિંદુ ધર્મમાં ભેળવવા માટે અ.ભા.ક.ક.પા. સમાજ ના લોકોએ ઉદાર નીતિ અપનાવીને તેમને દિલથી આવકાર્યા. સમાજના અન્ય લોકોના સંપર્કમાં આવીને જલદીથી પોતાનો સતપંથ ધર્મ છોડી દે, અને પોતાના ભાઈઓ પોતાનાથી અલગ ન રહી જાય તેવી ઉચ્ચ ભાવના રાખીને સતપંથીઓને સમાજમાં સાથેજ રાખવામાં આવ્યા.
- દૂર્ભાગ્યવશ અ.ભા.ક.ક.પા. સમાજના નેતાઓને તાકિયાની કોઈ જાણકારી નહોતી. આ કારણે સતપંથીઓ તાકિયા પાળે છે તે વાતથી તેઓ સંપૂર્ણ રીતે અંધારામાં રહ્યા. બાહ્ય હિંદુ દેખાવના કારણે તેઓ છેતરાઈ ગયા. સતપંથીઓ ફેરફાર કરીને હિંદુ ધર્મમાં ભળી જવાનો પ્રયત્ન કરી રહ્યા છે એમ સમજીને તેઓ નિશ્ચિંત થઇ ગયા.
- સમાજના સાધારણ સભ્યને પણ આવુંજ લાગતું હતું. સતપંથીઓ હિંદુ ધર્મ અપનાવવાના સાચા રસ્તા પર ચાલી રહ્યા છે અને જલદીથી હિંદુ બની જશે એમ સમજી રહ્યા હતા. કોઈએ સતપંથીઓ પર શંકા ન કરી.

242

... અ.ભા.ક.ક.પા. સમાજ સાથે દગો ...

2. સામાજીક સંબંધો ફરી સ્થાપ્યા:

- જ્યારે સનાતનીઓની કે હિંદુઓની નવી સમાજ રચાઈ, ત્યારે સતપંથીઓ સાથે દીકરીની લેવડ દેવડ સહિતના બધા સામાજીક સંબંધો કાપવામાં આવ્યા હતા. તે સંબંધો ફરીથી ચાલુ કરી દેવામાં આવ્યા.
- 1980ના દાયકાના અંતમાં રહી ગયેલા સતપંથીઓને સમાજમાં ભેળવવાના હેતુ થી, અ.ભા.ક.ક.પા. સમાજના લોકોએ ઉદાર નીતિ અપનાવીને કપાયેલા સામાજીક સંબંધો ફરીથી જોડવાનું શરૂ કર્યું.
- અ.ભા.ક.ક.પા. સમાજની ઉદાર નીતિના કારણે સતપંથીઓ પર સમાજ વિશ્વાસ મુકવા લાગી.
- સતપંથીઓને પણ સમાજનો એક ભાગ ગણવામાં આવવા લાગ્યા. બીજા હિંદુ સભ્યોના જેટલું તેમને પણ માન સન્માન મળવા લાગ્યું.

243

... અ.ભા.ક.ક.પા. સમાજ સાથે દગો ...

3. સમાજ ઉપર પરોક્ષ નિયંત્રણ:

- પણ સતપંથીઓએ ચતુરાઈથી એક રણનીતિ બનાવી અને તે પ્રમાણે ધીરે-ધીરે અ.ભા.ક.ક.પા. સમાજની ("સમાજ") સંસ્થાઓમાં પગ પેસરો કરતા ગયા. જલદીથી કેન્દ્રીય સમાજ અને ગામ સ્તરની સમાજોમાં પણ ઉચ્ચ હોદ્દાઓ ભોગવવા લાગ્યા.
- ષડયંત્ર એટલું ઊંડું હતું કે સમાજના સનાતની નેતાઓની તાકાત અને કમજોરીની નોંધ લેવાતી.
- સનાતની નેતાઓની કમજોરીનો ફાયદો લઈને, તેમના ખરાબ સમયમાં તેમને મદદ કરીને, તેમને પરોક્ષ રીતે સતપંથના શેહમાં લઈ લેવામાં આવતા.
- તેમની શેહમાં આવેલા સનાતની નેતાઓ તેમનો વિરોધ નહિ કરી શકે, તેથી સતપંથીઓ પરિસ્થિતિનો ફાયદો લેવા લાગ્યા. અ.ભા.ક.ક.પા. સમાજને નબળી કરી દેવાનો તેમનો છુપો કાર્યક્રમ ચોરીછુપીથી આગળ વધારવા લાગ્યા.
- પરિસ્થિતિ એટલી વણસી ગઈ હતી કે સમાજ અને સમાજના નેતાઓ (સનાતની નેતાઓ) પરોક્ષ રીતે સતપંથીઓના નિયંત્રણમાં આવી ગયા.

244

... અ.ભા.ક.ક.પા. સમાજ સાથે દગો ...

4. ચતુરાઈ ભર્યો પ્રચાર (1/2):

- અ.ભા.ક.ક.પા.સમાજ ઉપર નિયંત્રણ ધરાવતા સતપંથી નેતાઓ હમેશા પીરાણા સતપંથ અને તેની સંસ્થાઓ સાથેજ વફાદાર રહ્યા.
- અ.ભા.ક.ક.પા.સમાજ નબળી થતી ગઈ, પણ સતપંથીઓ પીરાણા સતપંથની સંસ્થાઓમાં ધાર્મિક અને સામજિક પ્રગતિ કરતા ગયા. જ્યારે બીજી બાજુ અ.ભા.ક.ક.પા. સમાજમાં બેઠેલા તેમના માણસો સનાતનીઓની પ્રગતિ અટકાવવાના પૂરે પુરા પ્રયાસો કરતા રહ્યા.
- સમાજમાં પરોક્ષ નિયંત્રણ મેળવ્યા બાદ, તેઓએ સમાજ અને ધર્મ જુદા હોવાનો નવો સિદ્ધાંત ઊભો કર્યો. સમાજમાં દરેક વ્યક્તિને કોઈ પણ ધર્મ પાળવાની છૂટ છે તેવી વાતો કરવાં લાગ્યા.
- આવા બનાવટી સિદ્ધાંતની મદદથી, સમાજમાં કોઈને પણ ધાર્મિક મુદ્દાઓ ઉપાડવા દેવામાં આવતા નહિ. સતપંથીઓને જે જોઈતું હતું, તે મળવા લાગ્યું. આમ કરવાથી સનાતનીઓ પાસેથી તેમના ધાર્મિક પ્રચારો, ચિંતનો, વ્યથાઓ અને વાતો વગેરે રજુ કરવાનો મંચ પણ છીનવી લીવાયો.

<u>નોંધ:</u> આ વાત ભારતના સંવિધાન પ્રમાણેના મૂળભૂત અધિકારો (fundamental rights) અનુરૂપ ભલે લાગે. પણ જ્યારે લોકો એક જ્ઞાતિ અને એક ધર્મના આધારે ભેગા થઇ, પોતાની જ્ઞાતિના સભ્યોની સામાજિક, ધાર્મિક અને આર્થિક ઉન્નતી માટે, કોઈ સંસ્થા ઉભી કરે, જેની બુનિયાદમાં એકજ ધર્મના નિયમોનું પાલન કરવાનું હોય, ત્યારે આ સંસ્થામાં લોકોને કોઈ પણ અન્ય ધર્મ પાળવાની અનુમતિ હોતી નથી. સમાજના ધર્મને ન માનનારા લોકો ચાહે તો પોતાની અલગ સંસ્થા ઉભી કરી, તેમાં પોતાનો ધર્મ પાળી શકે છે. પણ આ સંસ્થામાં / સમાજમાં રહેવું હોય તો તેના બધાજ નિયમો પાળવા જરૂરી છે. લાયન્સ ક્લબ, રોટરી ક્લબ, સ્પોર્ટ્સ ક્લબ, મકાનની સોસાયટી જેવી સંસ્થાઓમાં કોઈ પણ ધર્મના લોકો હોઈ શકે, પણ સમાજમાં નહિજ.

245

... અ.ભા.ક.ક.પા. સમાજ સાથે દગો ...

4. ચતુરાઈ ભર્યો પ્રચાર (2/2):

- રણનીતિ બહુ સરળ હતી. સમાજમાં કોઈ પણ વ્યક્તિને કોઈ પણ ધર્મ પાળવાની છૂટ છે, એવી વાત ચલાવીને સમાજમાં ધર્મ વિષે શૂન્ય અવકાશ (vacuum) ઊભો કરી દેવો.
- જેથી કરી, સનાતનીઓ પાસે ધર્મનું મુખ્ય સ્થાન ન બચે. તેઓ ધાર્મિક મુદ્દાઓ પર મુજાઈ જાય ત્યારે તેમને કોઈ પણ અન્ય ધાર્મિક પ્રવાહમાં ભળાવી શકાય. આ રીતે નબળા બની જાય, વિભાજીત થાય અને પરિણામે કમજોર બની બેસી રહે.
- જ્યારે સમાજમાં આ કમજોરી વધી જાય, ત્યારે સતપંથ ધર્મને લોકો સામે ફરી રજુ કરી, તેમને સતપંથના પ્રવાહમાં ભેળવી દેવા.

246

... અ.ભા.ક.ક.પા. સમાજ સાથે દગો ...

5. પ્રચારની અસર:

- ચતુરાઈથી બનાવેલ રણનીતિ અને પ્રોપગંડા કામ કરી ગયાં. સનાતનીઓના હિતની વાત કરવાવાળાઓ સખત દબાણમાં આવતા ગયા. સમાજ અને ધર્મ જુદા છે એવી વાતો કહીને ઘણી વખત સનાતનીઓને સમાજમાં બોલવા પણ ન દેવાતું.
- સનાતનીઓ પાસે પોતાની વાત રજુ કરવા માટે કોઈ મંચ ન રહેવાના કારણે, તેઓના મનમાં ક્રોધ, બેચૈની અને નારાજગી ઉકળવા લાગી.
- બીજી બાજુ સતપંથીઓ પાસે પોતાના ધાર્મિક ઉદ્દેશોને પાર પાડવા માટે તેમની સંસ્થાઓ તૈયાર હતી. તેની મદદથી પોતાના ધાર્મિક કામો પુરા કરતા રહ્યા. ધાર્મિક મુદ્દા પર સનાતનીઓ લગભગ મુક પ્રેક્ષક બનીને બેસી રહ્યા.
- જે લોકો સનાતનીઓના હિતનું કામ કરતા હતા, તેમનું મનોબળ તોડવા માટે, તેમના સામે ખોટી પોલીસ ફરિયાદો અને ખોટા કોર્ટ કેસો દાખલ કરવામાં આવતા.

247

... અ.ભા.ક.ક.પા. સમાજ સાથે દગો ...

6. રમેશભાઈ (રમણીકભાઈ) વાઘડીયા સાથે એક ક્રૂર ઘટનાનો દાખલો:

- વર્ષ 2005માં રમેશભાઈ વાઘડીયાએ, નારાયણ રામજી લીંબાણીના મહાન પુસ્તક "પીરાણા સતપંથની પોલ અને સત્યનો પ્રકાશ"માં થી અમુક મુખ્ય લેખોના ચોપાનિયા/પેમ્પલેટમાં છપાવ્યા અને તેવાં પેમ્પલેટોને તેમના ગામના લોકોમાં વિતરિત કર્યા. સ્વાભાવિક છે કે સતપંથીઓને આ વાત પસંદ ન પડી.
- સતપંથીઓએ કાવતરું રચીને એક ખોટો કેસ પોલીસ અને કોર્ટમાં નોંધાવ્યો. તેમાં તેઓએ એવો દાવો કર્યો કે બેંગલોર (બેનગલુરુ)માં રહેવા વાળા રમેશભાઈ, તેમના પિતા અને તેમના દાદા પીરાણામાં જઈને ધાક ધમકી આપી અને માર કૂટ કરી. સતપંથીઓએ પોતાનો કેસ વધુ મજબુત કરવા માટે તેઓએ રાતો રાત પોતાના સમર્થક, એવા ખોટા સાક્ષીઓ, પણ ઉભા કરી લીધા.
- પણ વાસ્તવમાં આ વાઘડીયા પરિવારના કોઈ પણ સદસ્ય ક્યારેય પીરાણા ગયાજ નથી.
- રમેશભાઈને પાઠ ભણાવવા માટે, તેમના પરિવારને ખોટી રીતે સંડોવીને, તેમને સતાવવાના દુષ્કૃત્ય પાછળનો મુખ્ય ઉદ્દેશ, સમાજના સામાન્ય વર્ગને એક કડક સંદેશો આપવાનો હતો, કે જો તમે અમારી સામે થશો, તો તમારા પણ ભૂંડા હાલ થશે. પણ જોશમાં હોશ ખોઈ બેઠા અને ભૂલી ગયા કે રમેશભાઈના દાદા તે વખતે ૯૭ વર્ષના છે. જે ઉમરમાં ચાલી ન શકાય, તે ઉમરમાં તેઓએ માર પીટ કરી? અને તે પણ ૧૫૦૦ કી.મી. દૂર જઈને?
- કોઈ પણ માણસના મનમાં ગુસ્સો આવે અને આશ્ચર્ય ઊપજાવે એવો આ સત્ય દાખલો / દૃષ્ટાંત છે.

248

... અ.ભા.ક.ક.પા. સમાજ સાથે દગો ...

7. અ.ભા.ક.ક.પા. સમાજ લગભગ પાંગળી:

- આ સમય દરમ્યાન ખોટી પોલીસ ફરિયાદો અને કોર્ટ કેસોની સંખ્યા ચિંતાજનક સ્તરે પહોંચી ગઈ. ગામે ગામથી ખોટા કેસોના અસંખ્ય દાખલાઓ મળવા લાગ્યા. બધા કેસો પાછળ મુખ્ય હેતુ સનાતનીઓને હેરાન પરેશાન કરી તેમના મોઢા બંદ કરાવવાનો હતો.
- ખોટી પોલીસ ફરિયાદો અને કોર્ટ કેસો દાખલ કરવાનો કોઈ મોકો છોડવામાં ન આવતો કે જેથી સમાજમાં એવો ડરનો સંદેશ મોકલી શકાય કે... **સતપંથની સામે થશો તો આવા હાલ થશે.**
- લોકોમાં ભયનું વાતાવરણ ઉભું કરવામાં તેઓ મહદ અંશે સફળ પણ રહ્યા. આના કારણે સનાતનીઓમાં કોઈ પણ જગ્યાએ સતપંથની વાત આવે તો લોકોની પ્રતિક્રિયા એવી થવા લાગી કે "જવાદોને કોણ માથાકૂટ કરે અને સતપંથીઓ સામે દુશ્મની કોણ વહોરે?".
- કોઈના સાથ વગર, સનાતનીઓ અસહાયતા અનુભવ કરવા લાગ્યા. સનાતનીઓની કેન્દ્રીય સમાજ લગભગ નિષ્ક્રિય બની ચુકી હતી. લોકોને સમાજનું ગૌરવ અને સક્રિયતા પાછી લાવવા માટે કોઈ રસ્તો સુઝતો નહોતો.

249

... અ.ભા.ક.ક.પા. સમાજ સાથે દગો

8. દગો સંપૂર્ણ હતો:

- ગામે ગામમાં સતપંથના અત્યાચારોની વાતો થતી. પણ કોઈનામાં તેની સામે બોલવાની હિમ્મત અને તાકાત નહોતી.
- સતપંથીઓને માન અને પ્રેમ સાથે પોતાનામાં ભેળવવાની "સદભાવના" જે સનાતનીઓએ ઉદાર નીતિ અપનાવીને દેખાડી હતી, તેનાં બદલામાં તેમને દગો મળ્યો. તેમની પીઠ પાછળ ખંજર ભોકાયું હતું.
- સહનશીલતા અને ઉદારતાનો જે રસ્તો અપનાવ્યો હતો તેનો સતપંથીઓએ સનાતનીઓને કમજોર કરવા માટે ગેરઉપયોગ કર્યો.
- *સમય બદલાઈ ગયો હતો. રણનીતિ બદલવાની જરૂર જણાવા લાગી.* પૂજ્ય ઓધવરામ મહારાજની પ્રેરણાથી રતનશી બાપા તેમજ તેમના સાથીદારોએ, જે "સદભાવના" વાળી અસરકારક રણનીતિ અપનાવી હતી અને તેના પગલે વડીલોએ જે સતપંથીઓ માટે સમાજના "દરવાજા" "ખુલ્લા" રાખ્યા હતા, તે દરવાજાઓને હંમેશને માટે "બંદ" કરવાનો સમય આવી ગયો હતો.

250

4.8 મવાળ

(એક સમાજ દ્રોહી વ્યક્તિ)

સનાતની સમાજમાં સનાતની બનીને રહેતો સતપંથી

251

હવે આપણે જોઈશું કે સતપંથીઓ કોની મદદથી સનાતની સમાજમાં પોતાનું કામ કરાવતા...

જવાબ છે **“મવાળ”** ની મદદથી

252

"મવાળ" એટલે કોણ?...

"મવાળ" એટલે કોણ? (1/4):

- અહીં, "મવાળ" એવા વ્યક્તિને કહેવામાં આવે છે કે જે બાહ્ય રૂપે એક પાકો "સનાતની" હોવાનો દેખાવ કરતો હોય, પણ અંદરથી સતપંથીજ હોય. તેનું મુખ્ય કામ, સનાતનીઓની સાથે રહીને સતપંથ વિષય પર સનાતનીઓમાં ભાગલા પડાવવા.
- સરળ ભાષામાં કહીએ તો "મવાળ" એટલે કે એક સનાતન સમાજ દ્રોહી વ્યક્તિ, જે "સતપંથીઓનો દલાલ/વકીલ/જાસૂસ" બની સનાતની સમાજને અંદરથી ઉધઈની જેમ કોરી ખાઈને પાંગળી બનાવી દે.
- આવા મવાળોને ઓળખવું બહુ અઘરું હોય છે. તેમ છતાં આવા વ્યક્તિને તેની વાતો પરથી ઓળખી શકાય. એક મવાળની "મવાળવાદી" વાતોમાં નીચે મુજબના અમુક લક્ષણો જોવા મળશે;

1. **હું પણ તમારા મતનોજ છું:** સતપંથ વિષે કોઈ પણ વાત શરુ કરવાથી પહેલાં એવું કહેશે કે હું પણ તમારા (એટેલે સનાતનીઓના) મતનો છું. તમે જાહેરમાં કામ કરો છો, હું અંદરો અંદર કામ કરું છું. *(એને ક્યારેક પુછજો કે તારા કામનું ફળ આજ સુધી કેમ નથી દેખાયું? સનાતનીઓના કામનું પરિણામતો જગ જાહેર છે. વાતો શિવાય તેં એવું શું કર્યું છે? જરા અમને સમજાવ તો ખરો?)*

253

..."મવાળ" એટલે કોણ?...

"મવાળ" એટલે કોણ? (2/4):

2. **ધર્મના નામે ઝગડા:** સમાજમાં ધર્મના નામે ઝગડા શા માટે?... સમાજમાં બધાને કોઈ પણ ધર્મ પાળવાની છૂટ છે... ધર્મના નામે ઝગડા ન થવા જોઈએ... હું માનવ ધર્મમા માનું છું... કોઈ સતપંથ પાળતો હોય તો આપણને શું વાંધો હોય?... વગેરે વગેરે. *(આવી ઢીલી નીતિની વાતો કરે.)*
3. **સુધારો થઈ ગયો:** હવે સતપંથમા પહેલાં જેવું મુસલામની નથી રહ્યું. સુધારા થઈ ગયા છે. પોતાને હિંદુ તરીકે ઓળખાવે છે. તેમના ધાર્મિક પુસ્તકો પણ બદલાઈ ગયાં છે. આપણે લક્ષ્મી નારાયણને, સત્ય નારાયણને, સ્વામી નારાયણને માનીએ છીએ, તેજ રીતે, તેઓં નિષ્કલંકી નારાયણને માને છે. તો આપણામાં અને એનામાં ફેર શું છે? *(પુસ્તકોમાં "અલી"નું નામ બદલીને "નિષ્કલંકી નારાયણ" લખ્યું હોય તો, તેથી તેમનો ભગવાન બદલતો નથી. તાકિયાના કારણે તેવો ભલે બાહ્ય રીતે બદલાવ કર્યો હોય કે પોતાને હિંદુ ઓળખાવતા હોય, પણ વાસ્તવમાં તેવો એક મુસલમાન ધર્મજ પાળે છે.)*
4. **ભાઈ ભાઈ:** સતપંથીઓ તો આપણાજ ભાઈઓ છે. આપણું લોહી એક છે. એને અલગ કેમ કરાય? *(લાગણી ભરી વાતો કરી, કે જેથી સનાતનીઓ લાગણીમાં આવીને ચુપ બેસી જાય. પણ સનાતનીઓ ભૂલી જાય છે કે "એક" સતપંથી પોતાના ધર્મ માટે તેના ભાઈઓ અને બાકીના પરિવારોને છોડી દેવા તૈયાર થઈ જાય છે, ધર્મ છોડતો નથી. ત્યારે ભાઈ ભાઈની વાતોને ક્યાં સ્થાન છે.)*

254

…"મવાળ" એટલે કોણ?…

"મવાળ" એટલે કોણ? (3/4):

5. **થોડો સમય આપો:** સતપથીઓને થોડો સમય આપો ભાઈ. ઘણા વર્ષોથી તેઓ સતપંથ પાળે છે. તો રાતો રાત સતપંથ કેમ છોડી શકે? *(સનાતની ચળવળને ૨૨૫ થી વધારે વર્ષ થયાં છે. હજી કેટલો સમય જોઈશે? જો તેઓ ગંભીર હોત તો હમણાં સુધી સતપંથ છોડી દીધો હોત.)*

6. **સંબંધો:** આપણો સતપંથીઓ સાથે રોટી બેટીનો સંબંધ છે. તેમની દીકરીઓ આપણા ઘરોમાં છે અને આપણી દીકરીઓ એ લોકોના ઘરોમાં છે. તો આપણે સગાંના સંબંધ કેવી રીતે કાપી શકીએ? *(પણ ભૂલી જાય છે કે જો આજે આ સતપંથ નામની કેન્સરની ગાંઠને સમાજમાંથી કાપીને બહાર નહિ ફેંકીએ, તો તે ગાંઠ વધી જશે, અને કાલે વધારે દીકરીઓને બલિદાન આપવાં પડશે. ભાર નવા સંબંધો ન જોડવા પર આપવો જોઈએ.)*

7. **મુસલમાન થઈ જશે:** જો તેમને સુધારવા હોય તો તેમને સાથે રાખવા જરૂરી છે. નહિ તો તેઓ આગળ જતાં મુસલમાન થઈ જશે. *(પણ સાથે રાખશો તો બીજા સનાતનીઓને બગાડશે, પોતે તો નહિજ સુધારે.)*

255

…"મવાળ" એટલે કોણ?

"મવાળ" એટલે કોણ? (4/4):

8. **એકતા - સંગઠન:** આપણે બધા એક છીએ. આપણી એકતા અને સંગઠન રહેશે તો સમાજ કોઈ પણ મુશ્કેલી સામે લડી શકશે. આજના જમાનામાં એકતા બહુ જરૂરી છે. પાણીમાં ધોકો મારો, તો પાણી અલગ ન થાય… વગેરે વગેરે. *(પાણીને જેમ ફીલટર (સાફ) કરાય, તેમ સનાતની સમાજ રૂપે આ પાણીને સાફ કરવું શું જરૂરી નથી? સનાતની સમાજ નાની મોટી જે રહે, પણ ચોખ્ખી તો રહેશે. જો સતપંથી વગરની સમાજ રહે, તો તેમાં એકતા તો રહેશેજ).*

9. **સતપંથને વખોડવાનું બંદ કરો:** મવાળો દ્વારા સનાતનીઓને કહેવામાં આવે છે કે હવે બસ થયું, સતપંથ વિષે લોકો હવે બધુજ જાણી ગયા છે. તેથી વિરોધ કરવાનું બંદ કરી આપણા સનાતન ધર્મની વિશેષતાઓનો પ્રચાર કરો. *(અરે ભાઈ શું બધાજ સતપંથીઓ અને સનાતનીઓ સત્ય અને અસત્ય સમજી ગયા છે? શું આખી જ્ઞાતિમાં સુધારો થઇ ગયો છે? સતપંથ સામેની લડત જીવંત રાખવી એ આપણા સનાતની અસ્તિત્વ માટે બહુજ જરૂરી છે. આમ કરવાથીજ આપણી યુવાન પેઢી ઇતિહાસથી વાકેફ રહી સતપંથીઓના તાકિયા સામે લડી શકશે.)*

- ઉપરોકત જણાવેલ મુદ્દાઓ તો ફક્ત નમુના રૂપે છે. એક મવાળની બધીજ વાતો પાછળ એક હેતુ હોયજ છે, અને એ છે કે ગમે તેમ કરીને સનાતનીઓને ટાઢા પાડી તેમને ઢીલા કરી દેવા, જેથી સતપંથીઓને કોઈ પણ નુકસાન ન થાય.
- સાથે સાથે મવાળોનું બીજું એક મહત્વનું કામ પણ હોય છે. અને એ છે કે સનાતનીઓની વાતો સતપંથીઓ સુધી પહોચાડવી. આમ કરવા માટે પોતે સનાતનીઓના સંપર્કમાં રહી અને તેમનો વિશ્વાસ જીતી (દા.ખ. સામાજિક કાર્યક્રમમાં મોટું દાન આપીને, પૈસાના જોરે), સનાતનીઓની વ્યૂહ રચના, રણનીતિ, વિચારો વગેરે જાણી લે અને ત્યાર બાદ, સનાતનીઓ સાથે દગો કરીને, તેમનીજ પીઠ પાછળ ખંજર ભોંકવાના રૂપે, આ માહિતી સતપંથીઓને આપે, જેથી સતપંથીઓ પૂર્વ તૈયારી કરે શકે.

256

- સતપંથીઓ આવા મવાળોના મદદથી અ.ભા.ક.ક.પા. સમાજને તોડવાનું કામ કરતા રહ્યા છે.

"મવાળો"ને કેવી રીતે અટકાવવા?

એક સવાલ રૂપે મહત્વનો મુદ્દો:

- સવાલ: સમાજમાં "મવાળો" આસાનીથી પોતાનું કાર્ય કેવી રીતે શકે છે? તેને અટકાવવા કેવી રીતે?
- જવાબ: ઊંડાણથી વિચારીએ તો આપણને આનો જવાબ મળી જશે. આપણે એક વાત સમજવી જરૂરી છે અને એ છે કે, મવાળો પોતાનું કામ કરે ત્યારે તેમને કોઈ પણ જાતનો ભય નથી હોતો. ન બદનામીનો કે ન એની સામે દંડાત્મક પગલાં લેવાનો ડર. આના લીધે તેવો બે ખોફ કામ કરે છે. એટલે સનાતનીઓ ને એક એવી સામાજિક વ્યવસ્થા ઊભી કરવી પડશે કે જેથી તેઓ મવાળોને સમાજના લોકો સામે ખુલ્લા પાડી શકે (દા.ખ. "મવાળ સામે જુવાળ" અભિયાન – જુવો ઈન્ટરનેટ પર www.realpatidar.com/a/category/mavaal) અને તેમનું સમાજનું સભ્યપદ પણ રદ્દ કરી નાખવું જોઈએ.

  પણ આવું કરે કોણ? અને ક્યારે કરે? એટલા માટે એક સમિતિ (ભરોસેમંદ કટ્ટર સનાતનીઓની) હોવી જોઈએ જે અમુક સમય અંતરે (દા.ખ. દર વર્ષે) સમાજના દરેક સભ્યોનું, સતપંથ વિષે વ્યવહારની તપાસ કર્યા બાદ, સભ્યપદ રિન્યુ (Renew) કરે. આવી રીતે લોકોને જવાબદારીનો અહેસાસ રહેશે અને ડર પણ રહેશે કે મારી હરકતોની કોઈક નોંધ લે છે અને જો હું સતપંથ વિષે ઢીલો વ્યવહાર રાખીશ કે પીરાણા દર્શન કરવા જઈશ કે સતપંથીઓ સાથે વ્યવહાર રાખીશ તો મારું સભ્ય પદ છીનવાઈ જશે. અને જો આમ થાય તો તેમના સામાજિક વ્યવહારો જેમ કે દીકરા દીકરીઓના સગપણ, સામાજિક ઉઠબેસ, માન મર્યાદા વગેરેમાં અવરોધ આવી જાય. હાલે તેમને આવો કોઈ ડર નથી એટલે સનાતની સમાજ સાથે વફાદાર ન રહે તોય તેમનો બધો વ્યવહાર બીના રોક ટોક ચાલે છે.

  એક વખત મવાળોને ડર લાગે કે જો તેઓ સનાતની સમાજ સાથે વફાદાર નહિ રહે, તો તેમને ભારો ભાર નુકસાન થશે, ત્યારેજ તેવો સનાતની સમાજ સાથે "સીધા" ચાલશે અને "વફાદાર" રહેશે. **પીઠ પાછળ ખંજર ભોંકવાવાળાઓ માટે ડરનો માહોલ ઊભો કરવો જરૂરી છે.**

257

4.9 અ.ભા.ક.ક.પા. સમાજમાં બીજી ક્રાંતિ

અત્યાચારો સામે બળવો

258

સમાજમાં બીજી ક્રાંતિ ...

1. ક્રૂરતા અને અત્યાચારો સામે ઉકળાટ:

- ખોટા કેસોના આધારે, સતપંથીઓ, સનાતનીઓનાં ભોગે પોતાનો ફાયદો કરવા લાગ્યા. સતપંથીઓના સામે લડવા માટે, કોઈ પણ બાજુથી કોઈ મદદ આવતી ન દેખાવાના કારણે, ગમે તેમ કરીને સનાતનીઓ કેસથી પીછો છોડાવવા માંગતા હતા.
- પદ્ધતિસરની સંસ્થાકીય મદદના અભાવે સનાતનીઓનું મનોબળ ભાંગવા લાગી ગયું હતું.
- વાતાવરણ એટલું ખરાબ થઈ ગયું હતું કે લોકો સનાતનીઓના હિતની વાત કરવાથી ગભરાવા લાગ્યા હતા.
- પણ ભાગ્યવશ લોકોએ પોતાના વિશ્વાસુ મિત્રો સાથે વાત કરવાનું ચાલું રાખ્યું અને તેમનો બળાપો મિત્રો સામે કાઢતા રહેતા.
- જલદીથી લોકોને ખબર પડી કે તેઓ એકલા નથી. બીજા લોકોની ભાવના અને વિચારો તેમના વિચારો સાથે મળે છે.
- લોકોના હૃદયની પીડા અને દુઃખ એવા સ્તર સુધી પહોચી ગયાં હતાં કે બસ લોકોના ક્રોધનો ભડકો થવાનીજ વાર હતી.


259


... સમાજમાં બીજી ક્રાંતિ ...

2. નિર્ણાયક બિંદુ (Turning point); પ્રમુખ સાહેબની ભૂલ:

- નવેંબર 2008માં અ.ભા.ક.ક.પા. સમાજના પ્રમુખને સતપંથીઓનું નખત્રાણામાં બંધાયેલ નવા “ખાના”ના (તાકિયાનાં કારણે આ ખાનાને નિષ્કલંકી નારાયણ મંદિર નામ દીધું છે) ઉદઘાટનનું આમંત્રણ મળ્યું. આ ખાનાનું બાહ્ય રૂપ એક પરંપરાગત હિંદુ મંદિર જેવું આપવામાં આવ્યું છે.
- પીરાણા સતપંથનાં કારણે ક.ક.પા. જ્ઞાતિની જે દૂર્ગતિ થઈ હતી તેનો ઇતિહાસ સાક્ષી છે. બન્ને નૈતિક અને તકનીકી કારણોસર પ્રમુખ સાહેબનું તે કાર્યક્રમમાં જવું બીનવ્યાજબી હતું. આવા સંજોગોમાં જો પ્રમુખ સાહેબ તે કાર્યક્રમમાં જાય, તો સામાન્ય જનતામાં ખોટો સંદેશો જાય, એમાં કોઈ બે મત નહોતો.
- આમંત્રણની જાણ થતાં, રતનશી બાપાના દીકરા હિમ્મતભાઈએ પ્રમુખ સાહેબને તે કાર્યક્રમમાં ન જવાની સલાહ આપી. તેમજ દેશભરનાં જુદી જુદી જગ્યાએ વસતા લોકોએ પણ પ્રમુખ સાહેબને ત્યાં ન જવાનો અનુરોધ કર્યો.
- પણ દુર્ભાગ્યવશ, લોકોની લાગણીનો અનાદર કરીને પ્રમુખ સાહેબ તે કાર્યક્રમમાં ગયા.

260


... સમાજમાં બીજી ક્રાંતિ ...
3. લોકોના ક્રોધ અને અસંતોષની જ્વાળા ફૂટી:
બીજી બાજુ લોકોના મનમાં સળગતો ક્રોધ અને અસંતોષની જ્વાળા ફૂટવાની અણી પર આવી પહોંચી હતી.
લોકોને એક નેતાની જરૂર હતી કે જે સતપંથના અત્યાચારો સામે તેમની ભાવના વ્યક્ત કરતો આવાજ કેન્દ્રિય સમાજ સુધી પહોચાડી શકે.
તા. ૦૭-૦૮-૨૦૦૯ (07th August, 2009) (i.e., 7/8/9)ના દિવસે શ્રી હિમ્મતભાઈ રતનશી ખેતાણીએ ૧૮ મીનીટનું હૃદયને ધ્રુજાવી દેતું ભાષણ, અ.ભા.ક.ક.પા. સમાજની જાહેર/જનરલ સભામાં કર્યું. તેમણે સમાજના નેતાઓ પર ચોખ્ખો આક્ષેપ કર્યો કે તેઓ સમાજને અવળે રસ્તે લઈ જઈ રહ્યા છે. અને સમાજના સ્થાપક સભ્યોએ જે કડી મહેનત અને લોહીનાં પાણી કરીને સમાજ ઉભી કરી છે, તેને તેઓ બગાડી રહ્યા છે.
હિમ્મતભાઈનું ભાષણ: હવે પછીની સ્લાઈડ માં...
સનાતનીઓના ક્રોધ અને અસંતોષ રૂપી જ્વાળાને નાની ચિનગારી મળી અને જ્વાળા તો બસ ભડકી ગઈ.
261


હિમ્મત રતનશી ખેતાણીનું તા. ૦૭-૦૮-૨૦૦૯ના (07-Aug-2009) નખત્રાણા ખાતે કેન્દ્રીય સમાજમાં કરેલું ઐતિહાસિક ભાષણ
૧૮મી કલમ... એ રીતિ રિવાજો માટે... થઈને કંઈ કહે છે...
આપણે હિંદુ છીએ. હિંદુ રિવાજો પાળવા જોઈએ.. બાહ્ય આચરણ

હિમ્મત રતનશી ખેતાણીનું તા. ૦૭-૦૮-૨૦૦૯ના નખત્રાણા ખાતે કેન્દ્રીય સમાજમાં કરેલું ઐતિહાસિક ભાષણ

૧૮મી કલમ... એ રીતિ રિવાજો માટે... થઈને કંઈ કહે છે... આપણે હિંદુ છીએ. હિંદુ રિવાજો પાળવા જોઈએ.. બાહ્ય આચરણ હિંદુઓનું હોવું જોઈએ. જો એનું પાલન ન કરીએ... તો શું થાય એના શું પ્રોવિઝન છે એ બધા રમેશભાઈએ વાંચીને સંભળાવ્યા. મને કહેતાં અત્યંત ખેદ છે... કે આપણા સમાજનું બંધારણ... જેના વડા પ્રમુખશ્રી હોય, એના સહયોગીઓ હોય... એમના દ્વારાજ જો એ કલમોનું ઉલ્લંઘન થતું હોય... તો પછી આ બંધારણની કલમોને કોણ પાળશે?

હવે હું તમને સમજાવું ઉલ્લંઘન કઈ રીતે થાય છે. ૧૮મી કલમમાં, ચોખ્ખું લખવામાં આવ્યું છે... કે હિંદુ રીતિ રિવાજો પાળવા. સતપંથ શબ્દની વ્યાખ્યા શું છે? ચોખ્ખું તમને સમજાઈ જશે કે એ ઈસ્માઈલી ધરમનો એક ભાગ છે. એ ઈસ્માઈલી ધરમથી અલગ નથી. ચોખ્ખું લખીને આપવામાં આવ્યું છે એની વ્યાખ્યા છે. મારી પાસે એના પુરાવા છે. એ સતપંથનો નારાયણ બાપાએ વિરોધ કર્યો અને નારાયણ બાપાને આપણે આદરની નજરથી જોઈએ છીએ એમની પૂજા કરીએ છીએ. અને બીજી બાજુ... એમણે જેનો વિરોધ કર્યો... જે મુસ્લિમ પીર... ઘણાં બધા હિંદુઓને વટલાવવા માટે થઈને જવાબદાર હતો... એ પીરનો એમણે વિરોધ કર્યો. અને આજે... એવા પીરના નામે ઉભા થતા મંદિરોને આપણે પ્રોત્સાહિત કરીએ છીએ. વાહ રે વાહ આ સમાજની બેવડી નીતિ... વાહ. કોઈ કહેવા વાળું નથી... કોઈ કહેવા વાળું નથી. સમજતા હોવા છતાં... કોઈ કહેવા વાળું નથી. કઈ રીતે શક્ય બને? હું હાથ જોડીને સવાલ પુછું છું... કે આ કઈ રીતે શક્ય બને? એક બાજુ નારાયણ રામજી લીંબાણીની તમે પૂજા કરો... બીજી બાજુ ઈમામ શાહના નામે ઉભા થતા મંદિરોમાં જ્યાં ઉમિયા માતાજીની છબી સાથે રાખવામાં આવે. અરે કેટલું ઘોર અપમાન થાય છે, જુઓ તો ખરા. તમને વંચાવું... મારી પાસે પહેલી બુક નથી, આજે નથી લઇ આવ્યો. મારી પાસે છે, બધા પુરાવા છે. આ નકલંકી નારાયણ... ઈમામ શાહ બાવા એના વિષે શું લખી ગયા છે... ઈમામ શાહ બાવાએ નકલંકી નારાયણનો જન્મ આજે વર્ષોથી થઈ ગયો છે એમ બતાવ્યું છે. એ બીજું કોઈ નથી, બાવાએ કહ્યું છે... કે બીજું કોઈ નથી, એ... હઝરત મોહમ્મદ પેગંબરના જમાઈ... હઝરત અલી... એજ નિષ્કલંકી નારાયણ છે. ડોકયુંમેન્ટ પર બતાવું તમને. આપણાં આદ્યશક્તિ... શક્તિ... એ કોણ છે? ઈમામ શાહ બાવાની વ્યાખ્યા પ્રમાણે... બીબી ફાતમા. શરમ આવવી જોઈએ શરમ... આપણને શરમ નથી આવતી બધું જાણતા હોવા છતાંય. એનું પારાવાર દુઃખ છે. કોઈ કહેવા વાળું નથી. આજે છેલ્લા ૪૦-૫૦ વરસથી... આ બધું ચાલ્યા કરે છે. કોઈ ઓબજેકશન (વિરોધ) લેતું નથી. અને આમારા જેવા બેવકૂફો... કોઈ વખતે ગુસ્સે થઈ જાય... તો ટાઢા પાડવામાં આવે. *અરે... હવે એવું નથી રહ્યું, હવે આવડા તપોમાં... પાણીમાં ધોકો હણો તો પાણી અલગ ન થાય... આપડે બધા એક છીએ...* કેમ એક છીએ? મને સમજાવો? આજે મુસલમાન પીરને માનવા વાળા સાથે હું એક કઈ રીતે.... ***ચાલો***

મુસલમાન પીરને એક્સેપ્ટ કર્યો (એટલે સ્વીકાર્યો) એક વાર, પણ કેવો પીર... એવો પીર કે જે મારા પૂર્વજોને વટલાવવા માટે થઈને કોશિશ પૂરી કરી ચુક્યો. પણ આ તો નસીબ હતાં... પૂરે પુરા મુસલમાન ન થયા... અડધેથી પાછા વળી આવ્યા. આજે લહેર કરી હોત... ખરું કહું રહ્યો... આ ડોહાએ બધાએ હુરે કરી નાખ્યા આપણને. લહેર કરતાં હોત આપણે. મિયાં થઈ ગયા હોત... આજે ફર્સ્ટ ક્લાસ મોજ કરતાં હોત આપણે. અહીંયા કુરાને શરીફની આયાતોનું પઠન થતું હોત... અલ્લાહ હો અકબર. ગાંડ ભીડીને રડું કરતાં હોત આપડે. બે શરમ માણસો.

મહેર બાની કરીને ખેલજોમાં, આ બહું દુઃખ થાય યું... *"ફરમાનજી બીસ્મીલ્લા હરરહેમાન નરરહીમ સતગોર પાત્ર બ્રહ્મા ઇંદ્ર ઈમામશાહ્ય આદી વિષ્ણુ નિરંજન નરઅલી મહંમદશાહ્ય તમારી દુઆ... હક લાએલાહ્ય ઇલ્લલ્લાહો મહંમદ્દર રસુલીલ્લાહે"*... વાહ રે હિંદુ વાહ... વાહ હિંદુ વાહ. આ રીતે પૂજા થતી. આપણે બેશરમો... આ રીતે પૂજા કરતા. આજેબી... છુપી રીતે... આજ પ્રમાણેની પૂજાઓ ચાલુ છે. આ એક ઇસ્લામ ધરમનો ફાંટો છે. ઇસ્લામના બે મેઈન પંથ... શિયા અને સુન્ની. આ શિયા ધરમનો ફાંટો છે. એ ફાંટાનું નામ નીઝારી... એ નીઝારીની અંદર બીજા ફાંટાઓ છે, એમાંનો આ સતપંથ. જે સતપંથ ધરમ પાળીને લોહાણાઓ ખોજા થયા, પાટીદારો મુમના થયા, હવે એજ સતપંથમાં આપણે છીએ. શરમ આવવી જોઈએ એવો ઇતિહાસ છે આપણો. ગૌરવ બૌરવ કંઈ નથી. ગૌરવ હવે આપવવાનું છે... સુધરીને. છેલ્લા ૪૦-૫૦ વરસથી આ વડીલોની મહેનત જે રંગ લાવી હતી... એના ફળ સ્વરૂપે... આપણે સુધર્યા. આપણે આજે વાદ વિવાદ કરીએ છીએ... ધર્મ બારામાં કે... રામાયણમાં આમ... મહાભારતમાં આમ... એની જગ્યાએ આપણે ઇસ્લામ ધર્મના બારામાં ચર્ચા કરતાં હોત. ખૈર બચી ગયા. પણ હવે ઈ બીજી બાજુ... વળગી રહેલા... આજ દિવસ સુધી... એ જુઠ્ઠી બુનિયાદ પર ઉભા થયેલા પંથને... આજ દિવસ સુધી વળગી રહેલા લોકોની સાથે... સબંધો શા માટે રાખવામાં આવે છે? અરે સંપ્રદાય હોઈ શકે... સંપ્રદાય એટલે હિંદુ ધર્મનો સંપ્રદાય. એમાં હોઈ શકે. આજે મને કહો... આપણો કોઈ દિવસ સ્વામીનારયણ જોડે ઝગડો થયો..? આર્ય સમજીઓ સાથે કોઈ દિવસ ઝગડો થયો..? નથી થયો. ઝગડો થાય... તો ફક્ત આ સતપંથીઓ સાથેજ કેમ થાય? કેમ થાય? આજે હિન્દુસ્તાનમાં... ઘણાં બધા ધર્મો અસ્તિત્વમાં છે. પણ રમખાણો થાય... ત્યારે હિંદુ અને મુસલમાન જોડેજ કેમ થાય? હિંદુઓને પારસીઓ જોડે કેમ નથી થતું? શું કામ? વિચાર કરો.. ગહન વિચાર માંગી લે છે. આ સંસ્કારો ખોટાં છે. ત્યાં આપણે જે ભટકાઇ ગયા હતા, ત્યાંના સંસ્કારો ખોટાં છે. એટલેજ નારાયણ બાપા જેવાએ એનો વિરોધ કર્યો. નહિતો કંઈ વાંધો નહતો, આપણે સતપંથ. આપણેતો ધરમ પાળવો અને પૂજા અર્ચના કરવીને... એમાં થોડું મુસલમાની તત્વ હોય તો એમાં શું ફેર પડે... મરવાદો... હાલો. પણ ના... એનો વિરોધ કર્યો. નારાયણ બાપાએ સખત વિરોધ કર્યો. અમારા બાપુજીએ સખત વિરોધ કર્યો. એનું કારણ આજ હતું. ઇસ્લામી વિચાર ધારા હતી. સમજી લેજો, ઇસ્લામી વિચાર ધારા હતી એનો આ વિરોધ છે. અને આજેબી

એવા આ ઇસ્લામી, જેને સંત કહેવામાં આવે છે, એ બાવાની પૂજા કરવાવાળાની જોડે, તમારું નથી જામતું એનું કારણજ આ છે. મહેરબાની કરીને આની નોંધ લેવી જરૂરી છે. આ સમાજની સ્થાપના કોણે કરી એ ઇતિહાસ સમજવો જરૂરી છે. કયા લોકોએ આમાં મહેનત કરી, કયા લોકોએ આ મિલકતો બધી ઉભી કરી... આ બધો વિચાર કરો... પછી જે નિર્ણય લેવાં હોય તે લો.

બાકી હવે એક વસ્તુ ધ્યાનમાં રાખવાની જરૂર છે. સમાજનો જે યુવા વર્ગ છે એ જાગૃત થતો જાય છે. પહેલાં ગરીબી હતી. લોકો દબાયલા હતાં. બોલી નહોતા શકતા. અમુક ખોટી રજુઆતો મંચ ઉપરથી થતી એને ચલાવી લેવામાં આવતી. વિરોધ નહોતો થતો. હવે લોકો નિર્ધન નથી રહ્યા, પૈસા આવી ગયા છે. પૈસાની સાથે ભણતરબી આવી ગયું છે. બુદ્ધિ આવી ગઈ છે. દલીલ કરવાની ક્ષમતા આવી ગઈ છે. એટલે તમે અને હું એમને બેવકૂફ નહિ બનાવી શકીએ. એને ગુમરાહ નહિ કરી શકીએ. વાદ વિવાદો સમાજમાં થતા રહેશે. એટલે બને ત્યાં સુધી સમાજમાં જે કોઈબી તમારા બંધારણો હોય, તમારા સંચાલનની પદ્ધતિઓ હોય, એને યોગ્ય રીતે રાખો, એને કાયદેસર બનાવવાની કોશિશમાં રહો. જે થી કરીને આવતી કાલે, કાયદાના વિદ્વાનોની સલાહ લઈને કામ કરવાની જરૂર છે. હું તમને દાખલો આપું, ગયા વખતે ચુંટણીની પ્રક્રિયા કરી તમે. આપણે ભારતના ખૂણે ખૂણે ઝોન બનાવી દીધા. એ ઝોનના સભ્યો અહીંયા હજાર થયા. તમે એમને કહ્યું, મોખિક રીતે... હજી સુધી મોખિક રીતે એમને માન્યતા અપાઈ છે. આજ દિવસ સુધી ઝોન સિસ્ટમને કાયદેસરતા મળી નથી. ધ્યાનમાં રાખજો. એને કાયદેસર માન્યતા આપવા માટે થઈને તમારે બંધારણ સુધારવું પડશે. હજી સુધી તમે બંધારણ નથી સુધાર્યું. તમારી ગયા વખતની ચૂંટણી પ્રક્રિયાને એક મીનીટમાં હું અટકાવી શકતો હતો. બધું સાંભળતો હતો. પણ મારે આખી સભાના જોડા નહોતા ખાવા. દેશ પરદેશમાંથી કેટલાય પ્રતિનિધિઓ બિચારા ગાંઠના ગોપીચંદ કરીને અહિયાં હજાર થયા હતા. હોંશે હોંશે આવ્યા હતાં, પહેલી વાર આવ્યા હતાં. અને બહું મોટી સંખ્યામાં હાજરી હતી. ખાસ કરીને ચુંટણીનું વર્ષ હોવાથી, ઉત્સાહ બહું હતો. એ ઉત્સાહનો ભંગ મારે નહતો કરવો. નહીતો ચુંટણીની પ્રક્રિયા એક મીનીટમાં બંધ થઈ શકે એમ હતી. હું છેલ્લે બેઠો'તો... મારી આદત પ્રમાણે હું છેલ્લે બેઠો હતો ત્યાં... સાંભળતો હતો બધું. આજ દિવસ સુધી ઝોનલ સિસ્ટમને માન્યતા કાયદેસર રીતે નથી મળી. આ બધું ધ્યાનમાં રાખવાની જરૂર છે. અને સત્વરે આ બધા કામ કરવાની જરૂર છે. આ ધાર્મિક બાબત અંગે સુસ્તી દેખાડવાનું હવે બંધ થવું જોઈએ. અને જે પક્ષપાત ભરેલું વલણ દેખાય છે, તે સત્વરે બંધ કરવાની જરૂર છે. હવે નહિ સાંખી લેવામાં આવે. અને હવે, હજી સુધી જો એ નીતિ ચાલુ રહેશે, તો પછી એના પરિણામો સારા નહિ આવે. હું તમને સાચી વાત કરું છું. લોકોમાં હવે બહુ સહનશીલતાની હદ્દ આવી ગઈ છે. હવે સહન નથી થતું. હવે સહન નહિ થાય. મહેરબાની કરીને આના પર તાત્કાલિક પગલાં લો.

તમે જે ભૂલો કરી છે, એનો તમને આજ દિવસ સુધી પશ્ચાતાપ નથી થતો, મનેતો એનું દુઃખ છે. તમે પોતે હોદેદારો થઈને, તમેજ બનાવેલ કાયદાઓનો ભંગ કરો છો.. તમે. જુઓ મે તમારું ધ્યાન દોર્યું છે. આ બાહ્ય આચરણો... મેં તમને સમજાવ્યું. પૂજા અર્ચના કરવી એ બાહ્ય આચરણોમાં છે અને જે મુસલમાન પીરના નામે બનતા મંદિરો હોય... અને મુસલમાન પીરને ઉમિયા માતાજીની સાથે બેસાડવામાં આવ્યા હોય... એવા મંદિરોની પ્રતિષ્ઠાઓમાં હાજરી દઈ એની શોભામાં અભિવૃદ્ધિઓ કરી એને પ્રોત્સાહન આપવાની આ સમાજના પ્રમુખને અને એમના સહયોગીઓને કોઈ જરૂર હોતી નથી. છતાંબી તમને વારવામાં આવ્યા હતાં. તમારું ધ્યાન દોરવામાં આવ્યું હતું. પણ કોણ જાણે કેમ, એ વખતે તમારી બુદ્ધિને શું થયું હતું? મને સમજણ નથી પડતી. તમારા પરિવારજનો... તમારા મિત્ર, નિકટના એકદમ.. સહયોગીયો, જેને તમારા પર ભારોભાર લાગણી હોય એવા લોકોએ તમને વાર્યા હતા. છતાંય તમે માન્યા નહિ અને તમે ત્યાં ગયા. બહુ દુઃખની વાત છે. તમે કાનૂનનો ભંગ કર્યો છે. સાચું પૂછો... એ હવે બંધ કરવા માંગુ છું મારી વાત, પરંતુ સાચું પૂછો તો આખો જે કેસ છે એ અવિશ્વાસની દરખાસ્તને લાયકનો કેસ છે. હું અત્યારે અવિશ્વાસની દરખાસત અને ઠરાવ અહીંયા રજુ કરી શકું એમ છું. પણ મારે એમ નથી કરવું. કારણકે આ રામજી કરમશી જેવો માણસ આ સમાજને નહિ મળે. કોઈ એબ નથી આ માણસમાં. આ માણસને બગાડવામાં આવ્યા. અહીંયા આગળ અમુક ભવાઈયાઓ છે. અહિયાં એવા કલાકારો છે, કે એનું માથું ફેરવી નાખ્યું. પાંડુરંગ શાસ્ત્રીનો ચુસ્ત અનુયાયી આ માણસ, એનું માથું ભ્રમિત કરી નાખવામાં આવ્યું. નારાયણ બાપાના સિદ્ધાંતોને વરેલો આ માણસ... એનું માથું ફેરવી નાખવામાં આવ્યું. વિરાણીનો આ દીકરો, જેનું અમને બધા વિરાણીવાસીઓને ગર્વ હોય, એવા માણસનું માથું ફેરવી નાખ્યું. આ ભવાઈયાઓએ ભાવાઈ કરી, નાટકો બતાવી એમનું માથું ફેરવી નાખ્યું. એનું મને પારાવાર દુઃખ છે. હવે મહેરબાની કરીને આમાં કોઈ સુધારો થાય... તો હું મારી જાતને ભાગ્યશાળી ગણીશ... કે મે અહીંયા આગળ બે શબ્દો તમારી સામે રજુ કર્યા, એમના કાને પડ્યા, અને એમાં કંઇક સારું થવાનું હશે, એવી આશા સાથે, હું અહીંયાથી રજા લેવાં માંગુ છું... અસ્તુ.

... સમાજમાં બીજી ક્રાંતિ ...

4. રમેશભાઈ વાઘડીયાની સમાજના પ્રાંગણમાં થયેલ ધરપકડ – (1 / 2):

- તા. ૨૭-૦૨-૨૦૧૦નાં કેન્દ્રિય સમાજના કાર્યાલયમાં રમેશભાઈની થએલી ધરપકડના કિસ્સાએ સનાતનીઓની ચળવળમાં તેજી લાવી દીધી. આ કિસ્સાના લીધે સંપૂર્ણ સમાજ જાગૃત થઈ ગયો.
- જ્યારે આપણે આ કિસ્સા પાછળના સંજોગો અને થયેલ ખોટા નાટકો પર નજર કરીશું ત્યારે આપણને આ ધરપકડવાળા કિસ્સાનું મહત્વ સમજાશે.
- હિમ્મતભાઈનું તા. ૭-૮-૨૦૦૯નું ભાષણ થયા પછી જ્ઞાતિના (સમાજમાં નહિ, કારણકે સતપંથ સમાજ જુદી છે) બન્ને પક્ષો વચ્ચે સમજૂતીના પ્રયાસો થવા લાગ્યા.
- બન્ને જુથમાં સમજુતી થાય, એટલે સમાધાન કરવા માટે, સતપંથીઓ અને સનાતનીઓ વચ્ચે તા. ૨૭-૦૨-૨૦૧૦નાં મિટિંગ બોલવામાં આવી.

263

... સમાજમાં બીજી ક્રાંતિ ...

4. રમેશભાઈ વાઘડીયાની સમાજના પ્રાંગણમાં થયેલ ધરપકડ – (2 / 2):

- એક બાજુ રમેશભાઈને સમજુતીની મિટીંગમાં બોલાવીને બીજી બાજુ પોલીસને તૈયાર કરવામાં આવી. અમદાવાદથી ખાસ પોલીસને લઇઆવીને સતપંથીઓના નખત્રાણાના નવા "ખાના"માં (નિષ્કલંકી નારાયણ મંદિર)માં તેમને ઉતારો આપવામાં આવેલ હતો. આખો દિવસ પોલીસ ત્યાં આરામ કરતી રહી.
- દિવસ પુરો થવાની અણીએ આવ્યો, ત્યાં સુધી રમેશભાઈ પોતાની વાતને મક્કમતાથી મિટિંગ સમક્ષ રજુ કરવામાં સફળ રહ્યા હતા. સ્વાભાવિક છે કે સતપંથીઓ તેમની વાતથી ઘેરાઈ ગયા હતા. એટલે લગભગ સાંજના ૫:૦૦ વાગે અમદાવાદથી બોલાવેલી પોલીસએ મિટિંગ રૂમમાં આવીને રમેશભાઈની ધરપકડ કરી.
- આશ્ચર્યની વાત એ છે કે પોલીસના પહોચવાથી પહેલાં બીનબોલાવેલા પીરાણા સતપંથના, જુદા-જુદા ગામોમાંથી, ૨૦૦ જેટલા સતપંથીઓ અગાઉથીજ આવી પહોચ્યા હતા. આ વાતોથી એક પૂર્વ-નિયોજીક પ્રપંચની ગંધ આવે છે અને જાણે કે આ સતપંથીઓને પોલીસ કાર્યવાહીની પહેલીથીજ જાણ હતી એવું સ્પષ્ટ સમજી શકાય છે.
- ખરેખર શરમની વાત છે કે સમાજના એકાદ બે નેતાઓ સિવાય, બાકી બધા સંકટની આ ઘડીએ, તે સ્થળેથી ગાયબ થઇ ગયા.

264

... સમાજમાં બીજી ક્રાંતિ ...

5. સંબંધોમાં કાપ – (1 / 3):

- હવે સતપંથીઓનો ઈરાદો એક આંધળાને પણ સાફ દેખાવા લાગ્યો.
- એક બાજુ સમાજમાં શાંતિ અને એકતાની વાતો કરે અને બીજા બાજુ હાથ મરોડવાની રણનીતિ અપનાવે.
- રમેશભાઈની કેન્દ્રિય સમાજના પ્રાંગણમાં થયેલી ધરપકડના કિસ્સાએ સાબિત કરી આપ્યું કે કેન્દ્રિય સમાજના ઉચ્ચ અધિકારત્વ માટે સતપંથીઓને કોઈ સન્માન નથી.
- જ્યારે આ વાતની ખબર, અગ્નિની જ્વાળાની જેમ, ફેલાઈ ત્યારે દેશભરમાંથી સતપંથીઓ સાથે હંમેશ માટે બધા સંબંધો કાપી નાખવાના કડક પગલાં લેવાની માંગણી થવા લાગી.
- સનાતની સંસ્થાઓના ઘણા સભ્યો ખુલ્લે આમ આવીને આ વ્યાજબી અને સાચી માંગનું સમર્થન કરવા લાગ્યા.

265

... સમાજમાં બીજી ક્રાંતિ ...

5. સંબંધોમાં કાપ – (2 / 3):

- અ.ભા.ક.ક.પા. સમાજના નેતાઓએ પરિસ્થિતિની ગંભીરતા સમજીને અને લોકોની લાગણીઓ જાણીને ખુબ ઊંડો વિચાર કર્યા પછી તા. ૨૫ માર્ચ ૨૦૧૦ના એક શ્વેત પત્ર બહાર પાડ્યું. તેમાં ચોખવટ કવામાં આવી કે આ સમાજ સનાતનીઓ દ્વારા, સનાતનીઓના હિત માટે ઉભી કરવામાં આવી છે. તેમાં સતપંથીઓને કોઈ સ્થાન નથી.
- અ.ભા.ક.ક.પા. સમાજે તેમના બંધારણમાં વધુ ખુલાસા સૂચવતા ફેરફારો કરી નાખ્યા. તા. ૦૭ મે ૨૦૧૦ના અ.ભા.ક.ક.પા. સમાજના સભ્યોની એક જાહેર (જનરલ) સભા બોલાવામાં આવી. જેમાં જંગી ૨૫,૦૦૦ થી પણ વધારે માણસો હાજર હતા. આ સભામાં, બંધારણમાં વધુ ચોખવટ કરતા ફેરફારો પસાર કરવામાં આવ્યા. તેમાં ખાસ કરીને, કે આ સમાજ ફક્ત સનાતનીઓની હતી, છે અને ભવિષ્યમાં પણ રહેશે એવી ચોખવટ થઈ ગઈ. અપેક્ષા વિપરીત આ બંધારણીય ફેરફારો નિરવિરોધ અને સર્વાનુમતે પસાર થઈ ગયા.

  (નોંધ: સાધારણ રીતે, સમાજની જાહેર સભાઓમાં ૨૦૦૦થી વધારે માણસોની હાજરી નથી હોતી. આ સભામાં ૨૫૦૦૦ની જંગી સંખ્યામાં લોકોની હાજરીથી, ચોખ્ખું થઈ જાય છે કે સામાન્ય માણસને પોતાના ધર્મ પ્રત્યે કેટલી કાળજી છે અને તેનાં માટે તેમના નેતાઓને સમર્થન આપવાની તેમને કેટલી ચિંતા છે.)
- બધા સંબંધો કાપવામાં આવ્યા અને સતપંથ સામે કડક વલણ અપનાવવાની નીતિ અપનાવામાં આવી.

266

... સમાજમાં બીજી ક્રાંતિ ...

5. સંબંધોમાં કાપ – (3 / 3):

- હિમ્મતભાઈ અને તેમના સાથીદારોએ અગણિત સભાઓ ભરવાનું ચાલું રાખ્યું. જ્યાં જાય ત્યાં તેમને એક નાયકનો આવકાર મળવા લાગ્યો. તેમને લોકો તરફથી ખુબ સમર્થન મળ્યું.
- તેમની મહેનતના કારણે આજે પણ સનાતની ચળવળની ગતિ જળવાઈ રહી છે.
- જલદીથી સનાતનીઓની ભારતભરના જુદા જુદા પ્રાંતોની સ્થાનિક સંસ્થાઓએ પણ સતપંથીઓને બાકાત કરવાના ઠરાવો, બંધારણો પસાર કર્યા. લગભગ બધીજ સંસ્થાઓમાં આવા ઠરાવો / ફેરફારો નિરવિરોધ અને સર્વાનુમતે પસાર થયાં. કોઈક જગ્યાએ વિરોધ થયો હોય, તો પણ, પ્રચંડ બહુમતીના જોરે સનાતન તરફી ઠરાવો / ફેરફારો પસાર કરવામાં આવ્યા.

267

... સમાજમાં બીજી ક્રાંતિ ...

6. સતપંથીઓ જિદ્દ પરજ દૃઢ (1 / 3):

- પણ સતપંથીઓએ પોતાની જિદ્દ ન છોડી. પોતાનો વટ રાખવા માટે એક પીઠ પાછળ ઘા કરવા જેવું કામ તેઓએ કર્યું. ગમે તેમ કરીને વધારાના ચેરીટી કમિશનર, રાજકોટ પાસેથી સમાજની તા. ૦૭-૦૫-૨૦૧૦ની સામાન્ય સભા અને કાર્યક્રમમાં "કચ્છના કડવા પાટીદારોનો ઇતિહાસ" નામના પુસ્તકના અનાવરણ પર રોકનો આદેશ લઈ આવ્યા.
- શરમની વાત છે કે વધારાના ચેરીટી કમિશનરે એક વિવાદભર્યો આદેશ બહાર પડ્યો. કાયદાના જાણકારોનું માનવું છે કે કમિશનરે આવી કોઈ પણ સત્તા વગર આદેશ બહાર પડ્યો છે. તેમને કાયદાના આર્થીક મુદ્દાઓ માટેની કલમોનો ઉપયોગ, સભા અટકાવવા અને ઇતિહાસ ગ્રંથનું વિમોચન અટકાવવા જેવાં, બીન-આર્થીક કામો માટે કર્યો છે.

268

... સમાજમાં બીજી ક્રાંતિ ...

6. સતપંથીઓ જિદ્દ પરજ દ્રઢ (2 / 3):

- તા. ૦૭ મે ૨૦૧૦ના બોલાવેલ જાહેર સભા પછી, આયોજિત તા. ૧૨ મે ૨૦૧૦ના સ્વર્ણિમ મહોત્સવ કાર્યક્રમમાં સમાજના પંચમ અધિવેશન દરમ્યાન, અમુક મુઠ્ઠીભર સતપંથીઓએ એજ નિયમોનો વિરોધ કર્યો જેને સમાજે અગાઉ મિટિંગમાં સર્વાનુમતે પસાર કર્યા હતા.
- તેઓએ ડખો ઊભો કર્યો અને પ્લાસ્ટિકની ખુરસીઓ હવામાં ઉડાડીને મહોત્સવ બગાડવાનો પ્રયત્ન કર્યો. પણ હાજર પોલીસ તરતજ દોડી આવી અને પરિસ્થિતિને કાબુમાં કરી લીધી. આ ઘટનાનું વીડીઓ રેકોર્ડીંગ પણ થયેલ છે.
- એટલું બધું થઈ જવા પછી પણ આ લોકોએ સનાતનીઓ સામે ખોટી પોલીસ ફરિયાદ નોંધાવી. અને કાર્યક્રમ બગાડવાનો આક્ષેપ સનાતનીઓ પર કર્યો. પણ અંદરો અંદર તેઓ માને છે કે ખરા ગુનેગાર તો તેઓ પોતેજ છે. સાચી વાત સમજવા છતાં, સનાતનીઓને હેરાન પરેશાન કરવાના હેતુંથી આ ખોટી ફરિયાદ નોંધાવી છે.
- આ ફરિયાદમાં મજાની વાતતો એ છે કે કોઈ સનાતની પોતાનાજ સનાતની કાર્યક્રમને શા માટે બગાડે? કોઈ પણ સામાન્ય માણસ પણ આ વાત સમજી શકે કે હમેશની જેમ, સતપંથીઓએ હડહડતું જુઠ્ઠાણું અને બીન બુનિયાદી ફરિયાદ નોંધાવી છે.

269

... સમાજમાં બીજી ક્રાંતિ ...

6. સતપંથીઓ જિદ્દ પરજ દ્રઢ (3 / 3):

- સનાતનીઓ સામે ખોટી પોલીસ ફરિયાદ નોંધાવવાનો સીલસીલો ચાલતોજ રહ્યો. આજ સુધી ધર્મ પ્રેરિત ખોટા કેસો ઘણી જગ્યાએ નોંધાવેલા છે. નોંધ ન લેવાયલા ઘણા કેસોની વાતો વારંવાર સંભાળવા મળે છે.
- આ બધી વાતો અહીં જણાવવા પાછળનો મકસદ એટલોજ છે, કે વાચકોનું ધ્યાન એ વાત પર લઇ જવું છે કે સતપંથીઓ તેમના કર્મથી દર્શાવે છે કે તેઓને તેમનાથી થયેલા ખોટા કામનો કોઈ પણ પશ્ચાતાપ નથી થતો.
- તેઓને હિંદુઓની ઓળખ રાખવી છે અને મુસલમાની નીઝારી ઈસ્માઈલી ધર્મને વફાદાર રહેવું છે. તેવો ઇસ્લામ ધર્મના હિત માટે “તાકિયા” પાળે છે.

270

... સમાજમાં બીજી ક્રાંતિ

7. સનાતનીઓની સાચી ક્રાંતિ:

- સનાતનીઓ સારી રીતે જાણે છે કે ભવિષ્યમાં પણ તેમના લોકોને, ખોટી પોલીસ ફરિયાદો અને કોર્ટ કેસોની મદદથી, હેરાન પરેશાન કરીને તેમનું મનોબળ તોડવાની કોશિશો ચાલતીજ રહેશે.
- સતપંથીઓની રણનીતિ એ હશે કે જ્યારે તેમને એવું લાગે કે કોર્ટનો ચુકાદો પોતાની વિરૂદ્ધ જશે, ત્યારે ભાવનાત્મક અપીલ કરીને કે પછી, શાંતિ અને સંઘઠનની વાતો કરીને કે પછી, ભાઈ ભાઈની ફરજની આદર્શવાદી વાતો યાદ કરાવીને કે પછી મિત્રો, સગા સબંધી અને એવાં પરિવાર પાસેથી દબાણ લઇ આવીને, ગમે તેમ કોર્ટ બહાર સમજુતી કરી લેશે. જેના થકી તેમનો કાયદાકીય ટ્રેક રેકોર્ડ અબાધિત જળવાઈ રહે.
- આજ સુધી તેઓએ સનાતનીઓ વિરૂદ્ધ આ હથિયારનો ભરપુર ઉપયોગ કર્યો છે અને ભવિષ્યમાં પણ કરતા રહેશે તેનાં વિષે કોઈજ શંકા નથી.
- પણ પરમાત્માની કૃપાથી, સનાતનીઓએ તેમની સામે થતી ખોટી પોલીસ ફરિયાદો અને કોર્ટ કેસોની બીક સામે મજબુત પ્રતિરોધક શક્તિ ઉભી કરી લીધી છે. તેમનો યુવાવર્ગ બહું ભણેલો ગણેલો છે. જેના કારણે તેમને શક્તિ અને આત્મવિશ્વાસ મળે છે.
- સનાતનીઓનો આત્મવિશ્વાસ, સમાજ પ્રત્યે તેમની પ્રતિબદ્ધતા (commitment) અને તેમના જાહેર પ્રવચનો ચોખ્ખું દર્શાવે છે કે તેઓએ આ સચ્ચાઈનો સ્વીકાર કરી લીધો છે અને છેલ્લો માણસ જીવે ત્યાં સુધી લડવા માટે તેઓ તૈયાર છે.
- આ ક્રાંતિ કાયમ માટે છે.

271

4.10 આશંકાઓ

ખરો ભય શાનો છે?

272

ખરો ભય શાનો?...

- હાલની ક.ક.પા.જ્ઞાતિમાં ઉદભવેલી બીજી ક્રાંતિના પરિણામે, સમય જતાં, સતપંથીઓ હિંદુઓથી અલગ પડી જશે અને તેમની હિંદુ ઓળખ ખતરામાં આવી જશે.
- ત્યાર બાદ ધીરેધીરે, તેમની મૂળ ઓળખ "મુમના મુસલમાન" તેમના ઉપર હાવી થઈ જશે.
- એક વખત તેમની આ ઓળખ પ્રસિદ્ધ થઈ જશે ત્યારે, એ પંથ હિંદુ ધર્મની પકડથી છુટીને, તેઓના મૂળ ઇસ્લામી ધર્મ તરફ વળી જશે.
- જે રીતે મૂળ સતપંથી ખોજાઓ, ધીરેધીરે મૂળ ઇસ્લામ તરફ વળી ગયા, તેમ પીરાણા સતપંથ પણ તેમના પગલે ચાલીને મૂળ ઇસ્લામમાં ભળી જશે.

273

ખોજા કોમે કેવો રસ્તો અપનાવ્યો?

- વર્ષ 1975માં, પેરિસમાં, આગા ખાનની આગેવાની હેઠળ, એક અધિવેશન યોજાયું અને તેમાં એવો ઠરાવ પસાર કર્યો કે જેના કારણે તેમના ધાર્મિક ગીનાનોને નીચે જણાવેલ ત્રણ ભાગમાં વિભાજીત કરવામાં આવ્યા;

1. **સમસ્યા રહિત:** જે ગીનાનમાં "હિંદુ તત્વો" ન હોય તેવાં અને ખાનાઓ (જમાતખાનાઓ)માં તેમનું રટણ કરી શકાય.
2. **થોડા હિંદુ તત્વો:** જે ગીનાનોમાં થોડા હિંદુ તત્વો હોય, તેવાં તત્વોને હટાવીને તેમની જગ્યાએ ઇસ્લામી તત્વો મૂકી દેવા. જેમ કે "હરી"ની જગ્યાએ "અલી", "ગુર", "પીર" વગેરે.
3. **બહું ઘણા હિંદુ તત્વો:** સતપંથીઓના પ્રખ્યાત "દસ અવતાર" ઉપર આના કારણે કાયમ માટે પ્રતિબંધ મુકવામાં આવ્યો.

